અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ જૂન ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ વદ ૯ | અંક : ૩૪૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભારતીય ભાષાઓના મહત્વ પર ભાર મુક્યો

# હવે એ દિવસ દૂર નથી જ્યારે દેશમાં અંગ્રેજી બોલનારાઓને શરમ આવશે : અમિત શાહ

## અમિત શાહે ભારતીય ભાષાઓને દેશની આત્મા અને ઓળખ ગણાવી, કહ્યું કે વિદેશી ભાષાઓ ભારતને સમજવા માટે પૂરતી નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભારતીય ભાષાઓના મહત્વ પર ભાર મૂકતા એક મોટું નિવેદન આપ્યું છે. નવી દિલ્હીમાં ભૂતપૂર્વ IAS અધિકારી આશુતોષ અગ્નિહોત્રીના પુસ્તક મૈં બૂંદ સ્વયં, ખુદ સાગર હૂં ના વિમોચન દરમિયાન, અમિત શાહે જણાવ્યું કે, "હવે એ દિવસ દૂર નથી જ્યારે અંગ્રેજી બોલનારાઓને શરમ આવશે." તેમણે ભારપૂર્વક કહ્યું કે ભારતીય ભાષાઓ દેશના આત્મા અને સાંસ્કૃતિક ઓળખનું પ્રતીક છે, અને હવે સમય આવી ગયો છે કે આપણે આપણા ભાષાકીય વારસાને ફરીથી અપનાવીએ અને વિશ્વ સમક્ષ ગર્વથી આગળ વધીએ. ગૃહમંત્રી શાહે સ્પષ્ટપણે કહ્યું કે ટૂંક સમયમાં ભારતમાં એવો સમાજ બનાવવામાં આવશે, જેમાં અંગ્રેજી બોલનારાઓ પોતાને શરમ અનુભવવા લાગશે. તેમણે ઉમેર્યું, "જેઓ વિચારે છે કે પરિવર્તન થઈ શકતું નથી, તેઓ ભૂલી રહ્યા છે કે ફક્ત દૃઢ નિશ્ચયી લોકો જ પરિવર્તન લાવી શકે છે." શાહે ભારતીય ભાષાઓને આપણી સંસ્કૃતિના રત્નો ગણાવ્યા અને કહ્યું કે તેમના વિના આપણે ભારતીય રહી શકતા નથી. અમિત શાહે ભારપૂર્વક જણાવ્યું કે વિદેશી ભાષાઓ ક્યારેય ભારત, તેના ઈતિહાસ, તેની સંસ્કૃતિ અને ધર્મને સંપૂર્ણપણે સમજવા માટે પૂરતી ન હોઈ શકે. તેમણે કહ્યું, "અધૂરી વિદેશી ભાષાઓ દ્વારા ભારતને સંપૂર્ણપણે સમજી શકાતું નથી. હું જાણું છું કે આ સંઘર્ષ સરળ નથી, પરંતુ મને સંપૂર્ણ વિશ્વાસ છે કે ભારતીય સમાજ ચોક્કસપણે આ યુદ્ધ જીતશે. આપણે આપણી પોતાની ભાષાઓમાં સ્વાભિમાનથી દેશ ચલાવીશું અને દુનિયાનું નેતૃત્વ પણ કરીશું." આ નિવેદન ભારતીય ભાષાઓના પુનરુત્થાન અને સ્વદેશી જ્ઞાન પરંપરાને પ્રોત્સાહન આપવાના સરકારના વ્યાપક દૃષ્ટિકોણનો એક ભાગ હોવાનું જણાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રજૂ કરાયેલા પંચ પ્રાણ (પાંચ સંકલ્પો)નો ઉલ્લેખ કરતા અમિત શાહે કહ્યું કે આજે આ ૧૩૦ કરોડ ભારતીયોનો સંકલ્પ બની ગયો છે.




### કોઈ પ્રશાસક સહાનુભૂતિ વિના શાસન કરે, તો તે શાસનનો વાસ્તવિક હેતુ ક્યારેય પ્રાપ્ત કરી શકતો નથી : શાહ

તેમણે કહ્યું, "વિકસિત ભારતનું લક્ષ્ય, ગુલામીની દરેક માનસિકતામાંથી મુક્તિ, આપણા ભવ્ય ભૂતકાળમાં ગર્વ, એકતા અને અખંડિતતા પ્રત્યે સમર્પણ અને નાગરિકોમાં ફરજની ભાવના આ પાંચ પ્રતિજ્ઞાઓ સાથે, આપણે ૨૦૪૭ સુધીમાં વિશ્વના ટોચ પર હોઈશું. અને આપણી ભાષાઓ આમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે." પુસ્તકના લેખક આશુતોષ અગ્નિહોત્રીના અનુભવો વિશે વાત કરતા ગૃહમંત્રીએ વહીવટી અધિકારીઓની તાલીમ પ્રણાલીમાં ફેરફાર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું, "આજે પણ આપણી વહીવટી તાલીમમાં સહાનુભૂતિ માટે કોઈ સ્થાન નથી, કદાચ આ બ્રિટિશ યુગની વિચારસરણીનો પ્રભાવ છે." શાહે ઉમેર્યું કે જો કોઈ પ્રશાસક સહાનુભૂતિ વિના શાસન કરે, તો તે શાસનનો વાસ્તવિક હેતુ ક્યારેય પ્રાપ્ત કરી શકતો નથી. તેમણે સાહિત્યની ભૂમિકા પર પણ ભાર મૂક્યો અને કહ્યું કે, "જ્યારે દેશ અંધકારમાં ડૂબેલો હતો, ત્યારે પણ સાહિત્યે આપણા ધર્મ, સ્વતંત્રતા અને સંસ્કૃતિની જ્યોતને પ્રજ્વલિત રાખી. સાહિત્ય એ સમાજનો આત્મા છે."

### અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હુમલાની મંજૂરી આપી

## મોટા યુદ્ધના ભણકારા, ઈરાન અને ઈઝરાયલના યુદ્ધમાં અમેરિકા ઝંપલાવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર હુમલો કરવાની યોજનાને મંજૂરી આપી દીધી છે. તેમણે અંતિમ આદેશની રાહ જોવાનું કહ્યું છે. ટ્રમ્પે તેમના વરિષ્ઠ સાથીદારો સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ દરમિયાન તેમણે હુમલા કરવાની મંજૂરી આપી હતી. ટ્રમ્પે સ્પષ્ટ કહ્યું હતું કે અંતિમ આદેશ પછી હુમલો કરવામાં આવશે અને આ દરમિયાન તેમણે ઈરાન તેના પરમાણુ કાર્યક્રમને છોડી દેવા માટે સંમત થાય છે કે નહીં તે જોવાનું કહ્યું હતું.એક જાણીતા અમેરિકન મીડિયાના અહેવાલમાં આ દાવો કરવામાં આવ્યો છે. તેમાં બેઠકમાં હાજર ત્રણ લોકો દ્વારા આપવામાં આવેલી માહિતીને ટાંકીને આ જાણકારી અપાઈ છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, "પ્રમુખ ટ્રમ્પને આશા છે કે ઈઝરાયલી હુમલાઓમાં અમેરિકાની



સંડોવણીના ભયને કારણે તેહરાન તેનો પરમાણુ કાર્યક્રમ છોડી દેશે." ઉલ્લખેનીય છે કે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઈ તેમની ધમકીઓને નકારી કાઢી ચુક્યા હતા અને ટ્રમ્પને ધમકી આપી હતી કે જો અમેરિકા ઈઝરાયલના હુમલામાં જોડાશે તો તેના "ખરાબ પરિણામો" આવશે. તેમણે કહ્યું કે ઈરાન ક્યારેય ઝૂકશે નહીં. તેમણે ચેતવણી આપી હતી કે કોઈપણ અમેરિકન લશ્કરી હસ્તક્ષેપનો સખત જવાબ આપવામાં આવશે, જેનાથી અમેરિકાને "ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન" થશે.

### કોંગ્રેસમાં મારા મતભેદ છે, પક્ષમાં જ ચર્ચા કરીશ : થરૂર



।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯।

ઓપરેશન સિંદૂર વિશેની સચોટ માહિતી વિશ્વ સુધી પહોંચાડવાના કેન્દ્ર સરકારના ડેલિગેશન મિશન બાદ કોંગ્રેસ સાંસદ શશિ થરૂર અને તેમના પક્ષ કોંગ્રેસ વચ્ચે અંતર સતત વધી રહ્યું છે. થરૂરે પણ સ્વીકાર્યું છે કે, અનેક મુદ્દાઓ પર તેમના વિચાર પક્ષથી અલગ છે. જેથી થરૂર અને કોંગ્રેસ વચ્ચે વધી રહેલું અંતર પક્ષ પલટાનો સંકેત આપી રહ્યું છે. હાલમાં જ શશિ થરૂરે મીડિયા સાથે વાતચીત કરતાં કહ્યું કે, હું છેલ્લા ૧૬ વર્ષથી કોંગ્રેસ સાથે કામ કરી રહ્યો છું. પક્ષની સાથે મારા કેટલાક મતભેદો છે.

### ઈરાનને અંજામ ભોગવવાની ચેતવણી ઉચ્ચારી

## ઈરાને સોરોકા હોસ્પિટલ પર મિસાઈલ હુમલો કરતા ઈઝરાયેલ લાલચોળ

। (એજન્સી) જેરૂસાલેમ, તા.૧૯ ।

ઈરાને ઈઝરાયેલની સોરોકા હોસ્પિટલ પર હુમલો કર્યા બાદ હવે ઈઝરાયેલી રક્ષામંત્રીએ ઈરાન પર નવા પ્રકારના હુમલા કરવાની જાહેરાત કરી દીધી છે. આ સાથે જ તેમણે ઈરાના સુપ્રીમ લીડર અયાતુલ્લાહ અલી ખામેનેઈના ખાત્માની ખુલ્લી ચેતવણી આપી છે. આ અગાઉ ઈઝરાયેલી પીએમએ પણ ઈરાનને અંજામ ભોગવવાની ચેતવણી ઉચ્ચારી છે.



રક્ષામંત્રી કેટ્ઝે કહ્યું કે દક્ષિણ ઈઝરાયેલમાં સોરોકા મેડિકલ સેન્ટર પર બેલિસ્ટિક મિસાઈલથી હુમલો કર્યા બાદ ઈરાનના નેતા અલી ખામેનેઈને વોર ક્રાઈમ માટે જવાબદાર ઠેરવવામાં આવશે. કેટ્ઝે ખામેનેઈને કાયર ગણાવતા કહ્યું કે, કાયર ઈરાની તાનાશાહ એક મજબૂત બંકરની અંતર બેઠા છે અને જાણી જોઈને ઈઝરાયેલમાં હોસ્પિટલો અને રહેણાંક ઈમારતો પર હુમલા કરાવી રહ્યા છે. તેમણે ચેતવણી આપી કે આ બધુ ખરાબ પ્રકારના વોર ક્રાઈમ છે અને ખામેનેઈને તેમના ગુનાઓ માટે જવાબદાર ઠેરવવામાં આવશે. કેટ્ઝે કહ્યું કે તેમણે અને પીએમ બેન્જામીન નેતન્યાહૂએ આઈડીએફને ઈરાનમાં રણનીતિક લક્ષ્યાંકો અને તેહરાનમાં સરકાર સંબંધિત લક્ષ્યો પર હુમલા તેજ કરવાના નિર્દેશ આપ્યા છે. જેથી કરીને ઈઝરાયેલ માટે જોખમનો ખતમ કરી શકાય અને અયાતુલ્લાહ શાસનને અસ્થિર કરી શકાય.

રક્ષામંત્રી અગાઉ પીએમ બેન્જામીન નેતન્યાહૂએ પણ ખામેનેઈ પ્રશાસનને કડક શબ્દોમાં ચેતવણી આપી હતી. નેતન્યાહૂએ સરોકા હોસ્પિટલ અને અન્ય નાગિરક હોસ્પિટલો પર ઈરાનના બેલિસ્ટિક મિસાઈલોથી હુમલા બાદ જોરદાર જવાબ આપવાની કસમ ખાધી. નેતન્યાહૂએ એક્સ પર લખ્યું કે ઈરાનના આતંકવાદી તાનાશાહ (અયાતુલ્લાહ અલી ખામેનેઈ)ના સૈનિકોએ સરોકા હોસ્પિટલ અને નાગરિક વસાહતો પર મિસાઈલો છોડી. હવે ઈરાને તેની પૂરેપૂરી કિંમત ચૂકવવી પડશે. નોંધનીય છે કે ઈરાને ઈઝરાયેલી હુમલાઓના જવાબમાં કાર્યવાહી કરતા ઈઝરાયેલના શહેરો તેલ અવીવ, બીર્શેબા, રમતગન અને હોલોન પર ચાર બેલિસ્ટિક મિસાઈલો છોડી હતી. તેમાં એક મિસાઈલ તેલ અવીવના સોરોકા હોસ્પિટલ પર જઈ પડી. જેનથી સમગ્ર હોસ્પિટલમાં અફરાતફરી મચી ગઈ.

### તબિયતમાં સુધારો આવતાં સોનિયા ગાંધીને હોસ્પિટલમાંથી કરાયા ડિસ્ચાર્જ

। નવી દિલ્હી, તા.૧૯ ।

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને પાર્ટીના સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધીના સ્વાસ્થ્ય અંગે સારા સમાચાર આવ્યા છે. તેમની તબિયતમાં સુધારો થતાં તેમને હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અગાઉ, ડૉકટરોએ સોનિયા ગાંધીના સ્વાસ્થ્ય અંગે અપડેટ જાહેર કર્યું હતું. આમાં, ડૉ. એસ. નંદી અને ડૉ. અમિતાભ યાદવે જણાવ્યું હતું કે, તેમને પેટમાં ઈન્ફેક્શનના કારણે દાખલ કરવામાં આવ્યા હતા, જેની સફળતાપૂર્વક સારવાર કરવામાં આવી હતી. તેમની સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે અને તેમને આજે રજા આપવાની યોજના છે. તેમની આગળની સારવાર ચાલુ રહેશે. આ પહેલા ૭ જૂને પણ તેમની તબિયત બગડી હતી.

### વૈશ્વિક સંઘર્ષો વચ્ચે રશિયાએ ભારતને આપ્યું વચન

## આગામી વર્ષે S-400 મિસાઇલ સિસ્ટમની ડિલિવરી આપીશું

**ભારત કોન્ટ્રાક્ટને સમયસર પૂર્ણ કરવા ઉપરાંત તેની ક્ષમતાઓમાં વધારો કરવા પર ફોકસ કરી રહ્યું છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

વિશ્વમાં જિઓ-પોલિટિકલ ટેન્શન સતત વધી રહ્યું છે. ઈરાન-ઈઝાયલ અને રશિયા-યુક્રેન વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. વિશ્વમાં યુદ્ધની સ્થિતિ વચ્ચે રશિયા ભારતને જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમની ડિલિવરી આપવા પ્રતિબદ્ધ છે. દેશના રક્ષા સચિવ રાજેશ કુમાર સિંહે મીડિયા સાથે ઈન્ટરવ્યૂમાં વૈશ્વિક પડકારોની સપ્લાય ચેઈન અને ભારતની સ્ટ્રેટેજી પર અસર મુદ્દે જવાબ આપતી વખતે આ અંગે જણાવ્યું હતું. સિંહે જણાવ્યું કે, યુદ્ધની સ્થિતિ વચ્ચે રશિયા આગામી વર્ષે જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમની ડિલિવરી આપવા પ્રતિબદ્ધ છે. જેમાં થોડો વિલંબ થવાની સંભાવના જોવા મળી રહી છે. ભારત કોન્ટ્રાક્ટને સમયસર પૂર્ણ કરવા ઉપરાંત તેની ક્ષમતાઓમાં વધારો કરવા પર ફોકસ કરી રહ્યું છે. ગતવર્ષે ભારતે રેકોર્ડ સંખ્યામાં ડિફેન્સ કોન્ટ્રાક્ટ કર્યા હતાં. જે તેના સંરક્ષણ ઈતિહાસમાં નોંધનીય હતાં. છેલ્લા કેટલાક વર્ષથી ભારતને સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાની કવાયત હાથ ધરાઈ છે. સિંહે ગત મહિને ડિફેન્સ કોન્કલેવમાં આ મિશન પર ભાર મૂકતાં કહ્યું હતું કે, ડિફેન્સ સેક્ટરમાં આત્મનિર્ભર બનવાની જરૂર છે. જે ભારતની વ્યૂહાત્મક ઓટોનોમીનું સંવર્ધન કરવાની સાથે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના મહત્ત્વાકાંક્ષી વિઝનને સાકાર કરવામાં મદદરૂપ બનશે.

### ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર ઇંગ્લેન્ડના લીડ્સ પરત ફર્યા



। (એજન્સી) લીડ્સ, તા.૧૯ ।

ભારતની પુરુષ ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર ઈંગ્લેન્ડના લીડ્સ પરત ફર્યા છે અને શુક્રવારથી શરૂ થતી પ્રથમ ટેસ્ટ પહેલા તેઓ ટીમમાં જોડાયા છે. કોચ ગંભીર ગયા અઠવાડિયે ભારત પરત ફર્યા હતા કારણ કે તેમની માતા ખરાબ સ્વાસ્થ્યને કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બેકેનહમમાં ઈન્ટ્રા-સ્ક્વોડ મેચ પહેલા ગંભીરે ટીમ છોડી હતી અને તેમની ગેરહાજરીમાં સહાયક કોચ રાયન ટેન ડોશેટે જવાબદારી સંભાળી હતી. ગૌતમ ગંભીર દેશમાં પરિસ્થિતિઓ બદલાતા ક્યારે પરત આવશે તે અંગેની કોઈ ચોક્કસ તારીખ આપવામાં આવી નહોતી.

## ઈરાનથી પાછા આવેલા કાશ્મીરી વિદ્યાર્થીઓ ભડક્યાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે તણાવ વધી રહ્યો છે. આ દરમિયાન ભારતે ઈરાનમાંથી ભારતીયોને બહાર કાઢવા માટે ઓપરેશન સિંધુ શરૂ કર્યું છે. આ અંતર્ગત અત્યાર સુધીમાં ૧૧૦ ભારતીયોને બહાર કાઢવામાં આવ્યા છે. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પુષ્ટિ કરી છે કે, ઈરાનથી લાવવામાં આવેલા જમ્મુ અને કાશ્મીરના ૯૪ ભારતીય વિદ્યાર્થીઓ સુરક્ષિત રીતે દિલ્હી પહોંચી ગયા છે. તેમણે સોશિયલ મીડિયા ઠ પર પોસ્ટમાં કરીને લખ્યું, સરકાર વિદ્યાર્થીઓને જમ્મુ-કાશ્મીર પરત ફરવા માટે સરળ મુસાફરી માટે પરિવહન વ્યવસ્થા કરી રહી છે. જો કે, વિદ્યાર્થીઓને લઈ જવા માટે મોકલવામાં આવી રહેલી બસ પર સવાલો ઊભા થઈ રહ્યા છે. કાશ્મીરના વિદ્યાર્થીઓ જમ્મુ-કાશ્મીર સરકાર દ્વારા આપવામાં આવેલી બસથી નારાજ છે. તેમનું કહેવું છે કે, અમે ભારત સરકારનો આભાર માનીએ છીએ.

## કોરોના વાઇરસના નવા વેરિયન્ટ નિમ્બસની એન્ટ્રી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯ ।

કોરોના વાઈરસના કેસ ફરી વધી રહ્યા છે, જેમાં હવે કોવિડનો એક નવો સબ-વેરિયન્ટ અમેરિકામાં જોવા મળી રહ્યો છે. આ વેરિયન્ટના લક્ષણો અસરગ્રસ્ત દર્દીઓમાં જોવા મળી રહ્યા છે. હાલમાં, WHO એટલે કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને અમેરિકન આરોગ્ય એજન્સીઓ તેના પર નજર રાખી રહી છે. આ વેરિયન્ટનું નામ NB.1.8.1 છે, જેને નિમ્બસ નામથી પણ ઓળખવામાં આવે છે. ખાસ વાત એ છે કે આ વેરિયન્ટ આ પહેલા ચીનમાં પણ જોવા મળ્યો છે. જોકે, ભારતમાં હજુ સુધી તેની હાજરી વિશે કોઈ માહિતી નથી. આ નિમ્બસ વેરિયન્ટના લક્ષણો વિષે કહેવામાં આવી રહ્યું છે કે, તેના કારણે દર્દીઓને ગળામાં દુખાવો થાય છે. આ કારણે, દર્દીઓ તેને રેઝર બ્લડ થ્રોટ પણ કહી રહ્યા છે. આ ઉપરાંત, દર્દીમાં બંધ અથવા વહેતું નાક, થાક, હળવી ઉધરસ, તાવ, શરીરમાં દુખાવો, ઝાડા જેવા લક્ષણો પણ જોવા મળી રહ્યા છે.

### પૂણેમાં મોડી રાતે ગમખ્વાર અકસ્માત

## કાર રસ્તામાં ઊભેલી પીકઅપ વેનને અથડાતા ૮ લોકોના મોત

। (એજન્સી) પૂણે, તા.૧૯ ।

મહારાષ્ટ્રના પૂણેમાં બુધવારે (૧૮ જૂન) મોડી રાત્રે અકસ્માત થયો હતો. અહીં જેજૂરી મોરગાંવ રોડ પર પૂરપાટ ગતિએ દોડતી સિડાન કાર અને પિકઅપ વાન વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં ૮ લોકોના મોત નિપજ્યાં હતા અને પાંચ ઈજાગ્રસ્ત થયા છે. જેમાં બાળકો અને મહિલાઓ પણ સામેલ છે. પૂણે ગ્રામીણના એસપી સંદીપ સિંહ ગિલે આ વિશે જાણકારી આપી છે. પોલીસે જણાવ્યું કે, આ અકસ્માત જેજુરી-મોરગાંવ રોડ પર થયો હતો. પૂણેથી મોરગાંવ જઈ રહેલી કાર જેજુરીથી મોરગાંવ જઈ રહી હતી. આ દરમિયાન કારે શ્રીરામ ઢાબા સામે એક પિકઅપ વાન સાથે ટક્કર મારી. કારમાં સવાર ચાર પુરૂષ અને એક મહિલા તેમજ પિકઅપ ચાલક અને ટ્રક પાસે ઊભેલા બે અન્ય લોકોના મોત નિપજ્યા હતા.

### વિમાન દુર્ઘટનામાં Tata ગ્રૂપે કર્યો મોટો ખુલાસો

## એર ઇન્ડિયાના વિમાનમાં કોઇ ટેકનિકલ ખામી નહોતી

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરને ગયા અઠવાડિયે અમદાવાદમાં થયેલા હૃદયદ્રાવક એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટના પર આખરે પોતાનું મૌન તોડ્યું છે. તેમણે બુધવારે આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, "અમારું બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર સારી સ્થિતિમાં હતું, તેમાં કોઈ જાળવણી સમસ્યા નહોતી કે કોઈ પણ પ્રકારનો રેડ સિગ્નલ આપવામાં આવ્યો ન હતો.એન. ચંદ્રશેખરને વધુમાં કહ્યું હતું કે, "મેં જાતે બધા રેકોર્ડ તપાસ્યા – વિમાન, એન્જિન, પાઈલટ, બધું બરાબર હતું." પરંતુ તેમણે એમ પણ કહ્યું હતું કે આ અકસ્માત એટલો પીડાદાયક છે કે તે સાંભળીને મારું હૃદય ડૂબી ગયું. તેમણે કહ્યું હતું કે ટાટા ગ્રુપ પીડિતો સાથે ખભા મિલાવીને ઉભું છે. ૧૨ જૂનના રોજ, લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-171 ટેકઓફ થયાના થોડા સેકન્ડ પછી અમદાવાદમાં ક્રેશ થઈ ગઈ. ૨૭૦ થી વધુ લોકો માર્યા ગયા – જેમાં મુસાફરો, ક્રૂ મેમ્બર્સ અને વિમાન ક્રેશ થયું તે ઈમારતમાં રહેતા લોકોનો સમાવેશ થાય છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે સમગ્ર દેશ રડી પડ્યો. મીડિયા સાથે વાત કરતાં ચંદ્રશેખરને કહ્યું કે વિમાનમાં કોઈ સમસ્યા નહોતી. જમણું એન્જિન માર્ચ ૨૦૨૫ માં ઈન્સ્ટોલ કરવામાં આવ્યું હતું.

### સીટ વહેંચણી અંગે રાહુલ-તેજસ્વી વચ્ચે ડીલ ફાઈનલ!

## બિહારમાં મહાગઠબંધનની મોટી મૂંઝવણ દૂર થઈ ગઈ

। (એજન્સી) પટણા, તા.૧૯ ।

બિહાર ચૂંટણીને લઈને રાજકારણ ગરમાયું છે. બંને ગઠબંધન ચૂંટણીની તૈયારીઓમાં વ્યસ્ત છે. જેડીયુની આગેવાનીવાળી એનડીએ સરકાર હાલ વિવિધ યોજનાઓ દ્વારા રોકડની વહેંચણી અને વિવિધ શિલાન્યાસ કાર્યક્રમથી મતદારોને રિઝવવાનો પ્રયાસ કરી રહી છે. આ દરમિયાન તેજસ્વી યાદવના નેતૃત્વવાળા ઈન્ડિયા ગઠબંધનમાં ૪ બેઠકો બાદ સીટ શેરિંગની ફોર્મ્યુલા નક્કી કરવાની પ્રક્રિયામાં લાગી ગઈ છે. તેજસ્વી યાદવે સહની અને પશુપતિ પારસ માટે કોંગ્રેસ અને વામદળો વચ્ચે સંમતિ બનાવી લીધી છે.

ફોર્મ્યુલા અનુસાર, કોંગ્રેસ અને આરજેડી આ વખતે ૨૦૨૦ની તુલનામાં ઓછી બેઠકો પર ચૂંટણી લડશે. વળી, સીપીઆઈ (માલે)ને ગઈ વખતની તુલનામાં આ વખતે વધુ બેઠક મળશે.

# સિવિલ હોસ્પિટલના કર્મચારીઓનો 'ગોલ્ડન અવર રિસ્પોન્સ': હોસ્પિટલ સ્ટાફના ટીમવર્ક અને તૈયારીના કારણે અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અનેકને જીવતદાન મળ્યું

। ગાંધીનગર, તા.૧૯ ।

અમદાવાદમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-171 ક્રેશ થવાની દુઃખદ ઘટના બાદ સિવિલ હોસ્પિટલે પીડિતોને ઝડપી, સુચારુ અને સંવેદનશીલ તબીબી સંભાળ પૂરી પાડીને ઈમરજન્સી રિસ્પોન્સનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. વિમાન ક્રેશ પછીની કટોકટીની ક્ષણોને યાદ કરતાં મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, આ તેમની કારકિર્દીની સૌથી પડકારજનક પરિસ્થિતિ હતી, જેનું હોસ્પિટલ સ્ટાફના ટીમવર્ક અને તૈયારીને કારણે યોગ્ય સંચાલન થઈ શક્યું. લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-171, જેમાં ૨૪૨ મુસાફરો અને ક્રૂ સભ્યો સવાર હતા, તે ૧૨ જૂનના રોજ ક્રેશ થઈ હતી. આ દુઃખદ ઘટનામાં એક વ્યક્તિ સિવાય તમામના મૃત્યુ થયા હતા. ઘટનાસ્થળથી માંડ એક કિલોમીટરના અંતરે અમદાવાદ સિવિલ હોસ્પિટલ હતી, જેણે ઈમરજન્સી મેડિકલ રિસ્પોન્સમાં મુખ્ય ભૂમિકા ભજવી.

ડૉ. રાકેશ જોશીએ આ દુર્ઘટના બાદ કટોકટીની ક્ષણો યાદ કરતાં જણાવ્યું હતું કે, "પ હેલો દર્દી એક દાઝી ગયેલ સીઆરપીએફ જવાન હતો, જેને તાત્કાલિક સારવાર મળી અને ઘટનાની ગંભીરતાનો ખ્યાલ આવ્યો. તેમણે કહ્યું કે, "મને આ દુર્ઘટનાનો મેસેજ મળતાં જ હું ઓપરેશન થિયેટર છોડીને ટ્રોમા સેન્ટર ગયો અને તરત જ મારા અસિસ્ટન્ટને દરેક ઉપલબ્ધ ડૉક્ટર, નર્સ અને સપોર્ટ સ્ટાફને હાજર થાય તે માટે સૂચના આપી."

દુર્ઘટનામાં મોટા પ્રમાણમાં જાનહાનિ થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને, હોસ્પિટલ વહીવટીતંત્રે ઝડપથી ગ્રીન કોરિડોર બનાવ્યો અને દરેક દર્દી માટે ચાર નિષ્ણાતો - EMD, ઓર્થોપેડિક્સ, ન્યુરોસર્જરી અને જનરલ સર્જરીની ટીમો નિયુક્ત કરી. ડૉ. રાકેશ જોશીએ ઉમેર્યું હતું કે, "શરૂઆતમાં દર્દીઓ જીવંત સ્થિતિમાં આવી રહ્યા હતા, પરંતુ ટૂંક સમયમાં જ મોટી સંખ્યામાં ગંભીર રીતે દાઝી ગયેલા અને મૃત દર્દીઓ આવવા લાગ્યા. ૩૦ મિનિટની અંદર, મુખ્ય સચિવ (આરોગ્ય) શ્રી ધનંજય દ્વિવેદી અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ રિયલ ટાઈમ માર્ગદર્શન અને સંકલન પૂરું પાડવા માટે હોસ્પિટલ પહોંચ્યા. આ ઉપરાંત, તાત્કાલિક દર્દી સંભાળ માટે ત્રણ વોર્ડ તૈયાર કરવામાં આવ્યા હતા અને છ ટ્રોમા મેનેજમેન્ટ ઝોનમાં ૪૦ સ્ટાફ સભ્યોને તૈનાત કરવામાં આવ્યા હતા." હોસ્પિટલમાં આવનારા દરેક દર્દીને જરૂરી સંભાળનું સ્તર નક્કી કરવા માટે ઝડપી તપાસની કામગીરી કરવામાં આવી. દાઝી ગયેલા લોકોને બર્ન યુનિટમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યારે અન્ય દર્દીઓ માટે યુદ્ધના ધોરણે સારવારની કામગીરી હાથ ધરવામાં આવી હતી. 'ગોલ્ડન અવર', એટલે કે આઘાતજનક ઘટના પછીનો પ્રથમ મહત્વપૂર્ણ કલાક કે જે બચવાની શક્યતાઓમાં નોંધપાત્ર વધારો કરે છે, આ ગોલ્ડન અવરમાં સરળ અને સતત સારવાર સુનિશ્ચિત કરવા માટે મેડિકલ સ્ટોર્સ સાથે તબીબી પુરવઠો અગાઉથી સંકલિત કરવામાં આવ્યો હતો.

મેડિકલ કોલેજનું બિલ્ડીંગ કે જ્યાં ૬૦-૭૦ વિદ્યાર્થીઓ ભોજન કરી રહ્યા હતા, ત્યાં પ્લેન ક્રેશથી ભારે નુકસાન થયું અને જાનમાલની હાનિ ઉપરાંત ભારે ભાવનાત્મક નુકસાનની સ્થિતિ પણ સર્જાઈ હોવા છતાં, હોસ્પિટલની ટીમે અસાધારણ શિસ્ત સાથે કામ કર્યું. ડૉ. જોશીએ જણાવ્યું કે, "અમે અમારી તમામ શક્તિઓ કામે લગાડીને પ્રત્યેક કેસની સારવાર કરી. આ ખરેખર ટીમવર્ક હતું."

ઈમરજન્સી કેર ઉપરાંત, હોસ્પિટલે દર્દીઓ અને તેમના પરિવારજનોની ભાવનાત્મક સુખાકારી પર પણ ધ્યાન આપ્યું હતું. દર્દીઓના પરિવારજનોનો સક્રિય રીતે સંપર્ક કરવામાં આવ્યો હતો અને તેમના પ્રિયજનોની સ્થિતિ અંગે તેમને આશ્વસ્ત કરવામાં આવ્યા હતા. ગભરાટની પરિસ્થિતિને કાબૂમાં લેવા અને પરિવારજનોને માનસિક સહયોગ પૂરો પાડવા માટે કાઉન્સેલરોને તૈનાત કરવામાં આવ્યા હતા. પોતાના સ્ટાફ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા ડૉ. જોશીએ જણાવ્યું કે, "ડોક્ટરોથી લઈને પેરામેડિક્સ સુધી, નર્સથી લઈને સપોર્ટ ટીમ સુધી, તમામ લોકો એકસાથે ઊભા હતા. અમને ખબર નહોતી કે કેટલા દર્દીઓ આવશે, પરંતુ અમે સુનિશ્ચિત કર્યું હતું કે કોઈની પણ સારવાર અટકે નહીં અને કોઈપણ જીવનની ઉપેક્ષા ન થાય. આ મારા જીવનનો સૌથી મુશ્કેલ પડકાર હતો- પરંતુ અમારી હોસ્પિટલ આ પરિસ્થિતિમાં અડીખમ ઊભી રહી."

## સુરતમાં રિયલ એસ્ટેટ ઓફિસની આડમાં ચાલતું હુક્કાબાર ઝડપાયુ

। (એજન્સી) સુરત, તા.૧૯ ।

સુરતમાં વધુ એક વખત હુક્કાબાર ઝડપાયો છે. શહેરના મગદલ્લા રોડ પર આવેલી રિયલ એસ્ટેટની ઓફિસની આડમાં ચાલતું હુક્કાબાર ઝડપાયું છે. પોલીસને થોડા દિવસો પહેલા જ બાતમી મળી હતી કે આ જગ્યા પર રિયલ એસ્ટેટની ઓફિસની આડમાં હુક્કાબાર ચાલી રહ્યું છે અને બાતમી બાદ પોલીસે કાર્યવાહી કરીને હુક્કાબાર ઝડપી પાડ્યું છે. પોલીસને બાતમી મળી હતી કે શક્તિસિંહ ઝાલા નામનો વ્યક્તિ હુક્કાબાર ચલાવે છે. સુરત ર્જીંની ટીમે આ જગ્યા પર દરોડા પાડીને ૬ હુક્કા અને હુક્કાની પાઈપ, ચિલમ, કોલસાના પેકેટ સહિત મળીને કૂલ ૨૬,૫૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સાથે જ હુક્કાબારના માલિક શક્તિસિંહ ઝાલાની પોલીસે ધરપકડ કરીને વધુ પૂછપરછ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ શહેરમાં અનેક જગ્યાએથી આ પ્રકારના હુક્કાબાર ઝડપાયા છે અને હુક્કાબારના માલિકોની વિરૂદ્ધ કડકમાં કડક કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવી છે.

## વડોદરામાં ધો.૧૦ના ૮૫૫૫ અને ધો.૧૨માં ૧૦૯૨૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાનો તા.૨૩ જૂનથી પ્રારંભ થશે. આ વખતે બોર્ડ દ્વારા તમામ વિષયોની પૂરક પરીક્ષા લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાથી આ પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થીઓની સંખ્યા પણ નોંધપાત્ર છે. વડોદરામાં ધો.૧૦માં ૮૫૫૫ તથા ધો.૧૨માં વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહના મળીને ૧૦૯૨૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ પરીક્ષા માટે ડીઈઓ કચેરી દ્વારા સ્થાનિક સ્તરે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ધો.૧૦ની પરીક્ષા રાવપુરા ઝોનના ૨૬ કેન્દ્રો પર અને ૨૫૨ બ્લોકમાં લેવાશે.જ્યારે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા માંડવી ઝોનના ૧૧ કેન્દ્રો પર લેવાશે. કુલ ૬૦૬૬ વિદ્યાર્થીઓ તેના માટે નોંધાયા છે.

### નવા ઈસનપુર ગામ બન્યુ સંપર્ક વિહોણુ

## મચ્છુ-3 ડેમમાં પાણીની પુષ્કળ આવક, ત્રણ દરવાજા પાંચ ફૂટ સુધી ખોલાયા

**આ ભારે વરસાદને પગલે મોરબીના મચ્છુ-3 ડેમમાં પાણીની પુષ્કળ આવક થઈ છે, જેને પગલે મચ્છુ-3 ડેમના 3 દરવાજા ૫ ફૂટ સુધી ખોલવામાં આવ્યા છે**

। (એજન્સી) મોરબી, તા.૧૯ ।

મોરબી જિલ્લામાં ભારે પવન સાથે હળવદ, વાંકાનેર, માળિયા, ટંકારા, હળવદના સુંદરગઢ, રાણેકપર, ચરાડવા, લીલાપુર, માથક સહિતના ગામોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે અને આ ભારે વરસાદને પગલે મોરબીના મચ્છુ-૩ ડેમમાં પાણીની પુષ્કળ આવક થઈ છે, જેને પગલે મચ્છુ-૩ ડેમના ૩ દરવાજા ૫ ફૂટ સુધી ખોલવામાં આવ્યા છે. ૩ દરવાજા ખોલીને નદીમાંથી ૧૩,૫૨૪ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે તો મચ્છુ-૨ ડેમમાંથી નદીમાં ૧૧,૭૨૪ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે.તમને જણાવી દઈએ કે મોરબી જિલ્લાના ૫ તાલુકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧થી પોણા ૩ ઈંચ વરસાદ ખાબક્યો છે. ટંકારામાં ૨૯ દ્વદ્વ, માળિયામાં ૬૮ દ્વદ્વ, મોરબીમાં ૫૯ દ્વદ્વ, વાંકાનેરમાં ૫૬ દ્વદ્વ અને હળવદમાં ૬૬ દ્વદ્વ વરસાદ ખાબક્યો છે. બીજી તરફ મોરબીના હળવદમાં વરસાદી પાણી ભરાવાના કારણે અનેક રસ્તાઓ બંધ થયા છે. હળવદથી રણમલપુર જવાનો રસ્તો બંધ થયો છે. ત્યારે ઘણાંદ પાસે ખારી નદી બેકાંઠે વહેતા સંપર્ક તૂટ્યો છે. રણમલપુર, અંજાર, ઘણાંદ ગામ સંપર્ક વિહોણા બન્યા છે. સતત વરસાદના લીધે પાણીની આવકમાં વધારો થયો છે. ત્યારે ભારે વરસાદને પગલે મોરબીના હળવદમાં ગામ સંપર્ક વિહોણું બન્યું છે. નવા ઈસનપુર ગામ સંપર્ક વિહોણું બન્યું છે. વોકળો બે કાંઠે થતાં ગામની ચારેતરફ પાણી ભરાયું છે. નવા ઈસનપુર, જૂના ઈસનપુર સંપર્ક વિહોણા બન્યા છે. હળવદને જોડતા એકમાત્ર રોડ પર પણ પાણી ભરાયું છે. ત્યારે શાળામાં જતા વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ હળવદમાં કેનાલમાં ભંગાણ પડ્યું છે.



પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

### પિતાએ કહ્યું કોઇની બેદરકારીની સજા કોઇને મળી

## રાજકોટમાં વીજકરંટ લાગતાં બાળકીનું મોત નીપજ્યુ હતું

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

ગુજરાતમાં ચોમાસાનું આગમન થતાં સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. ત્યારે વરસાદના કારણે પાણીના પ્રવાહમાં તણાઈ જવાની અને વીજ કરંટ લાગવાની ઘટનાઓ સતત સામે આવી છે. રાજકોટના રૈયાધાર મફતીયા પરમાં એક બાળકીને કરંટ લાગતાં તેને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. વધુ સારવાર માટે હોસ્પિટલ લઈ જતાં પહેલાં જ બાળકીએ અંતિમ શ્વાસ લીધા હતા. બાળકીના પિતાએ આક્ષેપ કરતાં દુઃખ વ્યક્ત કર્યું હતું. બાળકીના પિતાએ કહ્યું હતું કે કોઈની બેદરકારીની સજા કોઇને મળી.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટ શહેરના રૈયા વિસ્તારમાં આવેલા રૈયાધાર મફતિયા પરમાં રહેતા જીવનભાઈ ડઢાણીયાની ચાર વર્ષની પુત્રી કિંજલ તેની મમ્મીની સાથે નજીકમાં રહેતા તેના માસીને ઘરે ગઈ હતી. ત્યારે સાંજના પાંચ વાગ્યાની આસપાસ ઘરે પરત ફરતી વખતે વરસાદ થઈ ગયો હતો. ત્યારે રસ્તામાં ભૂલથી જીવતા વીજ વાયરને અડી જતાં કરંટ લાગ્યો હતો. બાળકીને પ્રાથમિક સારવાર આપવામાં આપ્યા બાદ હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં દમ તોડી દીધો હતો. અચાનક જ પરિવારે પોતાની માસૂમ દિકરી ગુમાવતાં માતા-પિતા ભાંગી પડ્યા હતા. બાળકીના પિતા તંત્ર સામે આક્ષેપ કરતાં દર્દ વ્યક્ત કર્યું હતું કે 'કોઈની બેદકારીની સજા કોઈને મળી છે. અમારે ત્યાં અવાર-નવાર લાઈટ જાય છે છતાં તંત્ર દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. જેના લીધે હેરાનગતિનો સામનો કરવો પડે છે.

## આજી, ભાદર અને ન્યારી ડેમમાં નવા નીરની થઇ આવક

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

રાજયમાં વરસાદી માહોલ જામ્યો છે. ત્યારે નદીઓ, જળાશયો અને ડેમમાં નવા નીર આવ્યા છે. આ નવા નીરના કારણે પાણીની સપાટી વધી રહી છે. અને સિંચાઈ માટે પાણી પુરુ પાડવાની કવાયત હાથ ધરવામાં આવી છે. ખેડૂતોમાં વરસાદ અને નવા નીરને જોઈને ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. રાજકોટ સહિત સમગ્ર પંથકમાં મેઘરાજા મન મુકીને વરસ્યા છે. ત્યારે અમુક સ્થળોએ જળબંબાકારની સ્થિતિ પેદા થઈ છે. રાજકોટમાં ભારે વરસાદથી ડેમમાં નવા નીરની આવક થઈ રહી છે. આજી, ભાદર અને ન્યારી ડેમમાં નવા નીર આવવાનો પ્રારંભ થયો છે. ભાદર, આજી અને ન્યારી ડેમમાં નોંધપાત્ર પાણીની આવક જોવા મળી છે.

### ૪૮ કલાકમાં તમામના મૃતદેહો શોધી કઢાયા

## બોટાદની નદીમાં ઈકો કાર તણાતા ૭ લોકોના મોત થયા

। (એજન્સી) બોટાદ, તા.૧૯ ।

ચોમાસાની શરૂઆતમાં જ બોટાદ જિલ્લામાં વરસાદે પ્રચંડ સ્વરૂપ ધારણ કર્યું છે. જેથી ગત સોમવારે મોટી રાત્રે બોટાદના લાઠીદડ અને સાંગાવદર ગામ વચ્ચે ૯ લોકો ભરેલી ઈકો કાર તણાઈ જવાની દુર્ઘટના બની હતી. જોકે સ્થાનિકોએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી ૨ લોકોને બચાવી લીધા હતા. પરંતુ ૭ લોકો લાપતા બન્યા હતા.

દુર્ઘટના બાદ જિલ્લા વહીવટી તંત્રની ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી અને દ્રઢઈહ્નની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. જેથી ગત રોજ મંગળવારે ૨ લોકોના મૃતદેહો બહાર કઢાયા હતા. હવે આજની જાણકારી મુજબ, વધુ ૫ લોકોના મૃતદેહો મળી આવ્યા છે.

એટલે કે લાપતા તમામ લોકોના મૃતદેહોને શોધી કઢાયા છે. મળતી માહિતી મુજબ, એક જ પરિવારના ૯ લોકો ઈકો કાર લઈને માતાજીના દર્શને જઈ રહ્યા હતા. દરમિયાન બોટાદ જિલ્લામાં સાંગાવદર ગામ નજીકથી પસાર થતી નદીમાં અચાનક પાણીનું સ્તર વધતા ઈકો કાર તણાઈ ગઈ હતી. જે બાદ કારમાં સવાર ૯ લોકો પૈકી ૭ લોકો લાપતા થયા હતા. જ્યારે સ્થાનિકોએ બે લોકોનો આબાદ બચાવ કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી.

તણાયેલા ૭ લોકો પૈકી ૨ લોકોના મૃતદેહો ઘટનાની ૨૪ કલાકમાં જ એટલે કે ગત રોજ (મંગળવારે) શોધી કઢાયા હતા. જે બાદ આજે (બુધવારે) વધુ ૫ મૃતદેહો મળી આવ્યાની માહિતી મળી રહી છે. ઘટના બાદ ૪૮ કલાકની બચાવ કામગીરી દરમિયાન લાપતા થયેલા તમામ સાતેય લોકોના મૃતદેહોને શોધી કઢાયા છે. નોંધનીય છે કે, લાઠીદડ અને કારિયાણી ગામ વચ્ચે ઈકો કાર મળી આવી હતી.

**વિશેષ** — થાઈ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પ્રતિનિધિમંડળની ગુજરાત મુલાકાત શાંતિ અને સદભાવનો સંદેશ આપનારી બનશે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાતે થાઈલેન્ડના બૌદ્ધ ધર્મગુરુ આદરણીય શ્રી સોમદેજ ફ્રા થેરાયન મુનિ અને પ્રતિનિધિમંડળ

। (માહિતી) ગાંધીનગર ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાત થાઈલેન્ડના બૌદ્ધ ધર્મગુરુ આદરણીય શ્રી સોમદેજ ફ્રા થેરાયન મુનિએ ગાંધીનગરમાં લીધી હતી. થાઈલેન્ડનું એક થાઇ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પ્રતિનિધિમંડળ, સર્વોચ્ચ પિતૃપ્રધાન સોમદેજ ફ્રા થેરાયનમુનિના નેતૃત્વમાં, ભારતની ૭ દિવસની મુલાકાતે છે અને ગુજરાતમાં ૫ દિવસનો પ્રવાસ કરવાના છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની આ મૂલાકાત બેઠકમાં પ્રતિનિધિમંડળે અમદાવાદ ખાતે ના દુઃખદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.





આ પ્રતિનિધિમંડળમાં થાઈલેન્ડના ૭ નાગરિકો જેમાં બે સર્વોચ્ચ સાધુઓ, સંઘ સુપ્રીમ કાઉન્સિલ ઓફ થાઈલેન્ડ એબોટ વાટ દેબસિરીન્દ્રવાસનો સમાવેશ થાય છે. થાઈલેન્ડના વડા પ્રધાનના સલાહકાર પ્રોફેસર ટોંગથોંગ ચંદ્રાંસુ પણ આ પ્રતિનિધિમંડળ સાથે ગુજરાત રાજ્યની મુલાકાતે છે. જેમણે રામાયણ અને ભગવાન બુદ્ધના જીવન પરની ટીવી સિરિયલમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી તે ગગન મલિક પણ આ પ્રતિનિધિમંડળમાં જોડાયા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં થાઈલેન્ડની મુલાકાત દરમિયાન ગુજરાતના અરવલ્લી જિલ્લામાં દેવની મોરી ખાતે મળેલા ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોને થાઈલેન્ડ પ્રદર્શન માટે મોકલવાની ઘોષણા કરી હતી. થાઈલેન્ડના પ્રધાનમંત્રીશ્રીએ પણ ભારતમાં બુદ્ધિષ્ટ સર્કિટનો વ્યાપ વધારવા તેમના તરફથી સહયોગ કરવાની ખાતરી આપી હતી. આ બુદ્ધિષ્ટ સર્કિટમાં ગુજરાતના સ્થળોનો પણ સમાવેશ કરવામાં આવેલો છે.

આ સંદર્ભમાં આદરણીય બૌદ્ધ ધર્મગુરુ શ્રી સોમદેજ ફ્રા થેરાયન મુની તા. ૧૬ જૂનથી ૨૨મી જૂન દરમિયાન ભારત પ્રવાસે તેમના પ્રતિનિધિ મંડળ સાથે આવેલા છે. આ પ્રવાસ દરમિયાન તા. ૧૭ થી ૨૧ જૂન સુધી તેઓ વડોદરા તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને દ્વારિકાની મુલાકાતે જવાના છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે થાઈલેન્ડના બૌદ્ધ ધર્મગુરુ આદરણીય શ્રી સોમદેજ ફ્રા થેરાયન મુનિની ગુજરાત મુલાકાત શાંતિ અને સદભાવનો સંદેશ આપનારી બની રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. એટલું જ નહીં, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત - થાઈલેન્ડના સંબંધોનો સેતુ વધુ મજબૂત બનાવવામાં પણ આ મુલાકાત ઉપયુક્ત બનશે એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ભારત-થાઈલેન્ડ બેય રાષ્ટ્રોની સાંસ્કૃતિક એકતા, શાંતિ અને ધમ્મના સહિયારા મૂલ્યોનો સંદર્ભ આપ્યો હતો અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૯માં દ્રય્છમાં આપેલા સંદેશમાં જે વાત કહી હતી કે "આપણે એવા દેશના છીએ જેણે વિશ્વને યુદ્ધ નહિ બદ્ધ આપ્યા છે" તેનું પણ સ્મરણ કર્યું હતું. પ્રવાસન સચિવ ડૉ. રાજેન્દ્ર કુમારે પ્રતિનિધિમંડળને ગુજરાતના સમૃદ્ધ બૌદ્ધ વારસા વિશે વિસ્તૃત વિગતો આપી હતી. તેમણે ગુજરાતમાં મળી આવેલા બૌદ્ધ સ્તૂપો, વિહારો અને ખડકોમાં કોતરેલી ગુફાઓની શ્રેણીના સમૃદ્ધ વારસા અને ૨જી મ્ઝ્રઈ થી ૬ઠ્ઠી ઝ્રઈ સુધીના ઈતિહાસ વિશે માહિતી આપી હતી. પ્રતિનિધિમંડળે વડનગરના બૌદ્ધ વારસા, ઝુઆનઝાંગ (હુએન ત્સાંગ) સાથેના જોડાણમાં ઊંડો રસ દાખવ્યો હતો. ખાસ કરીને દેવની મોરીનો ઈતિહાસ અને દેવની મોરી ખાતે મળેલા ભગવાન બુદ્ધના અવશેષો વિશે જાણવા માટે પ્રતિનિધિમંડળે ઉત્સુકતા દર્શાવી હતી. પ્રતિનિધિમંડળને દેવની મોરી સ્થળ વિકસાવવા અને ડૂબી ગયેલા સ્તૂપની પ્રતિકૃતિ બનાવવા અને વડાપ્રધાનશ્રી દ્વારા કલ્પના કરાયેલી દેવની મોરીને વૈશ્વિક બૌદ્ધ યાત્રાધામ તરીકે વિકસાવવાના રાજ્ય સરકારના પ્રયાસો અને ભવ્ય યોજના વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રી સાથેની બેઠક દરમિયાન, શ્રી સોમદેજ ફ્રા થેરાયન મુનિએ મુખ્યમંત્રીની ચેમ્બરમાં સ્વામી વિવેકાનંદની પ્રતિમાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, તેમણે કોલકત્તાના બેલુર મઠમાં સમય વિતાવ્યો છે. તેમણે સ્વામી વિવેકાનંદ સાથેના તેમના ઊંડા જોડાણનો પણ ઉલ્લેખ કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે બૌદ્ધ ધર્મગુરુ આદરણીય શ્રી સોમદેજ ફ્રા થેરાયન મુનિને સ્મૃતિચિન્હ અર્પણ કરી સન્માન કર્યું હતું. બૌદ્ધ ધર્મગુરુએ પણ મુખ્યમંત્રીશ્રીને બૌદ્ધ ધર્મ સાહિત્ય પ્રકાશનો અને પ્રતિમા વગેરેની સ્મૃતિ ભેટ આપી હતી. આ મુલાકાત બેઠકમાં પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ અને પ્રવાસન અગ્ર સચિવ ડૉ. રાજેન્દ્રકુમાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# એર ઈન્ડિયાએ વધુ ત્રણ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરતા મુસાફરો પરેશાન

## અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ એર ઈન્ડિયાએ બોઈંગ ૭૮૭ એરક્રાફ્ટ ધરાવતી કુલ ૬૬ ફ્લાઈટ્સ રદ કરી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।**
અમદાવાદની ભયાનક દુર્ઘટના બાદ એર ઈન્ડિયાના બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર વિમાનોની સુરક્ષાને લઈને સવાલો ઉઠી રહ્યા છે. છેલ્લા ૭ દિવસમાં એર ઈન્ડિયાને ડ્રીમલાઈનર એરક્રાફટ ધરાવતી કુલ ૬૬ જેટલી ફ્લાઈટ્સ રદ કરવાની ફરજ પડી છે. આ સિલસિલો બુધવારે પણ જારી રહ્યો હતો અને એર ઈન્ડિયાને વધુ ત્રણ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ પ્રભાવિત થઈ હતી જેમાં ટોરોન્ટો-દિલ્હી, દુબઈ-દિલ્હી અને દિલ્હી-બાલીનો સમાવેશ થયો હતો. અમદાવાદની ઘટના બાદ ૧૨ જૂનથી ૧૭ જૂન વચ્ચે એર ઈન્ડિયાના બોઈંગ ૭૮૭ વિમાન ધરાવતી સંખ્યાબંધ ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ હતી. એરલાઈને આશરે ૬૬ ફ્લાઈટો કેન્સલ કરી હોવાની વિગતો છે. મોટાભાગની ફ્લાઈટ રદ કરાઈ હતી તો કેટલીક ફ્લાઈટમાં તકનિકી ખામી હોવાનું કારણ જણાવાયું હતું.એર



ઈન્ડિયાએ બુધવારે જણાવ્યું કે, ટોરોન્ટોથી દિલ્હીની ફ્લાઈટ AI188 રદ કરાઈ હતી. મેઈન્ટેનન્સમાં વધુ પડતો સમય લાગતા સંચાલન ક્રૂની કામના કલાકોની સમયમર્યાદા પૂર્ણ થઈ હોવાથી ફ્લાઈટ રદ કરવી પડી હતી. એર ઈન્ડિયાની જ અન્ય દુબઈથી દિલ્હી જતી ફ્લાઈટ AI996માં ટેક્નિકલ ક્ષતિ જણાતા મુસાફરોને નીચે ઉતારવામાં આવ્યા હતા અને ફ્લાઈટ રદ થઈ હતી. એર ઈન્ડિયાની દિલ્હીથી બાલી જતી AI2145 ફ્લાઈટ બાલી નજીક પહોંચી ત્યારે ત્યાં જ્વાળામુખી વિસ્ફોટ થયો હોવાના અહેવાલથી ફ્લાઈટને પરત દિલ્હી વાળવામાં આવી હોવાનું એર ઈન્ડિયાએ જણાવ્યું હતું. દિલ્હી એરપોર્ટ પર ફ્લાઈટનું સુરક્ષિત લેન્ડિંગ કરાયું હતું. રદ કરાયેલી ફ્લાઈટ્સના તમામ મુસાફરોને ગંતવ્ય સ્થળે પહોંચવા વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ રહી છે. ટિકિટ રદ કરવા પર સંપૂર્ણ રીફંડ અથવા અન્ય ફ્લાઈટનો વિકલ્પ પણ આપવામાં આવ્યો હોવાનું એર ઈન્ડિયાએ જણાવ્યું હતું. એર ઈન્ડિયાના ૨૬ બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનરની સઘન તપાસના ડીજીસીએના આદેશ બાદ નિયમનકારે એર ઈન્ડિયાને ક્લિનચીટ આપી છે.હૈદરાબાદઃ હૈદરાબાદમાં એક જ દિવસે એરપોર્ટ અને આંતરરાષ્ટ્રીય કાર્ગો ફ્લાઈટમાં બોમ્બ હોવાની બે ધમકીઓ મળતા કટોકટીની સ્થિતિ જાહેર કરાઈ હતી. રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવી રહેલી કતાર એરવેઝની કાર્ગો ફ્લાઈટમાં માનવ બોમ્બ હોવાનો ધમકીભર્યો ઈમેઈલ મળ્યો હતો. બાદમાં વીઆઈપી લોકો માટે ઉપયોગમાં લેવાતા બેગમપેટ એરપોર્ટ પર પણ બોમ્બની ધમકી સાથેનો ઈમેઈલ મળતા હૈદરાબાદ એરપોર્ટ ખાતે ઈમર્જન્સી જાહેર કરવામાં આવી હતી અને બોમ્બ ડિસ્પોઝલ ટીમ, ફાયર તથા સુરક્ષા જવાનોને તૈનાત કરી દેવાયા હતા. આ બંને બોમ્બની ધમકીઓ અફવા હોવાનું પોલીસ તપાસ દરમિયાન બહાર આવ્યું હતું, જેના કારણે મુસાફરોએ રાહત અનુભવી હતી.

### બેટ્સમેન કરુણ નાયર પ્રેક્ટિસ સેશન દરમિયાન ઈજાગ્રસ્ત

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।**
ભારત ૨૦ જૂનથી લીડ્સના હેડિંગ્લી ખાતે ઈંગ્લેન્ડ સામે ૫ મેચની ટેસ્ટ શ્રેણીની પહેલી મેચ રમશે. આ પહેલા ટીમ ઈન્ડિયા જોરદાર તૈયારી કરી રહી છે. આ દરમિયાન ટીમ ઈન્ડિયાના મિડલ ઓર્ડર બેટ્સમેન કરુણ નાયર બુધવારે પ્રેક્ટિસ સેશન દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. કરુણ નાયર ૮ વર્ષ પછી ભારતીય ટેસ્ટ ટીમમાં પરત ફર્યો છે અને એવું માનવામાં આવે છે કે તેને પ્રથમ ટેસ્ટ મેચની પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન આપવામાં આવી શકે છે. કરુણ નાયરને ૨૦૧૭ પછી ટીમ ઈન્ડિયામાં સામેલ કરવામાં આવ્યો છે. નેટ સેશન દરમિયાન ફાસ્ટ બોલર પ્રસિદ્ધ કૃષ્ણાનો ફાસ્ટ બોલ કરુણને પાંસળી પર વાગ્યો હતો. ૩૩ વર્ષીય ખેલાડી આ ઈજાથી અસ્વસ્થ દેખાતો હતો. જોકે, તેણે ટૂંક સમયમાં બેટિંગ ફરી શરૂ કરી હતી. તેના બેટિંગ સેશન પછી, તેણે સપોર્ટ સ્ટાફ અને ટીમના સભ્યોને જ્યાં બોલ વાગ્યો હતો તે બતાવ્યો હતો. થોડી ઈજા છતાં નેટમાં નાયરના પ્રદર્શને ચિંતા વધારી. શરૂઆતમાં તે જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજ સામે સંઘર્ષ કરતો જોવા મળ્યો. ઓફ સ્ટમ્પ ની બહાર બોલ સામે તે ખચકાટ અનુભવતો હતો. સ્પિન સામે પણ તેની મુશ્કેલીઓ ચાલુ રહી. રવિન્દ્ર જાડેજાએ તેને એકવાર ક્લીન બોલ્ડ કર્યો. નાયરે બેટિંગ કોચ શિતાંશુ કોટક સાથે પણ વાત કરી અને તેની રમત સુધારી. કરુણ નાયરે ડિસેમ્બર ૨૦૧૬માં તેની ત્રીજી ટેસ્ટમાં ત્રેવડી સદી ફટકારી હતી. આ પછી કરુણ નાયરે ત્રણ વધુ ટેસ્ટ રમી હતી, જે બાદ તેને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો. તેણે અત્યાર સુધી ૬ ટેસ્ટ મેચમાં ૬૨.૩૩ની સરેરાશ સાથે ૩૭૪ રન બનાવ્યા છે.

### IPLમાંથી બહાર કરેલી કોચી ટસ્કર્સને ચૂકવવા પડશે રૂ.૫૩૮ કરોડ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।**
કોચી ટસ્કર્સ કેસમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ની ઊંઘ હરામ થઈ છે. બોમ્બે હાઈકોર્ટે બોર્ડને મોટો ઝટકો આપ્યો છે. હાઈકોર્ટે BCCIની અરજી ફગાવી દીધી છે અને કોચી ટસ્કર્સના માલિકોના પક્ષમાં અંતિમ ચુકાદો આપ્યો છે. હવે BCCIએ કોચી ટસ્કર્સને ૫૩૮ રૂપિયા ચૂકવવા પડશે. વર્ષ ૨૦૧૧માં BCCIએ આ ટીમને બહારનો રસ્તો બતાવ્યો હતો. હવે કોર્ટે ૫૩૮ કરોડ રૂપિયાના ઓર્બિટલ એવોર્ડને યોગ્ય જાહેર કર્યો છે. કોચી ટસ્કર્સે BCCI સામે કેસ દાખલ કર્યો હતો. આ ફ્રેન્ચાઈઝી ફક્ત એક જ સીઝનમાં જોવા મળી હતી અને ૮મા ક્રમે રહી હતી. કોર્ટે BCCIને હવે IPLમાંથી બહાર થયેલી ફ્રેન્ચાઈઝી કોચી ટસ્કર્સ કેરળને ૫૩૮ કરોડ રૂપિયા ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે. BCCIએ માત્ર એક સીઝન (૨૦૧૧) પછી ફ્રેન્ચાઈઝીનો કરાર રદ કર્યો હતો, જેમાં ટીમ પર કરારનો ભંગ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો કારણ કે તેણે સમયસર બેંક ગેરંટી સબમિટ કરી નહોતી, જે કરાર હેઠળ જરૂરી હતી.

### પંતે અમદાવાદમાં થયેલા વિમાન દુર્ઘટના ઉપર દુઃખ વ્યક્ત કર્યું



**। (એજન્સી) લીડ્સ, તા.૧૯ ।**
વાઈસ-કેપ્ટન ઋષભ પંતે ૨૦ જૂનથી લીડ્સમાં શરૂ થનારી ભારત વિરુદ્ધ ઈંગ્લેન્ડ ટેસ્ટ પહેલા એક પ્રેસ કોન્ફરન્સમાં હાજરી આપી હતી. પંતે અમદાવાદમાં થયેલા વિમાન દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું હતું અને કહ્યું હતું કે તેમના મનમાં હંમેશાં રહેશે અને તેઓ તેમના પ્રદર્શનથી દેશવાસીઓને ખુશ કરવાનો પ્રયાસ કરશે. ૧૨ જૂનના રોજ, અમદાવાદથી લંડન જઈ રહેલું એર ઈન્ડિયાનું વિમાન ટેકઓફ થયાના માત્ર ૨ મિનિટ પછી ક્રેશ થયું હતું, જેમાં ૨૪૧ મુસાફરો સહિત કુલ ૨૭૪ લોકો મૃત્યુ પામ્યા હતા. પ્રેસ કોન્ફરન્સમાં હાજર રહેલા વાઈસ-કેપ્ટન રિષભ પંતે કહ્યું, “અમદાવાદમાં જે કંઈ થયું, તેનાથી આખું ભારત દુઃખી છે. પરંતુ અમે અમારી તરફથી એ જ કોશિશ કરી શકીએ છીએ કે ભારતને ફરીથી ખુશ કરી શકીએ” તેમણે વચન આપ્યું કે અમારી ટીમ જીત માટે પોતાનું સર્વસ્વ આપી દેશે. પંતે કહ્યું, “વિમાન દુર્ઘટનામાં જે બન્યું તેના કારણે લોકો ઘણી લાગણીઓમાંથી પસાર થઈ રહ્યા હશે. અમે ભારત માટે અમારું શ્રેષ્ઠ પ્રદર્શન કરીશું જેથી અમે તેમને ફરીથી કેવી રીતે ખુશ કરી શકીએ.

### જસ્ટિસ યશવંત વર્માના કેસમાં મોટો ખુલાસો

# જસ્ટિસ યશવંતના સ્ટોર રૂમમાં કેશનો ઢગલો જોનારા ૧૦ સાક્ષી સામે આવ્યા

## સાક્ષીઓએ જણાવ્યું હતું કે રોકડનો ઢગલો ૧.૫ ફૂટ ઊંચો હતો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।**
નવી દિલ્હીમાં જસ્ટિસ યશવંત વર્માના નિવાસસ્થાને આગ લાગ્યા બાદ સ્ટોર રૂમમાંથી મળી આવેલી લાખો રૂપિયાની બળી ગયેલી ચલણી નોટોના કેસની તપાસમાં સુપ્રીમ કોર્ટે દાવો કર્યો છે કે આ મામલાના ૧૦ સાક્ષીઓ છે. જેમણે મોટી માત્રામાં રોકડ જોઈ હતી. તે બધા દિલ્હી ફાયર સર્વિસ (DFS) તેમજ દિલ્હી પોલીસના અધિકારીઓ છે. સમિતિએ જસ્ટિસ વર્માના વર્તનને અકુદરતી અને શંકાસ્પદ ગણાવ્યું છે અને તેમની સામે કાર્યવાહી કરવાની ભલામણ કરી છે. માર્ચ ૨૦૨૫ જયારે જસ્ટિસ યશવંત વર્માના સત્તાવાર નિવાસસ્થાને અચાનક આગ લાગી ત્યારે આ રોકડ કૌભાંડનો મામલો સામે આવ્યો હતો. આગ ઓલવવા પહોંચેલા દિલ્હી ફાયર સર્વિસ અને



પોલીસ અધિકારીઓએ ત્યાં મોટી માત્રામાં રોકડ જોઈ, જેમાંથી અડધી બળી ગઈ હતી. કેટલાક સાક્ષીઓએ જણાવ્યું હતું કે રોકડનો ઢગલો લગભગ ૧.૫ ફૂટ ઊંચો હતો અને ૫૦૦ રૂપિયાની નોટો ચારે બાજુ વિખરાયેલી હતી. આ ઉપરાંત તપાસ સમિતિએ જણાવ્યું કે ફક્ત જસ્ટિસ વર્મા અને તેમના પરિવારના સભ્યો જ તે રૂમમાં પ્રવેશ કરી શકતા હતા. તેઓ બાદમાં રૂમ સાફ કરવામાં આવ્યા અને ત્યાંથી બધી નોટો ગાયબ થઈ ગઈ. રોકડ જોનારા ૧૦ સાક્ષી : અંકિત સેહવાગ (ફાયર ઓફિસર, DFS), પ્રદીપ કુમાર (ફાયર ઓફિસર, DFS), મનોજ મહેલાવત (સ્ટેશન ઓફિસર, DFS), ભંવર સિંહ (ડ્રાઈવર, DFS), પ્રવીન્દ્ર મલિક (ફાયર ઓફિસર, DFS), સુમન કુમાર (સહાયક વિભાગીય અધિકારી, DFS), રાજેશ કુમાર (તુઘલક રોડ પોલીસ સ્ટેશન, દિલ્હી પોલીસ), સુનિલ કુમાર (ઈન્ચાર્જ, ICPCR), રૂપ ચંદ (તુઘલક રોડ પોલીસ સ્ટેશન, હેડ કોન્સ્ટેબલ), ઉમેશ મલિક (તુઘલક રોડ પોલીસ સ્ટેશન, SHO). તપાસ સમિતિએ જસ્ટિસ વર્મા કેસમાં કહ્યું કે, જસ્ટિસ વર્માએ ક્યારેય પોલીસ કે ઉચ્ચ ન્યાયિક અધિકારીઓને રોકડ રકમની રિકવરી અંગે જાણ કરી ન હતી.

### રાજા રઘુવંશી હત્યા કેસ મામલે એક મોટી અપટેડ

# રાજા રઘુવંશી કેસમાં સોનમની ઓફિસના સ્ટાફની વધુ એક યુવતીની એન્ટ્રી થઈ

**। (એજન્સી) ઈન્દોર, તા.૧૯ ।**
રાજા રઘુવંશી હત્યા કેસ મામલે એક મોટી અપટેડ સામે આવી છે. સમગ્ર કેસ મામલે તપાસ કરી રહેલી પોલીસને વધુ એક યુવતીની જાણકારી મળી છે. આ મામલે પોલીસ હવે નવી એન્ટ્રી થયેલી યુવતીની પૂછપરછ કરી રહી છે. જ્યારે રાજાના ભાઈ વિપિન રઘુવંશીએ કહ્યું કે, સોનમની ઓફિસના સ્ટાફની એક યુવતી સોનમના સંપર્ક હતી અને સતત તેની સાથે વાતચીત કરતી હતી. વિપિન રઘુવંશીએ જણાવ્યું હતું કે, પ્રાચી જૈન નામની છોકરી સોનમની ઓફિસમાં હતી અને તે સોનમ સાથે વાત કરતી હતી. હવે પોલીસ આ યુવતીની પૂછપરછ કરી રહી છે કે, શું તે સોનમથી નજીક હતી અને શું તેને સમગ્ર ઘટનાને લઈને કોઈ જાણકારી હતી કે નહીં? તમને જણાવી દઈએ કે, આ પહેલા સંજય વર્મા નામના એક વ્યક્તિનું નામ સામે આવ્યું હતું. જ્યારે તપાસમાં સામે આવ્યું હતું કે, સંજય વર્મા બીજું કોઈ નહીં, પરંતુ સોનમનો જ પ્રેમ રાજ કુશવાહ હતો. જેમાં સોનમ અને રાજે સાથે મળીને સમગ્ર કાવતરું ઘડ્યું હતું. જેથી બંનેની વાતચીતથી કોઈને શક



ન થાય. સોમન અને રાજાના લગ્ન નક્કી થયા બાદ સોનમ રાજા સાથે વાત ન કરવાના બહાના શોધતી હતી અને વાતચીત પણ કરવાથી બચતી હોવાનું સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, મધ્ય પ્રદેશના ઈન્દોરના રહેવાસી વેપારી રાજા રઘુવંશી અને સોનમના લગ્ન ૧૧ મે ૨૦૨૫ના રોજ થયા હતા. ત્યારબાદ તેઓ હનીમૂન પર મેઘાલયના સોહરા વિસ્તારમાં ગયા હતા. ૨૩ મેના રોજ તે બંને લાપતા થઈ ગયા અને ૨ જૂનના રોજ રાજાનો મૃતદેહ ચેરાપૂંજી નજીક એક ઊંડી ખીણમાંથી મળી આવ્યો. તપાસમાં સામે આવ્યું કે, સોનમે પોતાના પ્રેમી રાજ કુશવાહ અને ત્રણ કિલર્સ આકાશ રાજપૂત, વિશાલ ચૌહાણ અને આનંદ કુર્મીની સાથે મળીને હત્યાનું ષડયંત્ર રચ્યું હતું.



જર્મનીના વેજેસેકના મનોહર સ્ટેડગાર્ટન ખાતે ચોથા ઓપન એર સમર યોગ સાથે ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ.

# સમાજમાં આબરુ જવાની બીકે દાદાએ એક ઝાટકે લવ સ્ટોરીનો અંત લાવી દીધો

**। (એજન્સી) મુરૈના, તા.૧૯ ।**
મધ્ય પ્રદેશના મુરૈનામાં મંગળવારે થયેલી ૧૯ વર્ષિય મલિશ્કા કડેરાની હત્યા મામલામાં નવા નવા ખુલાસા થઈ રહ્યા છે. પોલીસની પૂછપરછમાં ખુલાસો થયો છે કે મલિશ્કાની હત્યા કોઈ અન્ય નહીં પણ તેના દાદાએ જ કરી હતી. હત્યાનું મુખ્ય કારણ હતું કે તે કોઈ અન્ય યુવકને પ્રેમ કરતી હતી. તેની સાથે જ લગ્ન કરવા માગતી હતી. આ વાતને લઈને તેના પરિવારે હત્યા કરી નાખી. ભાગચીની વિસ્તારના બદરપુર ગામમાં ૧૯ વર્ષિય મલિશ્કાની ગોળી મારીને હત્યા કરવાનો મામલામાં પોલીસને હવે મોટો પુરાવો હાથ લાગ્યો છે. મલિશ્કા સંબંધમાં તેના મામા સૂરજને પ્રેમ કરતી હતી. ત્રણ વર્ષથી બંને એકબીજાના ટચમાં હતા. ઘટનાથી પહેલા ૧૭ દિવસ સુધી સતત તે સૂરજ સાથે વાત કરતી રહેતી. તપાસમાં સામે આવ્યું કે, મલિશ્કાએ પોતાના ફોનમાં સૂરજનો નંબર પતિદેવના નામથી સેવ કર્યો હતો. પોલીસે મુખ્ય આરોપી સિરનામ સિંહની ધરપકડ કરી. અન્ય લોકો સાથે પણ પૂછપરછ ચાલી રહી છે. હત્યાનો પ્લાન કંઈક એ રીતે બનાવ્યો હતો કે, મલિશ્કા પોતાના માતા-પિતાના એક સંબંધીને ત્યાંથી પરત ફરી રહી હતી.

### લાખો કેન્દ્રીય કર્મચારીઓ માટે મોટી જાહેરાત

# UPSમાં સામેલ થનારા કર્મચારીઓને થશે ફાયદો

## UPS માં સામેલ થનારા કર્મચારી હવે ઓલ્ડ પેન્શન સ્કીમ હેઠળ રિટાયર્ડ અને ડેથ ગ્રેચ્યુઈટીના હકદાર રહેશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।**
જો તમે પોતે કેન્દ્રીય કર્મચારીઓ હોવ કે પછી તમારા પરિવારમાં કોઈ કેન્દ્ર સરકારના કર્મચારી કે પછી તમારા પરિવારમાં કોઈ કેન્દ્ર સરકારના કર્મચારી હોય તો આ સમાચાર તમારા કામના છે. લાખો કેન્દ્રીય કર્મચારીઓ માટે સરકાર તરફથી મોટી જાહેરાત કરાઈ છે. કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે જાહેરાત કરી છે કે યુનિફાઈડ પેન્શન સ્કીમ (UPS) માં સામેલ થનારા કર્મચારી હવે ઓલ્ડ પેન્શન સ્કીમ (OPS) હેઠળ રિટાયર્ડ અને ડેથ ગ્રેચ્યુઈટીના હકદાર રહેશે. આ નિર્ણયની સાથે જ કર્મચારીઓની લાંબા સમયથી ચાલી રહેલી માંગણી પણ પૂરી થઈ ગઈ છે. કાર્મિક રાજ્યમંત્રી જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે સરકાર તરફથી લાગૂ કરાયેલી નવી જોગવાઈ NPS હેઠળ આવતા કર્મચારીઓને સોશિયલ સિક્યુરિટી આપવાની સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. સિંહે જણાવ્યું કે યુપીએસમાં સામેલ કેન્દ્રીય કર્મચારીઓ હવે સેન્ટ્રલ સિવિલ સર્વિસિસ (નેશનલ પેન્શન સિસ્ટમ હેઠળ ગ્રેચ્યુઈટી ચૂકવણી) નિયમ ૨૦૨૧ હેઠળ



રિટાયરમેન્ટ અને ડેથ ગ્રેચ્યુઈટીના હકદાર રહેશે. ત્યારબાદ યુપીએસમાં સામેલ થનારા કર્મચારીઓને ૨૫ લાખ રૂપિયા સુધીની ગ્રેચ્યુઈટીનો ફાયદો મળી શકશે. ડિપાર્ટમેન્ટ ઓફ પેન્શન એન્ડ પેન્શનર્સ (DoPPW) તરફથી જારી આદેશમાં કહેવાયું છે કે યુપીએસ હેઠળ કર્મચારીઓને નોકરી દરમિયાન મૃત્યુ કે અક્ષમતાના કારણે નોકરી છોડવા પર ઓપીએસના ફાયદા લેવાનો વિકલ્પ મળશે. DoPPWના સચિવ વી. શ્રીનિવાસે જણાવ્યું કે આ આદેશ કર્મચારીઓની શંકા દૂર કરે છે અને પ્રગતિશીલ છે. ઓલ ઈન્ડિયા એનપીએસ ઓમ્પ્લોઈઝ ફેડરેશનના ચેરમેન મંજીત સિંહ પટેલે આ નિર્ણયને ઐતિહાસિક ગણાવ્યો. તેમણે કહ્યું કે યુપીએસમાં ડેથ કમ રિટાયરમેન્ટ ગ્રેચ્યુઈટી સામેલ થવાથી કર્મચારીઓની ગેરસમજ દૂર થશે. પટેલે કહ્યું કે નોકરીઓ દરમિયાન મોત કે શારીરિક અક્ષમતાઓ થવા પર ઓપીએસનો ફાયદો મળવો કર્મચારીઓ માટે મોટો ન્યાય છે. આ નિયમ લાગૂ થયા બાદ અનેક કર્મચારીઓ યુપીએસને સિલેક્ટ કરશે. DoPPWએ ૨૦૨૧માં સેન્ટ્રલ સિવિલ સર્વિસિસ સંલગ્ન નિયમો બનાવ્યા હતા. જે હેઠળ નિયમ ૧૦માં કહેવાયું હતું કે એનપીએસમાં સામેલ દરેક કર્મચારીને નોકરી દરમિયાન મૃત્યુ કે અક્ષમતાના કારણે નોકરી છોડવા પર એનપીએસ કે ઓપીએસનો ફાયદો પસંદ કરવાનો અધિકાર છે. આદેશમાં કહેવાયું કે યુપીએસ પસંદ કરનારા કર્મચારી સેન્ટ્રલ સિવિલ સર્વિસિસ (પેન્શન) નિયમ ૨૦૨૧ કે સેન્ટ્રલ સિવિલ સર્વિસિસ (અસાધારણ પેન્શન) નિયમ ૨૦૨૩ હેઠળ ફાયદો લઈ શકશે. સરકારના આ નિર્ણયથી કેન્દ્રીય કર્મચારીઓને મોટી રાહત મલવાની આશા છે. યુપીએસમાં ઓપીએસનો ફાયદો સામેલ હોવાથી કર્મચારીઓનો ભરોસો વધશે. સરકાર તરફથી ઉઠાવવામાં આવેલું આ પગલું કર્મચારીઓની સામાજિક સુરક્ષાની સાથે જ તેમના ભવિષ્યનું પણ ધ્યાન રાખે છે.

### લિસ્ટમાં સામેલ કરાયા ૨૦૧૩ ધનીક ભારતીય

# નાની ઉંમરે અઢળક સંપત્તિના માલિક બની ગયા મુકેશ અંબાણીના બંને પુત્રો

**। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।**
મુકેશ અંબાણીના બંને પુત્રો આકાશ અને અનંત અંબાણી સંયુક્ત રૂપથી ભારતના સૌથી ધનવાન વ્યક્તિ બની ગયા છે. ૩૬૦ વન વેલ્થ (પહેલા IIFL વેલ્થ) અને ક્રિસિલના એક રિપોર્ટમાં આ વાતનો ખુલાસો થયો છે કે સૌથી ધનીક ભારતીયોના લિસ્ટમાં અનંત અને આકાશ અંબાણી ૩.૫૯ લાખ કરોડની કુલ સંપત્તિ સાથે ટોપ પર છે. ૩૬૦ વન વેલ્થ અને ક્રિસિલે પોતાના આ સ્ટડીમાં આવા ૨૦૧૩ ભારતીયોને સામેલ કર્યા, જેણે પોતાની મહેનત અને ઈચ્છાશક્તિના દમ પર સંપત્તિ બનાવી. આ બધા વ્યક્તિઓની સંપત્તિ કુલ મળી લગભગ ૧૦૦ લાખ કરોડ રૂપિયા છે, જે દેશની GDP નો લગભગ એક તૃતીયાંશ ભાગ છે. આ રિપોર્ટમાં માત્ર તે લોકોને સામેલ કરવામાં આવ્યા છે, જેની પાસે ઓછામાં ઓછા ૫૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ છે. રિપોર્ટમાં તે વાત પણ સામે આવી છે કે મુંબઈ ભારતનું નાણાકીય કેપિટલ બનતું જઈ રહ્યું છે. અહીં રહેતા ૫૭૭ વ્યક્તિ ૩૬૦ વન વેલ્થ અને ક્રિસિલના સૌથી ધનીક ભારતીયોના લિસ્ટમાં સામેલ છે, જેની કુલ સંપત્તિમાં ૪૦ ટકા સુધીની ભાગીદારી છે. ૧૭ ટકા ભાગીદારી સાથે દિલ્હી બીજા, ૮ ટકા ભાગીદારી સાથે બેંગલુરૂ ત્રીજા અને ૫ ટકા ભાગીદારી સાથે અમદાવાદ ચોથા સ્થાને છે. આ યાદીમાં ૪૦ વર્ષથી ઓછી ઉંમરના ૧૪૩ વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે જેમણે અઢળક સંપત્તિ બનાવી છે, જેમાંથી ઘણાએ ડિજિટલ સાહસો દ્વારા આ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભારતપેના સહ-સ્થાપક શાશ્વત નાકરાણી ૨૭ વર્ષની ઉંમરે આ યાદીમાં સામેલ થનારા સૌથી યુવા વ્યક્તિ છે. આ યાદીમાં ૧૬૧ વ્યક્તિઓ પાસે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ છે, જ્યારે ૧૬૯ વ્યક્તિઓ પાસે ૫૦૦૦ કરોડ રૂપિયાથી ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની વચ્ચેની સંપત્તિ છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ટાટા ગ્રુપ અને અદાણી ગ્રુપ જેવા ઘણા મોટા કોર્પોરેટ ગૃહોના પ્રમોટરો પાસે લગભગ ૩૬ લાખ કરોડ રૂપિયાની સંપત્તિ છે. રિપોર્ટ અનુસાર, બેંકિંગ, ટેલિકોમ અને ઉડ્ડયન ક્ષેત્રો સાથે સંકળાયેલા લોકો પાસે સૌથી વધુ સંપત્તિ છે, જે ૭,૯૦૦ કરોડ રૂપિયાથી ૮,૫૦૦ કરોડ રૂપિયાની વચ્ચે છે. ફાર્માસ્યુટિકલ્સ ક્ષેત્ર સાથે સંકળાયેલા ઘણા ધનિક લોકોનો પણ આ યાદીમાં સમાવેશ થાય છે. તેમના પછી, નાણાકીય સેવાઓ અને આઈટી સાથે સંકળાયેલા લોકોનો સમાવેશ થાય છે.

## તંત્રી લેખ...

# ઈરાન પર ઇઝરાયલી હુમલાની કરી નિંદા

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ચીનના પ્રમુખ શી જિનપિંગ ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધને અટકાવવા શાંતિદૂત બનવાની તત્પરતા દાખવી છે. હાલમાં જ બંને દેશોના વડાએ ફોન પર વાતચીત કરી ઈરાન પર ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા હુમલાની નિંદા કરી હતી. તેમણે તણાવ ઘટાડવા અપીલ પણ કરી હતી. ક્રેમલિનના વિદેશ નીતિ સહાયક યુરી ઉષાકોવે જણાવ્યું હતું કે, બંને નેતાઓ સંમત થયા હતા કે, ઈઝરાયલના આ પગલાં યુનાટેડ નેશન્સ ચાર્ટર અને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરે છે. યુએન ચાર્ટર અને આંતરરાષ્ટ્રીય કાયદાના અન્ય ધોરણોનું ઉલ્લંઘન થયુ હોવાથી ઈઝરાયલની કાર્યવાહીની સખત નિંદા કરવામાં આવી હતી. પુતિન અને જિનપિંગે ઈરાનના ન્યૂક્લિયર પ્રોગ્રામ વિશે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે, આ સમસ્યાને સૈન્ય બળથી ઉકેલી શકાય નહીં. તેના બદલે બંને દેશોએ પ્રદેશમાં વધી રહેલા તણાવને દૂર કરી રાજકીય સંબંધો સ્થાપિત કરવાની જરૂર છે. ઉલ્લેખનીય છે, ઈરાનના ન્યૂક્લિયર પ્રોગ્રામનો ઈઝરાયલ અને તેના સહયોગી પશ્ચિમી દેશો વિરોધ કરી રહ્યા છે. જેના લીધે ઈઝરાયલે ઈરાનની ન્યૂક્લિયર સાઈટ્સ અને સૈન્ય મથકોને ટાર્ગેટ બનાવી હુમલા શરૂ કર્યા છે. ફોન કોલ દરમિયાન જિનપિંગે રશિયાની મધ્યસ્થીના પ્રયાસોને ટેકો આપતાં કહ્યું હતું કે, મોસ્કો ઈરાન-ઈઝરાયલ વચ્ચેનો તણાવ ઘટાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શાંતિપૂર્ણ ઉકેલો સ્થાપિત કરી શકે છે. હાલમાં જ ઈરાન દ્વારા ઈઝરાયલની એક હોસ્પિટલમાં હુમલા બાદ IDF ભડકી ઉઠ્યું છે. આ હુમલાનો બદલો લેવાં ઈઝરાયલના રક્ષા મંત્રી કાટ્ઝે ઈરાનના સુપ્રીમ લીડર ખામેનેઈની હત્યાની ખુલ્લેઆમ ધમકી આપી દીધી છે.



વિશેષ
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

# નારી શક્તિ છે અને નારી નારાયણી પણ છે

ઘણાં પુરૂષો આજે પણ સ્ત્રીનો આદર કરવાને બદલે સ્ત્રીને પગનાં જૂતાં સમાન ગણે છે તો ઘણાં પુરૂષો એવું કહે છે કે સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ છે. આ બન્ને માન્યતાઓ સત્યથી તદ્દન વેગળી અને બેહૂદી છે, અને એ પુરૂષોનો દંભ, મિથ્યા અહં તથા ખોટો ભ્રમ છે. સ્ત્રી તો શક્તિ નો અવતાર અને ભંડાર છે.ઘણાં પુરૂષો પોતાના ઘરમાં પોતાની પત્નીને બેવકૂફ, કમઅક્કલ તથા બુદ્ધિહીન સમજી તેને હંમેશા દબાવવાનો પ્રયત્ન કરતાં હોય છે.વાસ્તવિકતા એ છે કે સ્ત્રી કદી પોતાની મર્યાદા ચૂકતી નથી, બીજુ કે કદીપણ સ્ત્રી પતિની આજ્ઞાનું ઉલ્લંઘન કરતી નથી કારણકે માવતરના સંસ્કાર જ એવા હોય છે કે તારો પતિ જ તારો સાચો સગો અને પરમેશ્વર છે.સ્ત્રીએ આવી માનસિકતા કેળવેલી હોવાથી તે પતિ સાથે ઝાઝી માથાકૂટ કરતી નથી. બાકી સ્ત્રી એ એક એવી શક્તિ છે કે જો વટ ઉપર ચઢી જાય તો ભલભલા ભડવીરને પણ ભોંય ભેગો કરી શકે છે. ઈતિહાસમાં નારી શક્તિના ઘણાં બધાં દાખલા મોજૂદ છે, જેની થોડી ઘણી ઝલક નીચે પ્રમાણે રજૂ કરેલ છે.

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ આનું તાદ્રશ્ય ઉદાહરણ છે. અંગ્રેજ સેના સામે ઘોડા ઉપર બેસીને, પોતાની પીઠ પાછળ નાનકડા બાળકને ઝોળીમાં ભરાવી, ખુલ્લી તલવાર લઈને રણચંડી બની હતી અને અંગ્રેજોના દાંત ખાટા કર્યા હતાં. બીજી તરફ કેકેયી જેવી હઠીલી અને જિદ્દી સ્ત્રી પણ હતી કે જેણે એક રાતમાં જ શ્રી રામના રાજ્યાભિષેકની બાજી ફેરવી નાંખી હતી, તો જીજાબાઈ જેવી વિરલ અને સાહસિક માતા હતી કે જેણે પોતાના પુત્ર શિવાજીને નાનપણથી જ વીરત્વ અને શૂરવીરતાના પાઠ શિખવ્યા હતા.નાથીબાઈ જેવી વીરાંગના હતી જેણે દુશ્મનોના કબજામાં થી પોતાના ભરથારને છોડ-ાવ્યો હતો. તો ફૂલનદેવી જેવી ડાકુરાણી હતી કે જેણે પોતાને બરબાદ કરનારા ૨૧ નરાધમોને ભડાકે દીધાં હતાં. આ તરફ યશોદા કે જે ભગવાન શ્રી કૃષ્ણની પાલક માતા હતી છતાં શ્રી કૃષ્ણને સગી જનેતા કરતાંય વધારે અને વિશેષ પ્રેમ આપ્યો હતો. સાવિત્રીએ પોતાના પતિ સત્યવાનને યમરાજા પાસેથી છોડાવવા ઘણી તાર્કિક દલીલો કરીને યમરાજા પાસેથી પતિને પરત મેળવ્યો હતો. નળરાજાની પત્ની દમયંતિ પતિથી વિખૂટી પડ્યા પછી દરદરની ઠોકરો ખાતી વનમાં ભટકતી હતી, છતાં પોતાના ચારિત્ર્યને અબોટ રાખ્યું હતું. સતિઓ કરતાંય સવાઈ મહાસતિ અનસૂયા હતી કે જેણે ભિક્ષુક રૂપમાં આવેલા અને એના ચારિત્ર્યની કસોટી કરવા આંગણે પધારેલ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને પોતાના તપોબળ અને સતીત્વના પ્રભાવથી નાના બાળકો બનાવી દીધાં હતાં.સીતાજીને પણ પોતાના ચારિત્ર્યની કસોટી રૂપે અગ્નિ પરીક્ષા આપવી પડી હતી.લક્ષ્મણજીની પ ત્ની ઊર્મિલાએ પતિ વિયોગમાં આખું આયખું કાઢી નાંખ્યું હતું. રાણી પદ્માવતીએ અલાઉદ્દીન ખિલજીને તાબે ન થતાં ૧૦૦૦ રાજપૂતાણીઓ સાથે સામૂહિક જૌહર કરી પોતાના પ્રાણની આહુતિ આપી દીધી હતી. સાંસતિયા કાઠીની પત્ની સતિ તોરલે જેસલ જાડેજા નામના ખૂંખાર બહારવટિયાને, પોતાના સતના પ્રભાવથી, ભક્તિને માર્ગે વાળી જેસલ પીર બનાવ્યો હતો. જલારામ બાપાની અર્ધાંગિની વીરબાઈ માતા પતિની આજ્ઞા માથે ચઢાવી સાધુની સેવા કરવા નિકળી પડી હતી.

આમ સ્ત્રી શક્તિના તો ઘણાં ઉદાહરણો છે, માટે સ્ત્રીને હડધૂત કરવાને બદલે એનો આદર સત્કાર કરવો જોઈએ. જે ઘરમાં સ્ત્રીનું સન્માન નથી,એ ઘર નરક સમાન છે.આથી જ સંસ્કૃત માં નારીઓ માટે સુંદર શ્લોક લખાયેલો છે ''યત્ર નાર્યસ્તુ પૂજિતે, રમન્તે તત્ર દેવતા'' મતલબ કે જે સ્થળે નારીનું પૂજન કે આદર થાય છે, ત્યાં દેવો નિવાસ કરે છે.

'નારી સે હૈ ઘર મેં ઉજાલા, બીના નાર કે ઘર અંધિયારા, લાખ કોશિશે કરે આદમી, ફિલ્મી વો નારી સે હારા''.

''નવ કલ્પના નવ રૂપ સે રચના રચી ક્યાં નાર કી, સત્યમ, શિવમ્, સુંદરમ્ સે શોભા બઢી સંસાર કી''.

''નારી નરકની ખાણ નથી એને આપો સન્માન,
નારીથી છે ઊજળો નર, નારી શક્તિ છે મહાન.
એટલા માટે જ એક કવિએ લખ્યું છે કે
'' વસુ (નારી) વિના નર પશુ''.

---

**માનવી અન્ય પાસેની વસ્તુ, પોતાની આસપાસની વ્યક્તિ, અને અન્ય સાથેનાં વ્યવહારથી સુખ દુઃખની પ્રતીતિ કરતો હોય છે**

# સુખ અને દુઃખ આ બે મુખ્ય ભાવ આસપાસ દરેકનાં જીવન ભમતાં હોય છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**પ્રેમ હોય ત્યાં સમર્પણ થાય, કોઈ માટે ત્યાગ કરવાથી વધુને વધુ આનંદ આવતો જાય, એમ પ્રેમ વધુ છે એવું સાબિત થાય, પ્રેમની સાવ સીધી સાદી કોઈ વ્યાખ્યા કરવી હોય તો, એને પોતા પણું કહેવાય! આપણે ત્યાં એટલે જ કહેવાય છે કે પોતાના ના માટે તો સૌ કરે, પારકા માટે કંઈક કરે, તો કહેવાય! અને પારકા માટે કંઈ થતું નથી.**

આપના શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. માનવીના શરીરના ત્રણ અવયવ ખૂબ જ મહત્વના છે, અને એ અવયવમાં સમતા અથવા તો સ્થિરતા આવે તો, જીવન પ્રમાણમાં સમ રહે! કે પ્રગતિ ન થાય તો કંઈ નહીં પણ તોય પતન તો થાય જ નહીં! માનવીય શરીરનાં બે અવયવ આપણે વૈજ્ઞાનિક રીતે પણ સિદ્ધ કરી શકીએ છીએ, અને એક સિદ્ધ થઈ શકતું નથી. માનવીનું મગજ, માનવીનું હૃદય, અને માનવીનું મન, આ ત્રણ અવયવોને કારણે જ આપણે સારા ખરાબ ભાવ અનુભવી શકતા હોઈએ છીએ. મગજની અંદર બુદ્ધિનું સ્થાન દર્શાવ્યું છે, પરંતુ મગજ ઈચ્છા કરતું નથી, ઈચ્છા તો મન જ કરે છે. એટલે મન દ્વારા કોઈ પ્રકારની ઈચ્છા કે ઝંખના થાય, એટલે મગજ ઈચ્છા પૂરી કરવાં અન્ય ઈન્દ્રિયોને કાર્યરત કરે છે, જે ઈન્દ્રિયો દ્રશ્યમાન છે. દરેકની ક્રિયાઓ આ રીતે જ થતી હોય છે, એટલે એ સમજી શકાય એવી વાત છે. ક્યારેક હૃદયની ભાવનાને ઉજ્જ્વળ ભવિષ્ય માટે ઈગ્નોર પણ કરવી પડે છે! આવું બધું દરેક સાથે થાય જ છે. કોઈની ભાવના દુભાય કે દિલ દુખાય, તો એ દુઃખની લાગણી અનુભવે, અને કોઈ સાથે વારંવાર આવું બને તો એનાં મનમાં વિદ્રોહ જાગે, અને પછી, અન્યને કંઈ રીતે હેરાન પરેશાન કરવા એનાં ષડયંત્રોની શરૂઆત થાય,અને આમ જીવન પતન તરફ ગતિ કરે છે. પણ કરુણા એક એવી ભાવના છે, જેને મહેસુસ કરવા માટે હૃદયમાં અમુક પ્રકારના ભાવ હોવાં બહુ જરૂરી છે, તો જ તે અનુભવી શકાય, અથવા અન્ય તરફ વહાવી શકાય, એ વિશે આજે આપણે ચિંતનમાં વાત કરીશું. ભાવ નાં બે મુખ્ય સ્વરૂપ છે, એક ખુશીનો એટલે કે સુખનો ભાવ અને બીજો દુઃખનો ભાવ. લગભગ દરેકના જીવન આ બે મુખ્ય ભાવો ની વધઘટની આસપાસ જ ભમતા હોય છે, જેમાં ક્યારેક શારીરિક ઘાત પ્રત્યાઘાતનું પણ યોગદાન હોય છે, તો ક્યારેક માત્ર શબ્દોથી સુખ દુઃખનો ભાવ ઉદ્ભવતો હોય છે, તો ક્યારેક અન્યના વગર બોલે થતાં વ્યવહારથી પણ સુખ દુઃખનો ભાવ થાય છે, અને આવું જેની સાથે થાય એ પછી એનાં નિજ અનુભવ તરીકે સિદ્ધ થાય છે. કોઈનું આવવું, કોઈનું જવું, કોઈનું બોલવું, કોઈનું મૌન રહેવું, આ બધી જ ક્રિયા અને પ્રતિક્રિયાથી ભાવનો જન્મ થતો હોય છે. કોઈની એક નજરથી કામ થઈ જતું હોય છે, તો કોઈનું એક મોહક સ્મિત કામ કરી જતું હોય છે, બસ આ પ્રેમ નામની લાગણી બધા જ પ્રત્યે આટલી જ તીવ્રતાથી અનુભવાય ત્યારે જ કરુણા સમજાય. પ્રેમ હોય ત્યાં સમર્પણ થાય, કોઈ માટે ત્યાગ કરવાથી વધુને વધુ આનંદ આવતો જાય, એમ પ્રેમ વધુ છે એવું સાબિત થાય. પ્રેમની સાવ સીધી સાદી કોઈ વ્યાખ્યા કરવી હોય તો,એને પોતા પણું કહેવાય! આપણે ત્યાં એટલે જ કહેવાય છે કે પોતાના ના માટે તો સૌ કરે, પારકા માટે કંઈક કરે, તો કહેવાય! અને પારકા માટે કંઈ થતું નથી, આ એક સત્ય હકીકત છે. જ્યારે પણ કંઈક થાય ત્યારે પારકા પણાનો ભાવ ઓછો થતો જાય તો જ સાચું. ક્યાંક સ્વર્ગ નર્ક નાં ભયને કારણે થતું હોય, કે ધાર્મિક પરંપરાઓનાં નામે થતું હોય! બાકી તો જ્યાં સુધી પોતાપણાનો ભાવ આવે નહીં, ત્યાં સુધી પ્રેમ અધૂરો છે, અથવા તો સંસારી છે એમ કહી શકાય! હમણાં એક કથામાં બાપુએ પ્રેમ પંચકની વાત કરી હતી! એની પર ફરી કોઈવાર વાત, પણ આપણે ત્યાં પ્રેમ આગળ પરમપ્રેમ અથવા તો અમર પ્રેમ એવો શબ્દ પણ લગાડવામાં આવે છે, અને એ પ્રેમની પરાકાષ્ઠાની અવસ્થા છે, જ્યાં એની માટે કોઈ પારકું નથી, બધા જ પોતાના છે!: અને આવો પ્રેમ હતો રાધા ક્રિષ્નનો કે જેને આપણે આજે પણ યાદ કરીએ છીએ. પરંતુ આપણામાં બહુ સ્વાભાવિક રીતે જ આવો ભાવ આવે નહીં, કારણ કે આપણે તો મારું મારું કરવા વાળા! પણ જો ઈચ્છીએ તો વેદ ઉપનિષદથી શરૂ કરીને રામચરિત માનસ સુધીનાં તમામ વૈદિક ગ્રંથોમાં કહ્યા મુજબ દરેક જીવાત્મા માં ઈશ્વરનો વાસ છે, અને અચેતન વિશ્વમાં પણ ઈશ્વર સચરાચર વ્યાપેલ છે! માનવી અન્ય પાસેની વસ્તુ, પોતાની આસપાસની વ્યક્તિ, અને અન્ય સાથેનાં વ્યવહારથી સુખ દુઃખની પ્રતીતિ કરતો હોય છે. સારાં ખરાબ કોઈ પણ ભાવની પ્રતીતિ થાય એટલે આપણું હૃદય એ દિશામાં કામ કરે છે એવું સાબિત થાય. આપણે આ પ્રતીતિનો ભાવ નકારાત્મક એટલે કે દુઃખ આપનારો હોય તો ત્યાં હકારાત્મક ભાવ એટલે કે સુખની પ્રતીતિ કરવાની છે, કારણકે પહેલા આપણે આપણા જીવનથી સંતુષ્ટ હોઈએ તો બીજાને કરી શકીએ! સર્વ પ્રથમ તો આપણી કરતાંયે દુનિયામાં કેટલાય દુઃખી છે! જેની આગળ મારું દુઃખ તો કંઈ નથી! એમ કરી દુઃખને ઈગ્નોર કરતાં જવાનું! અને હકીકત એ જ છે, કે આપણને આપણા દુખડા રડવાની ટેવ પડી ગઈ છે, એટલે જ બીજાનાં દુઃખ દર્દ દેખાતા નથી! આ વિશ્વમાં કેટલાય એવા છે, જેને રહેવાં છત નથી, જમવા માટે આહાર નથી, પહેરવા માટે કપડાં નથી! ચપ્પલ નથી, માંદગી માં દવા નથી, ત્યાં મનોરંજન તો ક્યાંથી હોય! અને તોય દુનિયાભરનું દુઃખ તો આપણને જ હોય એમ આમ થયું! તેમ થયું! એમ કરીને આ કિંમતી સમય વેડફી રહ્યા છીએ. માનવીની પ્રાથમિક જરૂરિયાતોનું લિસ્ટ બનાવી અને આપણી પાસે જે જે વસ્તુઓ ઉપલબ્ધ છે, એની સામે ખરાની નિશાની કરતાં જઈએ, તો આપણને જોઈએ એની કરતાં વધુ આપણી પાસે છે, એ સાબિત થશે! એટલે સ્થૂળ વસ્તુનો અભાવો આ રીતે દૂર કરી શકાય! હવે વ્યક્તિ પર આવીએ! તો માનવી મોટે ભાગે અંદરો અંદરના વ્યવહારથી પરેશાન હોય, અને એને કારણે હૃદયમાં સુખ દુઃખની પ્રતીતિ થતી હોય છે, તો એનો જેમ સ્વભાવ છે, એમ મારો પણ કંઈક સ્વભાવ છે, અને મને જેમ એના સ્વભાવથી દુઃખ થાય છે, તેમ મારી અમુક માનસિકતાને કારણે અન્યને પણ દુઃખ થતું હશે! એવું વિચારી શકાય, અને આ રીતે અન્યના સ્વભાવને સ્વીકારવાની શરૂઆત કરી શકાય, એ રીતે ત્યાં આગળ હઠાગ્રહ, પૂર્વગ્રહ, કે દુર્વાગ્રહ, કે પોતાનો કોઈ આગ્રહ હોય તો એ ગ્રંથિ છોડી અને એ ભાવને હકારાત્મક બનાવી શકાય! અને આ એક જ રસ્તો છે, કે જે રીતે સુધારો થાય! બાકી સુધારવા માટે જ્યાં સુધી અન્યની રાહ જોઈશું અથવા સુધરે કેમ નહીં એમ વિચારી કોઈ ને સુધારવામાં ક્યાં સુધી સમય વેડફી શું ? આપણો સમય કીમતી છે! બસ પછી વાત આવે છે વ્યવહારની તો સ્વભાવમાંથી કર્કશતા દૂર થતાં જ આપણો મૂળ સ્વભાવ એટલે કે માનવતા ઉજાગર થશે! જ્યાં અન્યનાં દુઃખ દર્દ માત્ર સ્પર્શશે નહીં! પણ અનુભવાશે અને એ રીતે સરખી વેદના એટલે કે સંવેદનાનો ભાવ આપણાં હૃદયમાં વહેશે, જ્યાં પછી કોઈ પારકું ન્હોય, બધાં જ પોતાનાં ! અને આ ભાવને કરુણાનો ભાવ કહેવાય કે જે એકવાર પ્રગટે પછી જન્મોજન્મ સાથે ચાલે છે. આપણે ઘણીવાર કહેતા હોઈએ છીએ કે પેલા બેન તો બહુ દયાળુ છે, અને પેલા ભાઈ એ તો પોતાની બધી મિલકત આવાં દિન દુખીયા માટે વાપરી નાખી! તો કરુણા કોને કહેવાય, અને એ કંઈ રીતે પ્રગટે એ જાણ્યા પછી , ઈશ્વરે આપણી હેસિયત કરતાં આપણને વધુ આપ્યું છે! એ સત્યને સ્વીકારી, સમાજનાં તરછોડાયેલા વર્ગ તરફ કરુણા વહાવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**જે આનંદ વૈકુંઠમાં મળે તે જ આનંદ ભાગવત કથામાં મળે છે, પરંતુ જો તે પ્રેમપૂર્વક કરવામાં કે સાંભળવામાં આવે તો, કથામાં જગની વિસ્મૃતિ થાય**

# બાળપણનો વરસાદ આવતો નથી તેવું કોણે કહ્યું કે... હું પોતે જ કાગળની હોડીઓ બનાવવાનું ભૂલી ગયો છું! વરસાદ હજુ પણ વરસાદ છે ફક્ત હું મારો સમય ભૂલી ગયો છું



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભાગવત એવો ગ્રંથ નથી કે મર્યા પછી મુક્તિ અપાવે, તે તો મર્યા પહેલાં મુક્તિ અપાવે છે, વેદાંતના દિવ્ય સિદ્ધાંતો વ્યાસજીએ આ મહાત્મ્યમાં ભરી દીધા છે.સત્કર્મ વિવિધપૂર્વક કરવામાં આવે તો તે દિવ્ય બને છે, સત્કર્મને કાળનો નિયમ નથી, સત્કાર્યને તરત કરવું, એને કદાપિ મુલતવી રાખવું નહીં, ધર્મરાજા યુધિષ્ઠિર પાસે એક યાચક દાન માગવા આવ્યો, ધર્મ રાજાએ તેને બીજે દિવસે આવવા કહ્યું.**

નાનપણમાં હું પ્રાર્થના કરતો કે ખૂબ વરસાદ પડે જેથી મને શાળામાંથી રજા મળે... હવે મને ડર છે કે જો વરસાદ બંધ નહી થાય તો હું મારી ઓફિસ ચૂકી જઈશ!! મારી માનસિકતા જ મને વિહવળ કરે છે.વરસાદી માહોલમાં થોડી જૂની પણ ચોટદાર વાત કરી આજે લેખની શરૂઆત પહેલાં સંતોષી નર સદા સુખી. આ સંતોષ કેવો હોવો જોઈએ. એક સંત પાસેથી જાણીએ એક વાર એક સંત નદી કિનારે ઉભા હતા અને તેના મોજાઓને ખૂબ જ ધ્યાનથી જોઈ રહ્યા હતા. તે દરમિયાન એક ગરીબ માણસ તેમની પાસે આવ્યો અને કહ્યું, ''હે મહાન સંત! હું પૈસાના અભાવે ઘરે ઘરે ભીખ માંગી રહ્યો છું. મારા બાળકો ભૂખથી રડીરહ્યા છે.મારું જીવન ખૂબજ દુઃખી થઈ ગયું છે.જો મને તમારા જેવા તપસ્વી સંતના આશીર્વાદ મળે, તો મારી પરિસ્થિતિ સુધરી શકે છે.'' સંતે ખૂબ જ પ્રેમથી પૂછ્યું મને કહો કે હું તમને કેવી રીતે મદદ કરી શકું. ગરીબ માણસે કહ્યું, કૃપા કરીને મારા માટે થોડા પૈસાની વ્યવસ્થા કરો. સંતે કહ્યું, મારી પાસે એટલા પૈસા નથી પણ નદીના બીજા કિનારે જ્યાં રેતીનો ઢગલો છેત્યાં જાઓ, કદાચતમારું નસીબ ચમકશે. ગઈકાલે મેં પારસ મણિને ત્યાં પડેલો જોયો ગરીબ માણસ આ માહિતી મેળવીને ખૂબ ખુશ થયો અને તરત જ રેતી ના ઢગલા તરફ દોડ્યો.તે ત્યાંગયો અને પારસમણિને શોધવા લાગ્યો થોડીવાર પછી તેને ખરેખર તે મણિ ત્યાં પડેલો મળ્યો તે ગરીબ માણસના હાથમાં એક લાકડી હતી,જેની ધાર પર થોડું લોખંડ હતું.તેણે તે લોખંડ પારસ મણીને સ્પર્શ કર્યો, બધુ લોખંડ સોનામાં ફેરવાઈ ગયું. તે ગરીબ માણસના આનંદની કોઈ સીમા ન રહી, તે ખુશીથી નાચવા લાગ્યો. પણ પછી અચાનક તેના મનમાં એક વિચાર આવ્યો કે, સંત પાસે એવી કઈ વસ્તુ કે પારસ છે, જેના કારણે પારસમણી પણ તેનેનકામી લાગે છે. તે ફરીથી સંત પાસે પાછો ગયો અને કહ્યું ''કરુણાળુ સંતજી. આ વખતે હું કંઈ માંગવા આવ્યો નથી, મારે ફક્ત એક માહિતી જોઈએ છે. કૃપા કરીને મને કહો કે એવી કઈ વસ્તુ છે જે મેળવીને તમે પારસ મણીને પણ પથ્થર જેટલી નકામી સમજીને ત્યાંજ છોડી દીધીહતી? આના જવાબમાં સંતે તેના મોઢા માંથી ફક્ત ત્રણ અક્ષરોનો એક નાનો શબ્દ બોલ્યો-''સંતોષ''!! હવે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભાગવત ભગવાનની કથા સાંભળ્યા પછી તેમાંથી કાંઈક લઈ જાવ તો જીવનનો ઉદ્ધારથશે મારા પાછળ છોકરાઓ ભાગવત સપ્તાહ બેસાડે તેવી ઈચ્છારાખવા કરતાં જીવતા જ ભાગવતમય જીવન જીવો તે ઉત્તમ છે. બધાને ખાતરી થઈ કે ધુંધુકારીની જેમ અમે કથા સાંભળી નહીં, તેથી અમને તેમના જેવી ગતિ મળી નહીં. કથાનું મનન કરો તો તે ઉત્તમ છે,પણ તે વગર કથા સાંભળો તો પણ લાભતો છે જ. તે પછી શ્રાવણ માસમાં ગોકર્ણે બીજી વખત આ કથા કહી ત્યારે સર્વનો ઉદ્ધાર થયો. તે વખતે ભક્તિ મહારાણી જ્ઞાન અને વૈરાગ્ય લઈને ત્યાં પધાર્યા. કથાથી ભક્તિ મહારાણી પ્રગટ થાય છે. ભક્તિ મહારાણી આનંદિત થયાં. મૂર્છિત થયેલા એટલે કે ક્ષીણ થયેલા જ્ઞાન-વૈરાગ્યને પુષ્ટ કરવા, જાગૃત કરવા,યુવાન કરવા ભાગવતની કથા છે. ગોકર્ણના સભા મંડપ માં ભગવાન પ્રગટ થાય છે.ભગવાને કહ્યું,હું તમારા કથા-કીર્તનથી પ્રસન્ન થયો છું. તમે કોઈ વરદાન માગો. ત્યારે સનતકુમારો કહે છે કે,જે શ્રીકૃષ્ણ ની કથા કરે,કીર્તન કરે,તેવા વૈષ્ણવોના હૃદયમાં આપ વિરાજો, જે આનંદ વૈકુંઠમાં મળે છે તે જ આનંદ ભાગવત કથામાં મળે છે, પરંતુ જો તે પ્રેમપૂર્વક કરવામાં કે સાંભળવામાં આવે તો,કથામાં જગની વિસ્મૃતિ થાય છે. ભાગવત એવો ગ્રંથ નથી કે મર્યા પછી મુક્તિ અપાવે. તે તો મર્યા પહેલાં મુક્તિ અપાવે છે. વેદાંતના દિવ્ય સિદ્ધાંતો વ્યાસજીએ આ મહાત્મ્યમાં ભરી દીધા છે. સત્કર્મ વિવિધ પૂર્વક કરવામાં આવે તો તે દિવ્ય બને છે. સત્કર્મને કાળનો નિયમ નથી. સત્કાર્યને તરત કરવું. એને કદાપિ મુલતવી રાખવું નહીં. ધર્મરાજા યુધિષ્ઠિર પાસે એક યાચક દાન માગવા આવ્યો.ધર્મ રાજાએ તેને બીજે દિવસે આવવા કહ્યું.આ વાત ભીમસેને સાંભળી એટલે તરત તે વિજય દુંદુભિ વગાડવા લાગ્યો. બધાને લાગ્યું કે,આ ભીમ સેનનું ખસી તો નથી ગયું ને?ભીમને કારણ પૂછ્યું, અત્યારે કયો વિજય થયો છે કે તું દુંદુભિ વગાડે છે. ભીમે કહ્યું કે, આજે મોટાભાઈ એ કાળ ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે.તેમની ખાતરી છે કે પોતે આવતી કાલ સુધી જીવવાના જ છે.તેથી તેના વિજયમાં આ દુંદુભિ વગાડું છું ધર્મરાજાને પોતાની ભૂલ સમજાઈ તેમણે યાચકને તરત પાછો બોલાવ્યો અને યથાયોગ્ય દાન આપ્યું. માટે સત્કાર્ય તરત કરો. જીવમાત્રને રોગ થયો છે. જીવને ઈશ્વરનો, શ્રીકૃષ્ણનો વિયોગએ મોટામાં મોટો રોગ. ભાગવત એ ભવરોગની દવા છે. પણ દવામાં જેમ ચરી પાળવી જોઈએ, તેમ કથામાં તેની વિધિ જાળવવી જોઈએ. શુભ મુહૂર્તે કથાનો પ્રારંભ કરવો જોઈએ. વક્તાનાં લક્ષણોબતાવ્યાં છે. વિરક્તપણુંએ પહેલું લક્ષણ બતાવ્યું છે. શુકદેવજી પણ જગત ને જોતા હતા પણ નિર્વિકાર હતા આપણે જગતને જોઈએ, ત્યારે આંખમાં વિકાર આવે છે. શુકદેવજી દરેક સ્ત્રી-પુરુષને ભગવદ ભાવથી જોતા હતા.દરેક સ્ત્રી-પુરુષને ભગવદભાવથી જુઓ વૈરાગ્ય એટલે શું? ભોગના અનેક પદાર્થો મળે છતાં મન તેમાં ન જાય તે વૈરાગ્ય. જગતને છોડવાની જરૂર નથી, પરંતુ જગતને કામદૃષ્ટિથી, ભોગ દૃષ્ટિથી ન જુઓ.દોષદૃષ્ટિ હોય ત્યાં સુધી દેવદૃષ્ટિ થતી નથી. ઉપદેશ આપનાર બ્રાહ્મણ હોવો જોઈએ, ધીરગંભીર હોવો જોઈએ દૃષ્ટાંત કુશલ હોવો જોઈએ, અને અતિ નિઃસ્પૃહ હોવો જોઈએ, તેને દ્રવ્યનો કે કીર્તિનોય મોહ ન હોવો જોઈએ. સર્વ પ્રકારના ઘરબાર, દુકાન, ચિંતા છોડીને કથામાં બેસો. વક્તા-શ્રોતા મનથી, આંખથી, વાણીથી, પ્રત્યેક ઈન્દ્રિયથી બ્રહ્મચર્ય પાળે. ઊર્ધ્વરેતા થયા વગર મન સ્થિર થતું નથી. ઊર્ધ્વરેતા બ્રહ્મચર્ય પાળવાથી થવાય છે. ક્રોધ કરવાથી પુણ્યનો ક્ષય થાય છે, વક્તા-શ્રોતા ક્રોધ ન કરે. વિધિપૂર્વક કથા શ્રવણ કરનાર વૈષ્ણવો યમપુરીમાં જતા નથી, વૈકુંઠમાં જાય છે. જે ભાગવતની કથા પ્રેમથી સાંભળે છે તેનો સંબંધ ભગવાન સાથે થાય છે, ભાગવતએ ભગવાનનું સાક્ષાત્ સ્વરૂપ છે; ભગવાનનું વાઙ્મય છે. વેદાંતાધિકાર સર્વને નથી. નિત્ય- નિત્યવસ્તુ-વિવેક, ષડ્ઃસંપત્તિ અને ફલભોગવિરાગ વિના વેદાંતાકાર નથી. વેદોના ત્રણ વિભાગ કરી કર્મ કાંડ, જ્ઞાનકાંડ, ઉપાસનાકાંડ,તે રીતે તેના અધિકારી ઠરાવ્યા છે. ત્યારે ભાગવત સર્વને માટે છે. ભાગવતનો આશ્રય કરશો, તો ભાગવત તમને ભગવાનની ગોદ માં બેસાડશે. તમને નિર્ભય અને નિઃસંદેહ બનાવશે. ભાગવતના શ્લોક ૧૮,૦૦૦ કેમ? આઠ પ્રકૃતિના આઠ અને નવમા ઈશ્વર. નવમો આંક પૂર્ણતા દર્શાવે છે. ખાવું કેવી રીતે, બોલવું કેવી રીતે, ચાલવું કેવી રીતે,પત્ર લખવો વગેરે બધું ભાગવતમાં બતાવ્યું છે. આ એક જ ગ્રંથનો આશ્રય કરવાથી સઘળું જ્ઞાન મળશે. આ ગ્રંથ પૂર્ણ છે. ભાગવત એ ભગવાન નારાયણનું સ્વરૂપ છે. જગત અને ઈશ્વરનું, જીવ અને જગતનું, જીવ અને ઈશ્વરનું જ્ઞાન ભાગવતમાંથી મળશે. કેવળ જાણેલું કામ આવશે નહીં, પણ જીવનમાં ઉતારેલું કામ આવશે. ગાંધીજી પણ કહેતા કે, અઢી મણ જ્ઞાન કરતાં આચરણનું અધોળ શ્રેષ્ઠ છે. પ્રભુના દિવ્ય સદગુણોને જીવનમાં ઉતારો. પૂર્વજન્મનો વિચાર ન કરો જનક રાજાએ પોતાના પૂર્વજન્મો જોવા ઋષિ યાજ્ઞવલ્ક્ય પાસે માગણી કરી યાજ્ઞવલ્ક્ય તેને તેના પૂર્વ જન્મો બતાવ્યા. જનકરાજાએ જોયું કે, પોતાની પત્ની અગાઉના એક જન્મમાં પોતાની માતા હતી. તેઓને દુઃખ થયું. તેથીએ પૂર્વ જન્મના વિચારો ન કરો.આ જન્મ જ સુધારવા પ્રયત્ન કરો. કથાએ પણ કીર્તન ભક્તિનુંસ્વરૂપ છે અને કીર્તનભક્તિ દ્વારા જે પરમાત્માના દર્શન થાય છે, એ કથા શ્રવણ દ્વારા પણ થઈ શકે છે સંસારનો જીવમાત્ર વ્યાસ નારાયણનો શિષ્ય છે. ભાગવત એ મૃત્યુ સુધારનારી ઔષધિ છે. મૃત્યુ કોને નથી? મૃત્યુનો ડર કોને નથી?સૌને છે, એટલે સૌને આ ઔષધિની જરૂર છે. પરમાત્મા શ્રીકૃષ્ણનુંનામસ્વરૂપ એ આ ભાગવત છે. પરમાત્માએ જગતમાં પોતાનું સ્વરૂપ છુપાવ્યું છે, પણ નામ છુપાવ્યું નથી,પણ નામ પ્રગટ રાખ્યું છે.માટે પરમાત્માના નામ સાથે પ્રીતિ કરો. નામ સાથે પ્રીતિ થાય ત્યારે જ વાસના છૂટે છે. જ્યાં નામ છે ત્યાં પરમાત્માને પ્રકટ થવું જ પડે છે. ભાગવતએ પરમાત્માનું નામ સ્વરૂપ છે, માટે તે દિવ્ય છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત,આજે બસ અહીં અટકીએ અસ્તુ.



## શ્રદ્ધા કપૂર પોતાની આગામી ફિલ્મમાં લાવણી નૃત્યાંગનાનો રોલ કરશે

### આ ફિલ્મ સ્ત્રીની હિંમત, કલા માટે પ્રેમ અને પુરુષ પ્રધાન સમાજમાં આગળ વધતી સ્ત્રીઓ વિશે છે

એક તરફ એક્ટર્સના આવનારા બે ત્રેણ વર્ષના કેલેન્ડર વ્યસ્ત થઈ ગયા હોય છે, ત્યાં બીજી તરફ શ્રદ્ધા કપૂરની છેલ્લી ફિલ્મ ‘સ્ત્રી ૨’ને તો ઘણો સારો પ્રતિસાદ મળ્યો પછી તેની હવે પછીની ફિલ્મ કઈ હશે એ અંગે તેના ફૅન્સ રાહ જોઈ રહ્યા છે. તે મેડોકની કોઈ એક ફિલ્મમાં કામ કરવાની હોવાના અહેવાલો પણ થોડાં દિવસ પહેલાં હતાં. હવે એવા અહેવાલો છે કે શ્રદ્ધાની આવનારી ફિલ્મ વાસ્તવિક વ્યક્તિના જીવન પર આધારીત છે, જે એક શક્તિશાળી રોલ હશે.શ્રદ્ધા લક્ષ્મણ ઉટેકર સાથે આ ફિલ્મ કરી રહી છે, જેમણે વિકી કૌશલની ‘છાવા’ બનાવી હતી. આ વખતે તે મહારાષ્ટ્રનાં જાણીતા લાવણી લોક નૃત્યાંગના વિઠાબાઈ નારાયણગાંવકરનો રોલ કરશે. આ એક મોટો અને પડકારરૂપ રોલ છે અને શ્રદ્ધા તેમાં પોતાનું શ્રેષ્ઠ કામ કરવા તૈયાર છે. વિઠાબાઈ માત્ર નૃત્યાંગના નહોતાં પરંતુ એક બહાદુર મજબુત મહિલા હતાં. તેમણે વર્ષો સુધી મંચ પર લાવણી કરી, સંઘર્ષમય સમયમાં પણ તેઓ સ્ટેજ સાથે જોડાયેલાં રહ્યાં હતાં. તેમનાં જીવનની એક ખુબ જાણીતી વા એ છે કે તેમણે પોતાનાં બાળકને જન્મ પણ બેકસ્ટેજ એક શો દરમિયાન જ આપ્યો હતો. ત્યાં તેમને બાળકને જન્મ આપવામાં મદદ કરવા માટે કોઈ જ નહોતું, ત્યારે એક પત્થરની મદદથી તેમણે બાળકની નાડ કાપી હતી અને ફરી સ્ટેજ પર જઈને પોતાની પ્રસ્તુતિ પણ પુરી કરી હતી. તેમનું પોતાની કળા માટે આ સ્તરનું માન અને સમર્પણ હતું. આમ આ ફિલ્મ માત્ર લાવણી નૃત્યની વાત નથી કરતી. આ ફિલ્મ મહિલાની હિંમત, કળા માટેનો તેનો પ્રેમ અને સમર્પણ અને પુરુષ પ્રધાન વિશ્વમાં તેમણે કઈ રીતે પોતાનું સ્થાન બનાવ્યું, તેની વાત છે. સુત્રોના કહેવા અનુસાર આ ફિલ્મ વિઠાબાઈના જીવન પર આધારીત પુસ્તક પરથી બનશે જેમાં તેમનાં જીવન અને સંઘર્ષ, વિજય અને ઈમાનદારીની વાત કરવામાં આવશે, આ ફિલ્મમાં જાણીતા સંગીતકાર બંધુ અજય અતુલનું સંગીત હોવાની ચર્ચા છે તેમજ આ વિષયની વાર્તા મજબુત છે. તેથી આ ફિલ્મ શ્રદ્ધાની કૅરીઅર માટે પણ મહત્વની છે. ઈતિહાસનું આટલું મજબુત પાત્ર ભજવવું એ કોઈ સહેલી વાત નથી.

# ‘સિંઘમ અગેઇન’ની નિષ્ફળતા પછી રોહિત શેટ્ટી છાશ પણ ફૂંકીને પીવે છે



**અજય સાથે આગામી ફિલ્મ એક્શન-આધારિત નહીં બનાવશે**


રોહિત શેટ્ટી બોલિવૂડના સૌથી પ્રભાવશાળી ડિરેક્ટર પૈકીનો એક છે. એક્શન અને કોમેડી-આધારિત ફિલ્મોમાં તેની મજબૂત પકડ છે. જો કે, અજય દેવગણ સાથેની ૩૫૦ કરોડની ‘સિંઘમ અગેઈન’ના ફલોપ બાદ તે હવે એક્શન ફિલ્મોથી થોડો વિરામ લેવાના મૂડમાં લાગે છે. બૉક્સ ઑફિસની કમાણીને જોતાં તેની ફિલ્મ હિટ કે ફલોપ છે તે નક્કી થાય છે. હંમેશા મોટા બજેટની ફિલ્મો માટે સૌથી મોટું કામ એ જ હોય છે કે, ફિલ્મ પાછળ થતો ખર્ચ શક્ય એટલો ઝડપથી પરત મળી જાય. રોહિત શેટ્ટીની છેલ્લી ફિલ્મ ‘સિંઘમ અગેઈન’ સાથે પણ એ જ થયું. એક્શન ફિલ્મો માટે જાણીતા ડિરેક્ટર રોહિટ શેટ્ટીએ ‘સિંઘમ અગેઈન’ માટે ૩૫૦ કરોડ રૂપિયા પાણીની જેમ ખર્ચી નાખ્યા હતા. રોહિતને તેની યોગ્યતા અને અજય દેવગણ પર વિશ્વાસ હતો કે આ ફિલ્મ બૉક્સ ઓફિસ પર હિટ થશે, પરંતુ ફિલ્મના નિરાશાજનક પરિણામને ધ્યાનમાં લેતાં રોહિત હવે અજય સાથે એક્શન ફિલ્મોથી દૂર રહેવાના મૂડમાં છે. ૩૫૦ કરોડની ‘સિંઘમ અગેઈન’એ ભારતમાં ૨૪૧.૭૧ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. આ ફિલ્મથી અજય અને રોહિતને ખૂબ અપેક્ષાઓ હતી, કારણ કે તેમણે ફિલ્મને હિટ બનાવવા તેમણે ફિલ્મમાં અનેક સ્ટાર કાસ્ટ કર્યા હતા. અક્ષય કુમાર, રણવીર સિંહ, ટાઈગર શ્રોફ, જેકી શ્રોફ, અર્જુન કપૂર, દીપિકા પાદુકોણ અને કરીના કપૂર વગેરે. જો કે, આ સૌ સ્ટાર્સ મળીને પણ રોહિતની ‘સિંઘમ અગેઈન’ને હિટ ના બનાવી શક્યા. ‘સિંઘમ અગેઈન’ ફલોપ થયા બાદ રોહિત શેટ્ટીએ નિર્ણય કરી લીધો હતો કે હવે તે અજય દેવગણ સાથે આગામી ફિલ્મ એક્શન-આધારિત નહીં બનાવશે. તેણે એક ઈન્ટરવ્યૂમાં આ વાત કરતા કહ્યું હતું કે, ‘હાલ હું એક્શન ફિલ્મો પર ધ્યાન નહીં આપું. હવે હું અજય સાથે કોમેડી ફિલ્મ બનાવીશ.’ અને થયું પણ એવું જ. ‘ગોલમાલ’, ‘સન્ડે’, ‘ઑલ ધ બેસ્ટ’, ‘સિંઘમ’, ‘બોલ બચ્ચન’, ‘સિંઘમ રિટર્ન્સ’, ‘સિમ્બા’ અને ‘સૂર્યવંશી’ જેવી ફિલ્મોમાં રોહિત અને અજયે સાથે કામ કર્યું છે.લાંબા બ્રેક વચ્ચે રોહિતે અજય સાથેની મિત્રતા પર કોઈ અસર પડવા નથી દીધી, પરંતુ તે એક્શનની બદલે કોમેડી ફિલ્મ બનાવવા જઈ રહ્યા છે.

### ૫૦ કરોડની ફિલ્મને ફ્લોપથી બચાવી શક્યા નહીં...




હાલમાં સમાચાર એવા મળ્યા છે કે રોહિત અને અજય કોમેડી ફ્રેન્ચાઈઝી ‘ગોલમાલ ૫’ માટે સાથે કામ કરી રહ્યા છે. મળેલી માહિતી મુજબ, ‘ગોલમાલ ૫’ પર કામ શરૂ થઈ ગયું છે, અને ફિલ્મની વાર્તા સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી લૉક થઈ જશે. રિપોર્ટ્સ અનુસાર ગોલમાલ સીરિઝના આવનારા પાર્ટમાં અજય દેવગણ સિવાય ફરી એકવાર અર્શદ વારસી, તુષાર કપૂર, કુણાલ ખેમુ, શ્રેયસ તલપડે અને જોની લીવર જેવા કલાકારો જોવા મળી શકે છે.એવું નથી કે રોહિત શેટ્ટીએ એક્શન ફિલ્મો બનાવવાનું બિલકુલ બંધ કરી દીધું છે. રોહિત એક્શન ફિલ્મો બનાવશે, પરંતુ થોડા વિરામ બાદ. ડિરેક્ટર હાલ જોન અબ્રાહમ સાથે રાકેશ મારિયાની બાયોપિકનું શૂટિંગ કરી રહ્યા છે, જે ૨૦૨૬ની શરૂઆતમાં મોટા સ્ક્રીન પર રિલીઝ થશે. રિયલ લાઈફ સ્ટોરી પર આધારિત આ ફિલ્મમાં જ્હોન લીડ રોલમાં જોવા મળશે. રાકેશ મારિયાની બાયોપિકનું કામ પૂર્ણ થઈ જશે, ત્યાર બાદ રોહિત તેના ખાસ મિત્ર અજય સાથે ‘ગોલમાલ ૫’નું શૂટિંગ શરૂ કરશે.

# હું તૂટી ગયો છું, માનસિક સ્વાસ્થ્ય અંગે વાત કરી



આખરે જસટીન બીબરે પોતાની માનસિક સ્થિતિ અંગે ખુલીને વાત કરી છે, છેલ્લાં કેટલાંક સમયથી તે વિવિધ પ્રકારની પોસ્ટ થકી શંકા ઉપજાવે તેવી વાત કરતો રહ્યો હતો. જસ્ટીન બીબરે આખરે પોતાના મનની વાત કરી, જેનાથી તેના છેલ્લાં ઘણા વખતના વિચારો પાછળનાં કારણ સામે આવી ગયા છે.જસ્ટીને પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું, “લોકો મને વારંવાર સાજાં થવાનું કહેતાં રહે છે. તમને નથી લાગતું કે જો હું મારી જાતને ઠીક કરી શકતો હોત તો પહેલાં જ કરી નાખી હોત. મને ખબર છે હું તુટી ચૂક્યો છું. મને ખબર છે કે મને ગુસ્સે થવાની સમસ્યા છે. મેં આખી જિંદગી લોકોએ મને કહ્યું એ રીતે કામ કરવાની અને એ લોકો કહે એ રીતે બધું સરખું કરવાની કોશિશ કરી છે. પરંતુ એનાથી હું વધુને વધુ




થાકતો રહ્યો છું અને ગુસ્સે થતો રહ્યો છું. જેટલું હું સરખું કરવાની કોશિશ કરું એટલું જ હું મારી જાત પર વધારે ધ્યાન આપી શકું છું. જિસસ એક જ એવી વ્યક્તિ છે જે ઈચ્છે છે કે મારું જીવન બીજા માટે હોય. કારણ કે છેલ્લા ઘણાં સમયથી હું મારી જાત વિશે વિચારીને થાકી ગયો છું. તમે પણ?”જસ્ટીને આ સ્થિતિ જાહેર કર્યા પછી પણ જાણે લોકો તેને એકલો છોડવા માગતા નથી, જે તેના માટે વધુ જોખમી સ્થિતિ બની રહી છે. ઘણા લોકોએ આ મેસેજનું અલગ અર્થઘટન કર્યુ છે. ઘણા લોકોએ તેને પરિવાર સાથે કોઈ જગ્યાએ જતા રહીને ખુશીથી જીવન વિતાવવા પણ સલાહ આપી હતી, તો કોઈએ તેને સોશિયલ મીડિયા છોડી દેવાની પણ સલાહ આપી હતી. તો કોઈએ કહ્યું હતું કે તેણે એક વ્યક્તિને કમાતા બે જિંદગી લાગે એટલું જ એક જિંદગીમાં કમાઈ લીધું છે તો તેણે લોસ એન્જલસ છોડીને કોઈ એક ઝૂંપડીમાં પોતાની પત્ની અને બાળક સાથે રહેવાં જતા રહેવું જોઈએ. તો ઘણા લોકોએ તેને જવાબદાર બનવાની અને રિહેબમાં જવાની પણ સલાહ આપી હતી.



**૧ ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ તેમના પહેલા બાળક, ફોનિક્સ ડોલનનું સ્વાગત કર્યું**

# ઇલિયાના ડી’ક્રુઝે ફાધર્સ ડે પર નવજાત બાળકની ઝલક બતાવી

ઇલિયાના ડી’ક્રુઝે તાજેતરમાં ફાધર્સ ડે ૨૦૨૫ પર એક પોસ્ટ પોસ્ટ કરી હતી, જેનાથી ચાહકોએ અનુમાન લગાવવામાં આવ્યું છે કે તે ફરીથી માતા બની ગઈ છે. અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર તેના પાર્ટનર માઈકલ ડોલન સાથે નવજાત બાળકની એક તસવીર શેર કરી હતી જેમાં તે બાળકનો હાથ પકડીને જોવા મળે છે. જોકે બંનેમાંથી કોઈએ આ વિશે કોઈ સત્તાવાર માહિતી આપી નથી, પરંતુ લોકો અનુમાન લગાવી રહ્યા છે કે તેમનું બીજું બાળક પહેલેથી જ આવી ગયું છે.ઈલિયાનાએ રવિવારે બપોરે ૩:૩૦ વાગ્યે આ પોસ્ટ શેર કરી હતી જેમાં માઈકલ નવજાત બાળકને પ્રેમ કરતો જોવા મળે છે. ફોટો સાથે, ઈલિયાનાએ લખ્યું, ‘અત્યાર સુધીના શ્રેષ્ઠ વ્યક્તિને ફાધર્સ ડેની શુભકામનાઓ. તમારા પ્રિય માણસને તમારા બાળક માટે શ્રેષ્ઠ માતાપિતા બનતા જોવાનું કેવું લાગે છે તે કોઈ કહી શકતું નથી.આ ક્ષણની એક ઝલક જોઈને, ચાહકો અનુમાન લગાવી રહ્યા છે કે તેણીએ તેના પરિવારના નવા સભ્યના સારા સમાચાર આપવા માટે ‘ફાધર્સ ડે’નો દિવસ પસંદ કર્યો છે. ઈલિયાનાએ ઓક્ટોબર ૨૦૨૪ માં તેની બીજી ગર્ભાવસ્થાની પુષ્ટિ કરી, તેના પહેલા



બાળક કોઆ ફોનિક્સ ડોલનના પહેલા જન્મદિવસની ઉજવણીના થોડા મહિના પછી. જોકે તેણીએ આ ગર્ભાવસ્થા દરમિયાન ગોપનીયતા રાખી હતી, તેણીએ આ મે મહિનામાં ઈન્સ્ટાગ્રામ પર ‘આસ્ક મી એનિથિંગ’ સત્ર દરમિયાન વાલીપણા વિશે વાત કરીપ્રેમ અને બાળકોના ઉછેર અંગેના પોતાના વિચારો વ્યક્ત કરતાં, ઈલિયાનાએ કહ્યું, ‘લોકો અને ખાસ કરીને બાળકોને શીખવવું જોઈએ કે ક્રૂર, દુષ્ટ, નિર્દય અથવા સ્વાર્થી બનવું એ પ્રેમ કરવાનો ગુણ નથી, પ્રેમ કમાવવો પડે છે, જેમ આદર અને ખુશી કમાય છે.’ તેણીએ ભારપૂર્વક જણાવ્યું કે તે ક્યારેય ઈચ્છતી નથી કે તેના બાળકોને એવું લાગે કે તેમને તેનો પ્રેમ કમાવવો પડે છે.

### ‘સિકંદર’ ટોપ ટેનમાં સ્થાન મેળવી શકી નથી

# ૨૦૨૫માં ઇન્ડિયન બોક્સ ઓફિસે ૫૦૦૦ કરોડ જેટલાની કમાણી કરી

### વિકી કૌશલની ‘છાવા’, અજય દેવગણની ‘રેડ ૨’ અને સલમાનની ‘સિકંદર’નો કમાણીમાં સૌથી મોટો ફાળો




વર્ષ ૨૦૨૫ લગભગ અડધું વિતી ચૂક્યું છે, ત્યારે છેલ્લાં ૫ મહિનામાં ઈન્ડિયન બોક્સ ઓફિસે લગભગ ૫૦૦૦ કરોડની કમાણી કરી છે. આ આંકડા ગયા વર્ષની સરખામણીએ ૨૭ ટકા વધારે છે. છેલ્લાં પાંચ મહિનામાં ‘છાવા’, ‘રેડ ૨’, ‘મિશન ઈમ્પોસિબલ - ધ ફાઈનલ રેકનિંગ’ અને ‘સિકંદર’ જેવી ફિલ્મનો કમાણીમાં સૌથી વધુ ફાળો છે. ત્યારે એવું માનવામાં આવી રહ્યું છે કે આ વર્ષ ભારતીય સિનેમા માટે બ્લોકબસ્ટર ફિલ્મોનાં કમબૅકનું વર્ષ રહેશે.ઓર્મેક્સ મીડિયાના બોક્સ ઓફિસ પરના અભ્યાસ મુજબ મે મહિનામાં બોક્સ ઓફિસ પર ૧,૧૩૬ કરોડની કમાણી થઈ હતી. જેમાંથી મોટા ભાગની આવક ‘રેડ ૨’ અને ‘મિશન ઈમ્પોસિબલ’માંથી થઈ હતી. જોકે, મે મહિનો સૌથી વધુ કમાણીમાં બીજા નંબરે આવે છે, ફેબ્રુઆરી પહેલા નંબરે છે. જો મે મહિનાની સૌથી વધુ કમાણી કરનાની બે ફિલ્મનાં ફાળાની વાત કરવામાં આવે તો માત્ર ‘રેડ ૨’ અને ‘મિશન ઈમ્પોસિબલ’માંથી કુલ કમાણીની ૨૮ ટકા કમાણા થઈ હતી. આ સિવાયની કમાણીમાં હાલ થિએટરમાં ચાલી રહેલી ફિલ્મની આવકની પણ ગણતરી કરવામાં આવી છે. જો ૨૦૨૫ની કુલ આવકની વાત કરવામાં આવે તો અત્યાર સુધીમાં ૪,૮૧૨ કરોડની આવક થઈ છે. જે ૨૦૨૪ની સરખામણીએ વાત થાય તો ગયા વર્ષે આ જ સમયે થયેલી કમાણી કરતાં આ વર્ષની કમાણી ૨૭ ટકા વધારે છે. જે આ વર્ષ વધારે કમાણીનું વર્ષ થવાના સંકેત મળે છે.અજય દેવગનની ‘રેડ ૨’ મે ૨૦૨૫ની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની છે, જેણે ૨૦૦ કરોડથી વધુ કમાણી કરી લીધી છે, હજુ પણ આ ફિલ્મ થિએટરમાં ચાલી રહી છે. હવે આ ફિલ્મ બીજા નંબરની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ છે, કારણ કે આનાથી વધુ કમાણી ‘છાવા’એ કરી છે. જેણે ૬૯૩ કરોડની કમાણી કરી હતી. જો તાજેતરની હોલિવૂડ રિલીઝની વાત કરવામાં આવે તો, ટોમ ક્રુઝની ‘મિશન:ઈમ્પોસિબલ-ધ ફાઈનલ રેકનિંગ’ સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ છે, જેણે ૧૧૭ કરોડની કમાણી કરી લીધી છે. તેના પછીના નંબરે ‘હિટ: ધ થર્ડ કેસ’ની કમાણી ૯૫ કરોડ હતી. તેમજ ‘ફાઈનલ ડેસ્ટિનેશન: બ્લડલાઈન્સ’ની કમાણી ૭૬ ટકા રહી હતી. આમ મે મહિનો ઈન્ડિયામાં હોલિવૂડ ફિલ્મ માટે પણ સારો રહ્યો હતો. જુલાઈ ૨૦૨૩માં આવેલી ‘ઓપનહાઈમર - બાર્બી વેવ’માંથી કુલ કમાણી ૨૬૨ કરોડ થઈ હતી. આ ઉપરાંત સાઉથની ‘ટુરીસ્ટ ફેમિલી’, ‘રેટ્રો’, ‘મામન’, ‘સિંગલ’ અને ‘થંડરબોલ્ટ’ જેવી ફિલ્મ પણ આવી છે. જો તાજેતરમાં રિલીઝ થયેલી હિન્દી ફિલ્મની વાત કરવામાં આવે તો ‘ભૂલ ચુક માફ’ની કમાણી ૮૨ કરોડ રહી હતી. ઓર્મેક્સના રિપોર્ટ મુજબ જો ટોપ ટેન ફિલ્મની વાત કરવામાં આવે તો આ યાદીમાં સૌથી જાન્યુઆરીથી મે સુધીમાં ટોચ પર વિકી કૌશલની ‘છાવા’ રહી છે. જેણે ૬૯૩ કરોડની કમાણી કરી હતી. તેના પછી ‘સંક્રાતિકી વાસ્તુનામ’ની કમાણી ૨૨૨ કરોડ અને ‘રેડ ૨’ની કમાણી ૨૦૦ કરોડ રહી છે. આ યાદીમાં ‘ગૂડ બેડ અગ્લી’ ચોથા ક્રમે રહી છે. તેના પછી ‘ગેમ ચેન્જર’, ‘થુડારમ’, ‘સ્કાય ફોર્સ’, ‘એલર -એમ્પુરાન’, ‘ડ્રેગન’ જેવી ફિલ્મનો સમાવેશ થાય છે.સલમાન ખાનની ‘સિકંદર’ ટોપ ટેનમાં સ્થાન મેળવી શકી નથી, તેની કમાણી માત્ર ૧૨૧ કરોડ જ હતી. ૩૦ માર્ચે રિલીઝ થયેલી આ ફિલ્મ ઈદ પર રિલીઝ થઈ હતી.

# સલમાન કોમેડિયન સુનીલ ગ્રોવર પર થયો ગુસ્સે?

### ‘સિકંદર’ ફિલ્મની રીલિઝ માટે ચાહકોનો જોરદાર ઉત્સાહ હતો, બોક્સ ઓફિસ જેવું જોઈએ તેવું કમાલ ન બતાવી શકી



‘કોમેડી કિંગ’ કપિલ શર્માનો ઓટીટી પ્લેટફોર્મ “નેટફિલક્સ” પર ફરી એકવાર શરૂ થવા જઈ રહ્યો છે. ‘ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો’નો નવો સીઝન ૨૧ જૂનથી શરૂ થશે. શોના પહેલા જ એપિસોડમાં મહેમાન હશે બોલિવૂડના ભાઈજાન સલમાન ખાન. મેકર્સે શોનો નવો પ્રોમો વીડિયો પણ જાહેર કર્યો છે, જેના પર યુઝર્સની પ્રતિક્રિયા જોવા મળી રહી છે. જ્યાં કેટલાક યુઝર્સ સલમાનના આમિરની મજાક મસ્તી કરતા સીક્વન્સને લઈને ખુશ છે, ત્યાં કેટલાક યુઝર્સ થોડા ડરેલા પણ છે, કારણ કે સલમાન અને શાહરૂખ વાળો એક્ટ સુનીલ અને કૃષ્ણા પહેલી વાર સલમાન ની સામે કરશે, જેના પર ભાઈજાનનો રિએક્શન જોવા જેવો રહેશે. સલમાનના લુક અલાઈકને શોમાં લાવવામાં આવ્યો હતો, જેને જોઈને સલમાને કહ્યું- ‘સિકંદરથી કોઈ ફરક તો ન પડ્યો ને સર.’ ઘણા ચાહકોને સલમાનનો આ રિએક્શન ખૂબ ફની લાગ્યો, એક યુઝરે લખ્યું ‘આ એપિસોડ માટે રાહ જોઈ શકાતી નથી.’ એક યુઝરે લખ્યું ‘સલમાન ભાઈ ખૂબ ક્યૂટ લાગી રહ્યા છે.’ જ્યારે અન્ય એકે લખ્યું- ‘ખૂબ વર્ષો બાદ ભાઈને આટલું હસતા જોયો છે. ખૂબ એક્સાઈટિંગ એપિસોડ રહેશે.’એક યુઝરે લખ્યું ‘સલમાને પોતાની જ ફિલ્મને રોસ્ટ કરી દીધી.’ જણાવી દઈએ કે સલમાનની ફિલ્મ ‘સિકંદર’ બૉક્સ ઑફિસ પર ખરાબ રીતે ફ્લોપ થઈ હતી. આ ફિલ્મની રીલિઝ માટે ચાહકોનો જોરદાર ઉત્સાહ હતો, પરંતુ બૉક્સ ઑફિસ જેવું જોઈએ તેવું કમાલ



ન બતાવી શકી. એક યુઝરે લખ્યું- ‘સુનીલ ગ્રોવર નહીં, AI છે એ.’ કોઈએ લખ્યું- ‘શાહરૂખ-સલમાન એક્ટ ફરીથી, સલમાન ખાનનો રિએક્શન જોવા જેવો રહેશે, મને લાગે છે કે સલમાન ખાન સુનીલ ગ્રોવર પર નારાજ થઈ શકે છે.’ ‘સિકંદર’ ફિલ્મની રીલિઝ માટે ચાહકોનો જોરદાર ઉત્સાહ હતો.

અમદાવાદ જિલ્લામાં ૧૪૬૪ સ્થળો પર યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે યોગાભ્યાસ કરાશે

# ૧૧મા વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં અમદાવાદ જિલ્લામાં અંદાજે સવા ત્રણ લાખ લોકો યોગ કરશે



। અમદાવાદ, તા.૧૯ ।

સમગ્ર અમદાવાદ જિલ્લામાં ૧૧મા વિશ્વ યોગ દિવસની ગૌરવભેર ઉજવણી માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજન કરાયું છે. જિલ્લા કલેક્ટર શ્રી સુજીત કુમારની અધ્યક્ષતામાં જિલ્લાના અધિકારીશ્રીઓ સાથે આયોજનની સમીક્ષા કરવા માટે બેઠક યોજાઈ હતી.

બેઠક બાદ જિલ્લા કલેક્ટર શ્રી સુજીત કુમારે પત્રકાર પરિષદ સંબોધી હતી. પત્રકારો સાથે વાત કરતાં કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, યોગને વૈશ્વિક ઓળખ મળી છે, જેના પગલે દર વર્ષે યોગ દિવસની ઊજવણી કરવામાં આવે છે. જિલ્લા કલેક્ટરશ્રીએ યોગ દિવસની ઉજવણી અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, અમદાવાદમાં જિલ્લા કક્ષાની ઉજવણી એસ.જી.વી.પી. ગુરુકુળ, છારોડી ખાતે યોજાનાર છે. જેમાં ૨૦૦૦થી વધુ લોકો સહભાગી થનાર છે. અમદાવાદ જિલ્લામાં કુલ ૧૪૬૪ સ્થળો પર યોગનો કાર્યક્રમ યોજાશે, જેમાં અંદાજે સવા ત્રણ લાખ લોકો યોગ કરશે, એવું તેમણે ઉમેર્યું હતું.

કલેક્ટરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે આ વર્ષે વિશ્વ યોગ દિવસની થીમ – યોગા ફોર વન અર્થ, વન હેલ્થ ('Yoga for One Earth One Health) અને 'સ્વસ્થ ગુજરાત મેદસ્વિતામુકત ગુજરાત' છે. યોગ થકી જાહેર સુખાકારી વધારવાનો ઉદ્દેશ છે. લોકો સ્વેચ્છાએ યોગને પોતાની જીવનશૈલીમાં સામેલ કરે અને નિરામય બની રહે, એવી આશા છે, એવું તેમણે ઉમેર્યું હતું.

કલેક્ટર શ્રી સુજીત કુમારે વધુમાં જણાવ્યું હતું કે, યોગ પ્રોટોકોલ પ્રમાણે સવારે ૦૫:૪૫થી ૦૮:૦૦ કલાક સુધી યોગ દિવસની ઉજવણી થનાર છે, જેમાં સવારે ૦૬:૨૦ થી ૦૭:૦૦ વાગ્યા સુધી મહાનુભાવોનાં વક્તવ્યો થશે અને ત્યાર બાદ ૦૭:૦૦થી ૦૭:૪૫ દરમિયાન કૉમન યોગ પ્રોટોકોલ અભ્યાસ કરાવાશે અને ત્યાર બાદ રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન થશે.

કલેક્ટરશ્રીએ ખાસ જણાવ્યું હતું કે ગ્રામ પંચાયતની ચૂંટણી ચાલી રહી છે ત્યારે આદર્શ આચારસંહિતાનો કોઈ પણ પ્રકારે ભંગ ન થાય, તેની સંપૂર્ણ કાળજી યોગ દિવસની ઉજવણીમાં લેવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી દીધી છે.

જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ઓમપ્રકાશ જાટે માહિતી આપી હતી કે અમદાવાદ જિલ્લાના ઐતિહાસિક સ્થળ લોથલ ખાતે જિલ્લા પોલીસ દ્વારા યોગ દિવસની ઉજવણીનું ખાસ આયોજન કરાયું છે, જેમાં સ્થાનિક લોકો, યુવાનો અને પોલીસ જોડાશે. પત્રકાર પરિષદમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, નિવાસી અધિક કલેક્ટર શ્રી ભાવિન સાગર સહિતના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, વિશ્વ યોગ દિવસની ઉજવણી અંતર્ગત તા.૧૫મી જૂનથી ૨૧ જૂન દરમિયાન શાળાનાં બાળકો તથા યુવાનો સાથે યોગ સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રાર્થનાસભા સાથે યોગાભ્યાસ ઉપરાંત ચિત્રસ્પર્ધા, વક્તૃત્વસ્પર્ધા, નિબંધ-લેખન સ્પર્ધા, રંગોળી સ્પર્ધા વગેરે સ્પર્ધાઓનું આયોજન કરાયું છે. નાગરિકોમાં યોગ પ્રત્યે જાગૃતિના પ્રયાસો કરાઈ રહ્યાં છે. જિલ્લામાં વાલીઓ માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ શહેર અને જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં આવેલાં મહત્ત્વપૂર્ણ સ્થળો પર યોગને પ્રોત્સાહન આપવા માટે સેલ્ફી પોઈન્ટ્સ બનાવવાનું પણ આયોજન છે.

# ઝાલોદ ગ્રામ પંચાયત ચૂંટણી અધિકારી શૈલેન્દ્ર પરમારના નેજા હેઠળ તાલીમ શિબિર યોજાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।

તારીખ ૨૨-૦૬-૨૦૨૫ રવિવારના રોજ ગ્રામ પંચાયતની ચૂંટણી સવારના સાત વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી ઝાલોદ તાલુકાના ૧૮૨ મતદાન કેન્દ્રો પર યોજાવાની છે તે અંતર્ગત ઝાલોદ તાલુકા ગ્રામ ચૂંટણી અધિકારી શૈલેન્દ્ર પરમાર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવેલ છે. ચૂંટણી અધિકારી શૈલેન્દ્ર પરમારના માર્ગદર્શન હેઠળ તારીખ ૧૮/૧૯-૦૬-૨૦૨૫ બે દિવસ સાયન્સ કોલેજ ખાતે ચૂંટણી પ્રક્રિયામાં જોડાયેલ તમામ પ્રતિનિધિઓની તાલીમ શિબિર યોજાઈ હતી. ગ્રામ પંચાયતની ચૂંટણીમા બેલેટ પેપર થી મતદાન થનાર છે જેથી પ્રી.સા.ઓ ,આ.પ્રી.ઓ ,પો.ઓ તેમજ મહિલા પો.ઓ સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે ૧૮/૧૯ બે દિવસ બે સેસનમા માસ્ટર ટ્રેનર દ્વારા તાલીમ આપવામાં આવેલ હતી. જેમાં મુખ્યત્વે મતપેટીની મતદાન શરૂ થતાં પહેલાં અને મતદાન પૂર્ણ થયા પછી સીલિંગ કરવાની કાર્ય પદ્ધતિ તથા મતપત્ર મતદારોને મતદાન મથકે આપતી વખતે ધ્યાનમાં રાખવાની અગત્યની સૂચનાઓ આપવામાં આવી હતી. ઝાલોદ તાલુકામા હાલ ૫૯ ગ્રામ પંચાયત અને ૧ પેટા ગ્રામ પંચાયત થઈ કુલ ૬૦ ગ્રામ પંચાયતમા ચૂંટણી યોજાનાર છે તે સંદર્ભે ઝાલોદ ચૂંટણી અધિકારી દ્વારા ૧૮૨ બુથ મથકો માટે ૧૦૭૪ ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલ પ્રતિનિધિઓને તાલીમ આપવામાં આવેલ છે.

# વાસણા વિસ્તારની ગૃહિણીઓ ઘરેલુ હિંસા અધિનિયમ, ૨૦૦૫ની કાયદાકીય માહિતી અને માર્ગદર્શન આપતા સેમિનારમાં સહભાગી બની

। અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા યોગેશ્વરનગર, વાસણા વિસ્તારની ગૃહિણીઓ સાથે ઘરેલુ હિંસા અધિનિયમ, ૨૦૦૫ અંતર્ગત કાયદાકીય માહિતી અને માર્ગદર્શન આપતો સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં ઘરેલુ હિંસાના કાયદાના જાણકાર શ્રી ગૌરવભાઈ ઠક્કર દ્વારા પારિવારીક હિંસાથી મહિલાઓને રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ વિશે સંપૂર્ણ માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ઘરેલુ હિંસાના પ્રકારો, રક્ષણ અધિકારીની ફરજો અને ભૂમિકાઓ અને ખાસ વચગાળાના આદેશો તેમજ આ કાયદા અંતર્ગત મહિલાઓ માટે કરવામાં આવેલ વિશેષ જોગવાઈ વિશે જરૂરી સમજ આપી હતી. તદુપરાંત, 'સંકલ્પ' હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન ટીમના જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રી જીતેશભાઈ સોલંકી દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ અમલીકૃત મહિલા કલ્યાણકારી અને સુરક્ષાને લગતી યોજનાઓની માહિતી આપી હતી. જેમાં રાજ્ય પુરુસ્કૃત વ્હાલી દીકરી યોજના, મહિલા સ્વાવલંબન યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના તેમજ કેન્દ્ર પુરુસ્કૃત સખી વન સ્ટોપ સેન્ટર યોજના તેમજ રાજ્ય અમલીકૃત પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર યોજના વિશે જરૂરી માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# હિંમતનગર શહેરી આરોગ્ય કેન્દ્ર -૧ ખાતે ૧૦૦ રક્તદાતાઓએ રક્તદાન કર્યું



। સાબરકાંઠા, તા.૧૯ ।

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર જૂની સિવિલ ખાતેના શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતેના કેમ્પમાં કર્મયોગી હેલ્થ ટીમના સખત પરિશ્રમના પરિણામે ૧૦૦ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. આ કેમ્પની ખાસ વિગતમાં એક યુવાનને ૯૨ મી અને બીજા યુવાને ૫૬ મી વખત રક્તદાન કર્યું હતું.પ્રર્વતમાન સંજોગોમાં સ્વૈચ્છિક કાર્યક્રમને વેગવંતો બનાવવા તેમજ જીલ્લામાં જરૂરીયાતમંદ દર્દીઓ જેવા કે રોડ ટ્રાફિક એક્સીડન્ટ, સીવીયર એનિમીયા, ડીલીવરી, પી.પી.એચ., થેલેસેમીયા, સિકલસેલ એનિમીયા તથા હિમોફીલીયા વિગેરે દર્દીઓને વારંવાર બ્લડની આવશ્યકતા ઊભી થાય છે.તેવા સમયે તાત્કાલિક અને સમયસર રક્ત પુરૂં પાડી શકાય તે હેતુથી જિલ્લામાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ કેમ્પમાં પાંચ થી વધુ યુવતીઓએ પ્રથમવાર રક્તદાન કર્યું હતું. આ કેમ્પ માં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તેમજ તાલુકા આરોગ્ય અધિકારીશ્રીએ સમગ્ર ટીમને રક્તદાન કામગીરી માટે અભિનંદન પાઠવ્યા હતા.

# ઝાલોદ કોલેજમાં વય નિવૃત્ત થતા કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।

તારીખ ૧૮ /૬/ ૨૦૨૫ ને બુધવારના રોજ ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટ સંચાલિત શ્રી કે. આર. દેસાઈ આર્ટસ એન્ડ કૉમર્સ કૉલેજ, ઝાલોદના શૈક્ષણિક તથા વહીવટી કર્મચારીઓ જેમાં ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ. ડી. સી. યાદવ સાહેબ, હેડ કલાર્ક શ્રી એ. એમ. પટેલ તથા વિષ્ણુભાઈ પટેલ અને સેવક ભાઈ શ્રી સિદીકભાઈ શેખ એમ કુલ ચાર કર્મચારીઓનો વય નિવૃત્ત થતા તેઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો.

આ પ્રસંગે કૉલેજના આચાર્ય શ્રી ડૉ. એ. આર. મોદી સાહેબે તેમને તથા તેમના પરિવારજનોને આવકારી તેમનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. તદુપરાંત તેમનું બુકે અર્પણ કરી, શૉલ ઓઢાળી તથા મોમેન્ટો અર્પણ કરીને સન્માન કર્યું હતું. આ કાર્યક્રમમાં ઝાલોદ વિદ્યા સમજ ટ્રસ્ટના ઉપપ્રમુખ, કૉલેજ કેમ્પસ ડાયરેક્ટર તથા ભૂતપૂર્વ આચાર્ય શ્રી એસ. આર. રાવ સાહેબ ઉપરાંત ટ્રસ્ટના મંત્રીશ્રી ડૉ. પી. એમ. પટેલ સાહેબ વિશેષ ઉપસ્થિત રહયા હતા. તેમણે વય નિવૃત થતા કર્મચારીઓનો કૉલેજ સાથેનો નાતો, તેમની ફરજ પ્રત્યેની નિષ્ઠા તેમના પરિશ્રમ તથા કૉલેજ પરિવાર સાથેના તેમના લાગણીભર્યા આત્મીય સંબંધો વિશેના સંસ્મરણો વાગોળ્યા હતા અને નિવૃત્તિ બાદનું તેમનું જીવન તંદુરસ્ત,નિરોગી તથા સામાજિક કાર્યોમાં પ્રવૃત્ત રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

કૉલેજના અન્ય સહ કર્મઓએ પણ તેમની સેવાઓને બિરદાવી પોતાના અંગત અનુભવો જણાવ્યા હતા. આ પ્રસંગે નિવૃત થતા કર્મચારીઓએ પણ સંસ્થા પ્રત્યેના પોતાના ઋણને સ્વીકાર કરી ભીની આંખે વિદાય લીધી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ . આર. ડી. કપૂરી સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું.

# અદાણી વિદ્યામંદિર- ભદ્રેશ્વર ખાતે અનોખા પ્રવેશોત્સવનું આયોજન

સંસ્કાર સિંચન સહિત બાળકોના સર્વાંગી વિકાસ માટેનો સ્તુત્ય પ્રયાસ





। અમદાવાદ, તા.૧૯ ।

અદાણી વિદ્યામંદિર- ભદ્રેશ્વર (AVMB) ખાતે ભવ્ય પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો. શૈક્ષણિક જીવનમાં પાપાપગલી માંડતા નાના ભૂલકાઓને સ્નેહસભર આવકારવામાં આવ્યા. બાળકોના શાળાકીય જીવનને યાદગાર બનાવવા માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજનપણ કરવામાં આવ્યુ હતું. જેમાં ભારતીય નૌકાદળના કમાન્ડર અભિજીત અભ્યંકરે મુખ્ય અતિથિ તરીકે શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ ના પ્રવેશોત્સવને યાદગાર બનાવવા બાળકો માટે એક 'વેલકમ વોલ' તૈયાર કરવામાં આવી હતી. બાળકોએ શાળામાં પ્રવેશતા જ પોતાના નાનકડા હાથોની કંકુ વડે છાપ પાડી પોતાની આગવી ઓળખ આપી હતી. પ્રથમ દિવસની યાદોને કંડારવા માટે એક સેલ્ફી ઝોનનું પણ આયોજન રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમના અતિથિઓનું કંકુ તિલકથી સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે શાળાની મુલાકાત લઈ બહાર પ્રાંગણમાં બાળકો અને તેમના વાલીઓ સાથે શુભેચ્છા મુલાકાત લીધી. ત્યારબાદ શાળાના બીજા વિદ્યાર્થીઓ દ્વારા આ નાના બાળકોને આંગળી પકડી ઢોલ સાથે વાજતે-ગાજતે મહેમાનશ્રી અને શાળાના આચાર્ય સાથે રીબીન કાપી પ્રવેશ મેળવ્યો હતો. ગાયન, વાદન અને નૃત્યને માણ્યા પછી કોર્ડીનેટરે બાળકોને શાળાના નિયમો જણાવી માર્ગદર્શન આપ્યું હતું. જેમાં વાલીઓ અને બાળકોને લાગુ પડતા દરેક નિયમો સમજાવ્યા હતા. જેથી શાળાના નિયમોથી વાલીઓ અને બાળકો અવગત થાય. પધારેલ અતિથિએ શાળાના વિઝન, આયોજન અને સર્વગ્રાહી શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાની વિશેષ પ્રસંશા કરી હતી.

પ્રકૃતિ સાથે સહસંબંધ કેળવાય તે હેતુથી દરેક બાળકને છોડ અર્પણ કરવામાં આવ્યા હતા. તે છોડનું પાલનપોષણ બાળક પોતાના ઘરે કરે અને સતત તેની માહિતી શાળામાં આપતાં રહે. એટલું જ નહીં પરંતુ કમાન્ડર અભ્યંકરે પણ આચાયશ્રી તેમજ બાળકો સાથે મળી શાળાના પ્રાંગણમાં છોડ વાવી પ્રકૃતિપ્રેમ અને જાળવણીનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આ પ્રસંગે બાલવાટિકાના બાળકો સાથે તેમના વાલીઓ હોંશભેર જોડાયા હતા. અદાણી વિદ્યામંદિરમાં બાળક માત્ર અક્ષરજ્ઞાન જ નહીં, પણ સંસ્કાર, મૂલ્યો, અને સામાજિક કૌશલ્યો પણ શીખે છે, જે તેને ભવિષ્યના પડકારો ઝીલવા સક્ષમ બનાવે છે.

# અમદાવાદ વિમાન દુર્ઘટનામાં સેવારત કેટલાક એવા ચહેરાઓ, જેણે હતભાગીઓના પરિજનોનું સંતુલન જાળવી રાખવામાં મદદ કરી

અમદાવાદ સિવિલના એ કર્મશીલો, જે વિમાન દુર્ઘટનાના હતભાગીઓના પાર્થિવ દેહ પરિજનોને સોંપવાથી માંડીને સન્માનભેર ઘર સુધી પહોંચાડવાની ફરજ નિભાવે છે

। અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં ગત તા. ૧૨ જૂનના રોજ બનેલી વિમાન દુર્ઘટનાના ઈજાગ્રસ્તો અને હતભાગીઓના પરિવારજનોને આરોગ્ય વિભાગ દ્વારા આવશ્યક તમામ સહાયતા પૂરી પાડવામાં આવી રહી છે.

દુઃખની એ ઘડીમાં હતભાગીઓના પરિવારોનો સંપર્ક સાધી, મનોસાંત્વના આપીને ભાવિ યંત્રણાઓથી પરિવારોને મુક્ત કરવા જરૂરી પરામર્શન કરવાની સાથે પાર્થિવ શરીરને તેના ઘર સુધી માનભેર પહોંચાડવા સુધીની યાત્રાની કામગીરી સૂઝબૂઝપૂર્વક નિભાવતાં સિવિલ હોસ્પિટલ સ્થિત મનોચિકિત્સકો, પરામર્શકો, કોલ સેન્ટરના કર્મીઓ અને પરિવહન સંચાલકોની ભૂમિકા આ વિમાન દુર્ઘટના બાદ ઘણી મહત્ત્વપૂર્ણ બની છે. તારે આ કામગીરીમાં જોડાયેલા કર્મશીલોની કહાની તેમની જ જુબાનીમાં અત્રે રજૂ કરી છેઃ

'એ મને ભેટીને રડી પડ્યા અને કહ્યું કે તું પણ એકદમ મારી દીકરી જેવી જ છે': સુરેખા રાવલ, સ્ટાફ નર્સ

અમદાવાદ વિમાન દુર્ઘટનાના હતભાગીઓના ડીએનએ મેચિંગ થયા બાદ તેમના પાર્થિવદેહ તેમજ માલસામાન સોંપવા સહિતની તમામ દસ્તાવેજી પ્રક્રિયામાં કોઈ પણ સ્વજનને મુશ્કેલી ન પડે, તે માટે ઉચ્ચ અધિકારી સહિતની ડેડિકેટેડ ટીમ મૂકવામાં આવી છે.

આવી જ એક ટીમમાં કાઉન્સેલર તરીકે જોડાયેલાં સ્ટાફ નર્સ સુશ્રી સુરેખા રાવલ કહે છે કે, 'અમે લોકો પહેલાં દિવસથી જ આ કામગીરી સાથે જોડાયેલા છીએ. ડીએનએ મેચ થયા પછી પરિવારજનો અહીં આવે છે. જેમના ઓળખ કાર્ડથી માંડીને તેમને ડેથ સર્ટિફિકેટ મળી રહે તે માટેની તમામ પ્રક્રિયામાં અમે સાથે રહીને જરૂરી તમામ મદદ કરીએ છીએ અને સતત તેમને માનસિક હિંમત બંધાવતાં રહીએ છીએ.'

'આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન અમારે સતત એ પરિવારની નજીક રહેવાનું થાય છે. જેના કારણે થોડા સમય માટે પણ એક પ્રકારની આત્મીયતા કેળવાઈ જવી સ્વાભાવિક છે. મને યાદ છે. મેં એક પરિવારને તેમની પુત્રી કે બહેનનો પાર્થિવ દેહ મળી રહે તે માટે કાઉન્સેલિંગ કર્યું હતું. એ આન્ટીએ કહ્યું કે મારો ચહેરો પણ તેમણે જે સ્વજન ગુમાવ્યું છે એકદમ તેના જેવો જ છે. એટલું કહીને તેઓ રડવા લાગ્યાં અને મને ભેટી પડ્યાં. મેં ફરી એમને ધીરજ આપી અને તેમના સ્વજનના નશ્વર અવશેષો સાથે વિદાય કર્યાં.

'કસોટી ભવનથી માંડીને પાર્થિવ દેહ સોંપવા સુધીના દરેક તબક્કે હિંમત બંધાવતા રહેવું પડે છેઃ ડૉ. નિશા પ્રજાપતિ, મનોચિકિત્સક'

વિમાન દુર્ઘટનાના સમાચાર મળતાં જ તમામ યાત્રીઓના પરિવારજનો આવવા લાગ્યા હતા. સૌ પ્રથમ તેમના ડીએનએ કલેક્ટ કરવાના હતા. ત્યાર બાદ સેમ્પલ મેચ કરવાના અને ત્રીજા તબક્કામાં પાર્થિવ દેહ પરિવારને સોંપવાની કામગીરી કરવાની હતી. આ કામગીરી સાથે ૧૦ જેટલાં મનોચિકિત્સકોની ટીમ ત્રણ શિફ્ટમાં પ્રથમ દિવસથી જ કાર્યરત છે. જેમના દ્વારા આશરે ૩૫૦થી વધુ પરિજનોનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું છે.

આ દરેક તબક્કે પરિજનોને સાંત્વના આપતાં રહેવું પડે છે અને ધીરજ બંધાવતાં રહેવું પ

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કેલૅરીયુક્ત આહાર ટાળો. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. પારિવારિક સમસ્યાઓને ઉચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ. વધુ મોડું કર્યા વિના તમારે એ વિશે ચર્ચા કરવી જોઈએ કેમ કે એકવાર આ બાબત ઉકેલાઈ જશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો. આજે તમારો પ્રેમી તમારી ભાવનાઓ ને તમારી સામે ખુલ્લો રાખી શકશે નહીં, જેના કારણે તમે પરેશાન થશો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો -તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે-શક્ય હો એટલા નિરાંતવા રહેવાનો પ્રયાસ કરો. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. તમારી મહત્વાકાંક્ષા વિશે મોટી વયની વ્યક્તિને જણાવો તેઓ તમારી મદદ કરવા પોતાનાથી બનતા તમામ પ્રયત્નો કરશે.

**સિંહ (મ,ટ) :**
આજે તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. તમારા સંતાનો માટે યોજનાઓ ઘડવા માટે અદભુત દિવસ. પોતાના પ્રિયપાત્ર સાથે નાનકડું વૅકેશન માણી રહેલાઓ માટે આ સમયગાળો ખાસ્સો યાદગાર બની રહેશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે કામનું દોડધામભર્યું સમયપત્રક તમને ગુસ્સાવાળા સ્વભાવના કરી શકે છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે. તમારે તમની સલાહ પર ધ્યાન આપવાની જરૂર છે. બધાને આહત કરવા કરતાં કહ્યાગરા બનવું સારૂં.

**તુલા (ર,ત) :**
આજે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. નવજાત શિશુની માંદગી તમને વ્યસ્ત રાખશે. તમારે તેના પર તરત ધ્યાન આપવાની જરૂર પડશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમને આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે. તમારા પ્રિયપાત્ર સાથે કૅન્ડીફ્લૉસ તથા ટૉફી શૅર કરશો એવી શક્યતા જોવાય છે. તમારી જાતને અભિવ્યક્ત કરવા માટે પણ આ સારો દિવસ છે-તથા રચનાત્મક પ્રકૃતિના પ્રકલ્પો પર કામ કરો.

**ધન (ભ,ધ,ફ) :**
આજથી શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દૃઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે. તમારા પ્રેમ જીવનમાં નાનકડી કડવાશ માફ કરો.

**મકર (ખ,જ) :**
આજે તમારા કોઈ મિત્ર દ્વારા જ્યોતિષ માર્ગદર્શન તમારૂં સ્વાસ્થ્ય સુધારવા માટે તમને પ્રોત્સાહિત કરશે. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. આજે તમને સમજાશે કે તમારા જીવનસાથી તમને કેટલો પ્રેમ કરે છે.

**કુંભ (ગ,શ,સ) :**
થોડા સમય પહેલા જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. પ્રેમની મસ્તીનો અનુભવ કરવા માટે તમને કોઈ મળી શકે છે. કામના સ્થળે વ્યાવસાયિક અભિગમને કારણે તમારી કદર થશે. તમારે ફ્રી ટાઈમ નો યોગ્ય રીતે ઉપયોગ કરવા નું શીખવું પડશે નહીં.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારું સ્વાસ્થ્ય બરાબર રહેશે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે- પણ તેમ તમારી લાગણીઓ અસરકારક રીતે જેમનું મહત્વ છે એવા લોકો સુધી પહોંચાડવામાં સફળ થશો. તમારા પ્રેમી કે પ્રેમિકાને ન ગમતા હોય તેવા કપડાં પહેરવાનું ટાળો કેમ કે એનાથી તેમની લાગણી દુભાઈ શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### અગ્રણી ચિપ ઉત્પાદક કંપની ઈન્ટેલ ૧૦,૦૦૦થી વધુ કર્મચારીઓને હાંકી કાઢશે

। (એજન્સી) સાન ફ્રાન્સિસ્કો, તા.૧૯ ।

વિશ્વની અગ્રણી સેમિકન્ડક્ટર કંપની ઈન્ટેલ દ્વારા કર્મચારીઓની સંખ્યામાં ૧૫થી ૨૦ ટકાનો કાપ મૂકવા નિર્ણય લેવાયો છે. માઈક્રોચિપ્સ બનાવતી આ કંપની દ્વારા જુલાઈ મહિનાની શરૂઆતથી છટણી પ્રક્રિયા શરૂ કરાશે. સમગ્ર વિશ્વમાં આવેલા ઉત્પાદન એકમોમાંથી ૧૦,૦૦૦થી વધુ કર્મચારીઓની છટણી કરવાનું આયોજન છે. ઈન્ટેલ મેન્યુફેક્ચરિંગના વાઈસ પ્રેસિડેન્ટ નાગા ચંદ્રશેખરને કર્મચારીઓને ઈન્ટરનલ મેમો મોકલ્યો હતો. આ મેમોમાં જણાવ્યું હતું કે, કંપનીની વર્તમાન આર્થિક સ્થિતિ અને કિંમતોને કાબૂમાં રાખવાના પડકાર સામે ઝઝૂમવાનું અઘરું છે. તેથી આ પગલું જરૂરી બન્યું છે. વિશ્વમાં ૧૦ સ્થળે આવેલા ઈન્ટેલના ૧૫ ઉત્પાદન એકમો પર આ પગલાંની અસર જોવા મળશે. ફેક્ટરીના ફ્લોર મેનેજરથી માંડી નેક્સ્ટ-જનરેશનલ માઈક્રોપ્રોસેસર્સ ડેવલપ કરતાં રિસર્ચર્સ પર આ પગલાની અસર થશે. ઈન્ટેલ દ્વારા અગાઉ થયેલી છટણીમાં કર્મચારીઓને સ્વૈચ્છિક નિવૃત્તિ માટે સંમત કરી આર્થિક લાભ અપાયા હતા, પરંતુ આ વખતે કર્મચારીઓને આવા કોઈ લાભ થશે નહીં. કંપનીમાં આવેલી કેટલીક જગ્યાઓને પણ નાબૂદ કરવામાં આવશે. ઈન્ટેલના પૂર્વ સીઈઓ પેટ ગેલસિંગરે ઓગસ્ટ ૨૦૨૪માં ૧૫,૦૦૦ કર્મચારીઓની છટણી કરી હતી. ત્યારબાદ આવેલા સીઈઓ ટેને પણ ૨૦ ટકા કર્મચારીઓની છટણી કરી હતી.

### ૬.૫ ટકાના દરે વધશે દેશની ઇકોનોમી, ICRAએ નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે લગાવ્યું અનુમાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ભારતના અર્થતંત્રની ગાડી પાટા પર હોવાના અનેક અંદાજો વિવિધ ગ્લોબલ રેટિંગ એજન્સી આપી રહી છે. એવામાં વધુ એક અગ્રણી રેટિંગ એજન્સીએ ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૫-૨૬) માટે ભારતનો રિઅલ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્શન (GDP) ગ્રોથ રેટ ૬.૫ ટકાથી વધુ રહેવાનો અંદાજ આપી ભારતના આર્થિક ગ્રોથની અપેક્ષાઓને વધુ પ્રબળ બનાવી છે. ઈકરાએ જણાવ્યું હતું કે આ જ સમયગાળા દરમિયાન દેશનો રિઅલ ગ્રોસ વેલ્યુ એડેડ (GVA) ગ્રોથ ૬.૩ ટકાથી વધુ રહેશે. GDPની ગણતરી દેશમાં ઉત્પાદિત માલ અને સેવાઓના કુલ મૂલ્ય પરથી નક્કી થાય છે, જ્યારે GVA ઉત્પાદિત માલ અને સેવાઓના કુલ મૂલ્યમાંથી મધ્યવર્તી માલ અને સેવાઓની કિંમત બાદ કરીને મેળવવામાં આવે છે. ઈકરા રેટિંગ એજન્સીએ જણાવ્યું હતું કે, ફુગાવાના સંદર્ભમાં રિટેલ ફુગાવો (CPI) 4.2 ટકાથી વધુ રહેવાનો અંદાજ છે, જ્યારે જથ્થાબંધ ફુગાવો (WPI) ચાલુ નાણાકીય વર્ષ માટે ૨.૭ ટકાથી વધુ રહેશે. ઈકરાએ રાજકોષીય ખાધ GDPના ૪.૪ ટકા રહેવાનો અંદાજ લગાવ્યો છે. ગ્રામીણ માંગ મજબૂત રહેવાની શક્યતા છે. સારા વરસાદના કારણે કૃષિ ક્ષેત્રે ગ્રોથ નોંધાવાના સંકેત છે. રેટિંગ એજન્સીએ જણાવ્યું હતું કે ૨૦૨૫-૨૬ માટેના કેન્દ્રીય બજેટમાં આવકવેરામાં મોટી રાહત, દર ઘટાડાને કારણે EMI(માસિક હપ્તા) માં ઘટાડો અને ખાદ્ય ફુગાવામાં નરમાઈની જાહેરાતના કારણે ઘરગથ્થુ ખર્ચપાત્ર આવકમાં વધારો થવાની અપેક્ષા છે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે વૈશ્વિક પડકારોના કારણે નજીકના ભવિષ્યમાં ભારતની ગુડ્સ નિકાસમાં મંદી રહેવાની ભીતિ છે. જ્યારે સર્વિસ નિકાસમાં વૃદ્ધિ નોંધાવાની સંભાવના છે. ૨૦૨૫-૨૬માં કેન્દ્રનો મૂડી ખર્ચ ૧૦.૧ ટકા વધવાનો અંદાજ છે, જે રોકાણ પ્રવૃત્તિઓને વેગ આપશે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે RBIએ GDP ગ્રોથ અંદાજ ૬.૫ ટકા પર જાળવી રાખ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં GDP ગ્રોથ રેટ ૬.૫ ટકા નોંધવામાં આવ્યો હતો.

### ડેન્જર ઝોનની બહાર અનેક સ્થળોએ રાખ અને કાટમાળના ઢગલા

# ઈન્ડોનેશિયામાં જવાળામુખી ફાટવાથી હજારોનું સ્થળાંતર, ઉડ્ડયનો રદ કરાયા

### ઈન્ડોનેશિયામાં બુરા પેટા જિલ્લાના કેટલાક નાગરિકો જવાળામુખી ફાટવાની અસરથી બચવા માટે કોન્ગાની સ્થળાંતર માટેની જગ્યાઓએ જતા રહ્યા છે

। (એજન્સી) લેમ્બાટા (ઈન્ડોનેશિયા), તા.૧૯ ।



ઈન્ડોનેશિયાનો જવાળામુખી માઉન્ટ લેવોટોબિ લાકિ લાકિ ધુમાડાના ગોટેગોટા સાથે બુધવારે ફરીથી ફાટતા રાખના ઢગલા થઈ ગયા હતા. જવાળામુખી ફાટતા ગામોને ખાલી કરવા પડયા તથા બાલિના રિસોર્ટ ટાપુ ખાતે જતી-આવતી ફલાઈટો સાથેના વિમાન-ઉડ્ડયનો રદ કરવા પડયા.અગાઉ કેટલીક વાર જવાળામુખી ફાટતા મંગળવાર સાંજથી બુધવાર બપોર પછીના સમયગાળામાં આકાશમાં ૫૦૦૦ મીટર ઊંચે સુધી રાખ ઊડતી રહી હતી. મંગળવારે બપોર પછી ફાટેલા જવાળામુખીના પરિણામે આકાશમાં ૧૦,૦૦૦ મીટરની ઊંચાઈએ રાખના જાડા વાદળો રચાઈ ગયા હતા. એ વિશાળ થઈને બિલાડીના ટોપના આકારવાળા રાખના વાદળ બની રહ્યા હતા, જે ૧૫૦ કિલોમીટરના અંતરેથી જોઈ શકાતા હતા.મંગળવારે જવાળામુખી ફાટવા સંબંધી એલર્ટ મહત્તમ તીવ્રતા સાથે જારી કરાયું હતું. એ વખતે લોકોને જે સ્થળ છોડી દેવા માટે ભલામણ કરવામાં આવે છે એ જોખમી સ્થળ, જવાળામુખીના મુખથી આઠ કિલોમીટરના વિસ્તારમાં પથરાયું હતું. અધિકારીઓ, જવાળામુખી ફાટવાથી પડતા પત્થરોથી બચવા માટે, જવાળામુખીના મુખથી ૭ કિલોમીટરના અંતરે આવેલી માઉન્ટ લેવોટોબિ લાકિ લાકિની મોનિટરિંગ પોસ્ટથી પણ સ્થળાંતર કરી ગયા. દુર્ઘટનામાં કોઈનું મોત થયું નથી. રાખ અને કાટમાળ જોખમી ઝોનની બહાર અનેક સ્થળોએ વેરાયા, જેમાં બોરુ, હેવા અને વાટોબુકુના ગ્રામ્ય વિસ્તારોનો સમાવેશ થાય છે. બુરા પેટા જિલ્લાના કેટલાક નાગરિકો જવાળામુખી ફાટવાની અસરથી બચવા માટે કોન્ગાની સ્થળાંતર માટેની જગ્યાઓએ જતા રહ્યા, એમ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીએ કહ્યું.રિસોર્ટ ટાપુ બાલિને, ભારત, ચીન, ઓસ્ટ્રેલિયા તથા મલેશિયાના શહેરો સાથે જોડતા ડઝનબંધી ઉડ્ડયનોને બુધવારે રદ કરાયા છે.

## હવે વોટ્સએપ ચેટને પુરાવા તરીકે સ્વીકારાશે : હાઈકોર્ટનો ચુકાદો

### ફેમિલી કોર્ટ પાસે આવતા મોટાભાગના કોર્ટ કેસમાં જોવા મળ્યું છે કે લગ્ન બાહ્ય સંબંધોમાં મોટાભાગના કેસોમાં પુરાવા માંગવામાં આવે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

મધ્યપ્રદેશની હાઈકોર્ટે ઠરાવ્યું છે કે લગ્નજીવનને લગતા વિવાદોમાં ફેમિલી કોર્ટ વોટ્સએપ ચેટ્સને પણ પુરાવા તરીકે સ્વીકારી શકે છે, પછી ભલેને આ ચેટ તેના પાર્ટનરની પ્રાઈવસીનો ભંગ કરીને મેળવવામાં આવી હોય. મ.પ્ર.ની હાઈકોર્ટના ન્યાયાધીશ આશિષ શ્રોતીએ પતિને તેની પત્નીના લગ્ન બાહ્ય સંબંધોને સાબિત કરવા વોટ્સએપ ચેટ રજૂ કરવાને મંજૂરી આપતા આ વાત કહી હતી. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે સેક્શન-૧૪ રાઈટ ટુ પ્રાઈવસીને કોરાણે મૂકી દેવાને મંજૂરી આપે છે. કોર્ટે ચેતવણી આપી હતી કે જો પુરાવો પ્રાઈવસીનો ભંગ થયો હોવાના આધારે કોરાણે મૂકવામાં આવ્યો હોય કે બહાર રાખવામાં આવ્યો હોય તે સંજોગોમાં ફેમિલી કોર્ટ એક્ટની સેક્શન ૧૪ની જોગવાઈ બિનજરૂરી થઈ જાય છે. કોર્ટે જણાવ્યું હતું કે ફેમિલી કોર્ટોએ અહીં તે ધ્યાનમાં રાખવું જરૂરી છે કે તેની સ્થાપના અત્યંત સંવેદનશીલ કહી શકાય તેવા વ્યક્તિગત સંબંધોને લઈને થઈ છે. તેમા લગ્નવિચ્છેદ, વૈવાહિક અધિકારોની પુનઃસ્થાપના, બાળકોની અધિકૃતતા, વાલીપણુ, કસ્ટડી, સગીરોનું એક્સેસ જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ બધા માનવજીવનને સ્પર્શતા સંવેદનશીલ વિષયો છે. આ દરેક સંબંધોમાં ઉદ્ભવતા પ્રશ્નો કે વિવાદો ખાનગી અને એકદમ વ્યક્તિગત ધોરણે હોય છે અને તે એકદમ નાજુક બાબતો હોય છે. તેમા ઘણા બધા લાગણીજન્ય જોડાણો સામેલ હોય છે.ફેમિલી કોર્ટ પાસે આવતા મોટાભાગના કોર્ટ કેસમાં જોવા મળ્યું છે કે લગ્ન બાહ્ય સંબંધોમાં મોટાભાગના કેસોમાં પુરાવા માંગવામાં આવે છે. આ સંજોગોમાં ફેમિલી કોર્ટ એક્ટની સેક્શન ૧૪ કોર્ટને અધિકાર આપે છે કે કોર્ટને જો યોગ્ય લાગતું હોય કે તેને મળેલા પુરાવા કેસનો નીવેડો લાવવામાં અસરકારક રીતે મદદ કરી શકે છે તો તેને તે પુરાવા તરીકે લઈ શકે છે. પછી ભલેને તે ભારતીય પુરાવા ધારા કે ઈન્ડિયન એવિડન્સ એક્ટ હેઠળ સ્વીકાર્ય ન હોય. હાઈકોર્ટનું નિરીક્ષણ છે કે મૂળભૂત પ્રક્રિયા કાયદાકીય પ્રક્રિયા કે કેસ યોગ્ય રીતે ચાલે તે જોવાની છે અને જાહેર ન્યાયની માંગ છે કે પૂરો પાડવામાં આવેલો પુરાવો પ્રસ્તુત હોય તો પછી તે કેવી રીતે એકત્રિત કરવામાં આવ્યો હોય તે જોવું મહત્ત્વનું નથી.

### વૃદ્ધ દંપતીનો સાચો પ્રેમ જોઈને જ્વેલર ભાવુક થયો, મંગળસૂત્ર ભેટમાં આપ્યું

। (એજન્સી) જલના, તા.૧૯ ।

પ્રેમ ઉંમર નથી જોતો... તાજેતરના એક વીડિયોએ ફરી એકવાર આખી દુનિયાને આ વાતની ખાતરી કરાવી દીધી છે. મહારાષ્ટ્રના સંભાજીનગરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. જેમાં વૃદ્ધ દંપતીનો સાચો પ્રેમ જોઈને લોકોની આંખો ભીની થઈ રહી છે અને તેઓ આને સાચા પ્રેમનું ઉદાહરણ ગણાવી રહ્યા છે. આ વીડિયોમાં એક ૯૩ વર્ષીય વૃદ્ધ તેમની પત્ની માટે મંગળસૂત્ર લેવા માટે એક જ્વેલરી શોપ પર પહોંચે છે. બંનેએ સાથે મળીને એક સુંદર ગળાનો હાર અને મંગળસૂત્ર પસંદ કરે છે. વૃદ્ધના ચહેરા પરનું સ્મિત અને તેમની આંખોમાં ચમક જોઈને સ્પષ્ટ થાય છે કે તેમના હૃદયમાં હજુ પણ તેમની પત્ની માટે એટલો જ પ્રેમ અને સ્નેહ છે.વૃદ્ધ દંપતી નિવૃત્તિ શિંદે અને તેમની પત્ની શાંતાબાઈ જાલના જિલ્લાના અંભોરા જહાગીર ગામમાં એક નમ્ર ખેડૂત પરિવારના છે.

### GSTને લઈને ૧ જુલાઈથી લાગુ થશે નવો નિયમ

## હવે ત્રણ વર્ષ જૂનું પેન્ડિંગ GST રિટર્ન નહીં કરી શકો ફાઇલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ગુડ્સ એન્ડ સર્વિસિઝ ટેક્સ નેટવર્ક(GSTN)એ કરદાતાઓને એલર્ટ આપ્યું છે કે, ૧ જુલાઈ, ૨૦૨૫થી ત્રણ વર્ષ જૂના પેન્ડિંગ જીએસટી રિટર્ન ફાઈલ કરી શકાશે નહીં. આ નિયમ નાણા અધિનિયમ, ૨૦૨૩માં થયેલા સંશોધનના આધારે લાગુ કરવામાં આવશે. જેથી GSTNએ સલાહ આપી છે કે, કરદાતાઓ પોતાના પેન્ડિંગ GSTR-1, GSTR-3B અને GSTR-9 જેવા રિટર્ન દાખલ કરી શકશે નહીં. તે પોતાના રેકોર્ડ એકત્ર કરી ઝડપથી પેન્ડિંગ રિટર્ન ફાઈલ કરે. CBIC એ તેના ક્ષેત્રીય અધિકારીઓને પણ સૂચના આપી છે કે તેઓ કરદાતાઓને આ સમયમર્યાદા મુદ્દે માહિતી આપે, જેથી તેઓ સમયસર તેમના તમામ રિટર્ન ફાઈલ કરી શકે. ટેક્સ કન્સલ્ટન્ટે આ અંગે જણાવ્યું હતું કે, આ પગલાંથી કર પ્રણાલીમાં શિસ્ત વધશે, પરંતુ જે કરદાતાઓનું ફાઈલિંગ કાનૂની વિવાદ, તકનીકી સમસ્યા અથવા અજાણ્યા કારણોસર અટવાયેલું છે. તેમને ઈનપુટ ટેક્સ ક્રેડિટ(ITC)માં નુકસાન થઈ શકે છે. ખાસ પરિસ્થિતિઓ માટે કોઈ રાહત પદ્ધતિ વિના આવા કડક પ્રતિબંધથી પ્રામાણિક કરદાતાઓને નાણાકીય નુકસાન થઈ શકે છે. તેથી, આવી પરિસ્થિતિઓ માટે રિઝોલ્યુશન સિસ્ટમ હોવી જરૂરી છે જેથી કરદાતાઓને ન્યાય મળી શકે. GST પોર્ટલે એક નવી સલાહ જારી કરી છે, જે મુજબ જુલાઈ ૨૦૨૫થી, કરદાતાઓના GSTR-3Bમાં દેખાતી ઓટો-પોપ્યુલેટેડ ટેક્સ જવાબદારી સંપાદિત કરી શકાશે નહીં. હવે જો કરદાતાઓ તેમના GSTR-1 અથવા IFFમાં કોઈપણ ભૂલ સુધારવા માંગતા હોય, તો તેઓ GSTR-3B ફાઈલ કરતાં પહેલા નવા ફોર્મ GSTR-1Aનો ઉપયોગ કરીને સુધારા કરી શકે છે.

### અલવરમાં પુત્રની સામે પત્નીએ પ્રેમી સાથે મળી પતિની હત્યા કરી

। (એજન્સી) અલવર, તા.૧૯ ।

રાજસ્થાનના અલવર જિલ્લાના ખેડલી ક્ષેત્રમાં એક ક્રૂર ઘટના બની છે. અહીં પોતાના પુત્રની સામે જ પત્ની(અનીતા)એ પોતાના પ્રેમી સાથે મળીને પતિની હત્યા કરી દીધી હતી. આ ઘટનાને લઈને ૯ વર્ષીય પુત્રે ચોંકાવનારા ખુલાસા કર્યા છે. પોતાના પતિ માનસિંહ જાટવનું મોત તબિયત બગડી હોવાનું રટણ પત્ની અનીતા કરી રહી હતી. જોકે, પરંતુ ૪૮ કલાક પછી નવ વર્ષીય પુત્રે પોલીસને જણાવ્યું કે તેની માતા અનીતાએ જાણી જોઈને એ રાત્રે ઘરનો દરવાજો ખુલ્લો રાખ્યો હતો. રાત્રે લગભગ ૧૨ કલાકે ચાર લોકો એક વ્યક્તિની સાથે ઘરમાં ઘુસ્યા, એ એક વ્યક્તિને બાળક 'કાશી અંકલ' તરીકે જાણતો હતો. પાછળથી અલવર પોલીસે તપાસ કરી તો કાશી અંકલનું મૂળ નામ કાશીરામ પ્રજાપત, જે અનીતાનો પ્રેમી છે. બાળકે પોલીસને જણાવ્યું કે, મેં દરવાજાનો અવાજ સાંભળ્યો અને જોયું તો મમ્મી દરવાજો ખોલી રહી હતી.

### વિદ્યાર્થીઓના પરિવારજનોએ હાશકારો અનુભવ્યો

# યુદ્ધગ્રસ્ત ઈરાનમાં ફસાયેલા ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓને લઈને વિમાન દિલ્હી પહોંચ્યું

### ઈરાનમાં આશરે ૪,૦૦૦થી વધુ ભારતીય નાગરિકો છે, જેમાંથી લગભગ અડધા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।



ઈઝરાયલ અને ઈરાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. જેને લઈને ઈરાનમાંથી ભારતીય નાગરિકોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા અને ત્યાથી પરત લાવવા ભારત સરકારે 'ઓપરેશન સિંધુ' શરૂ કર્યું છે. ત્યારે ઈરાનમાંથી બહાર કાઢવામાં આવેલા ૧૧૦ ભારતીય વિદ્યાર્થીઓનું એક વિમાન ગુરુવારે (૧૯મી જૂન) વહેલી સવારે દિલ્હી પહોંચ્યું છે. આ વિદ્યાર્થીઓને પહેલા ઈરાનથી આર્મેનિયા લઈ જવામાં આવ્યા હતા, ત્યાથી તેમને ભારત પરત લાવવામાં આવ્યા હતા. આ વિદ્યાર્થીઓમાં ૯૦ જમ્મુ-કાશ્મીરના છે, જે મેડિકલનો અભ્યાસ કરતા હતા. વિદ્યાર્થીઓના પરિવારો દિલ્હી એરપોર્ટ પર તેમના બાળકોની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. રાજસ્થાનના કોટાથી આવેલા એક પિતાએ જણાવ્યું હતું કે, 'મારો પુત્ર ઈરાનમાં બેચલર ઓફ મેડિસિન અને બેચલર ઓફ સર્જરી ફ્રકરી રહ્યો હતો. ઈરાનમાં આશરે ૪,૦૦૦થી વધુ ભારતીય નાગરિકો છે, જેમાંથી લગભગ અડધા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે તે હવે ભારત સરકાર દ્વારા મોકલવામાં આવેલા ખાસ વિમાન દ્વારા પરત ફર્યો છે. હું ભારતીય દૂતાવાસનો આભાર માનું છું.'ઈરાનથી દિલ્હી પહોંચ્યા પછી વિદ્યાર્થી અમન અઝહરે જણાવ્યું હતુ કે, 'હું ખૂબ જ ખુશ છું. મારા પરિવારને મળ્યા પછી મને કેવું લાગે છે તે હું શબ્દોમાં વ્યક્ત કરી શકતો નથી. ઈરાનમાં પરિસ્થિતિ અત્યંત ખરાબ છે. ત્યાંના લોકો પણ આપણા જેવા જ છે, નાના બાળકો પણ મુશ્કેલીમાં છે. યુદ્ધ કોઈના માટે સારું નથી. તે માનવતાને ખતમ કરે છે.'ઉલ્લેખનીય છે કે, ઈરાનમાં ૪,૦૦૦થી વધુ ભારતીય નાગરિકો છે, જેમાંથી લગભગ અડધા વિદ્યાર્થીઓ છે. ભારત સરકાર ઈરાની અધિકારીઓ સાથે મળીને ત્યાં ફસાયેલા અન્ય નાગરિકોને સુરક્ષિત રીતે પરત લાવવા કામ કરી રહી છે.

### આઈઆઈટી દિલ્હીની મોટી છલાંગ

## દુનિયાની ટોપ યુનિવર્સિટીઓમાં ભારત દેશની ૫૦નો સમાવેશ

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ ૨૦૨૬ ની યાદી જાહેર કરવામાં આવી છે. ગયા વર્ષની સરખામણીમાં આ વખતે લગભગ ૫૦% ભારતીય યુનિવર્સિટીઓના રેન્કિંગમાં સુધારો થયો છે, જેમાં ભારતમાં IIT દિલ્હી ટોચ પર છે. વૈશ્વિક સ્તરે, મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (MIT) એ આ વર્ષે ૧૪મી વખત 'વર્લ્ડ બેસ્ટ યુનિવર્સીટી'નું સ્થાન જાળવી રાખ્યું છે. આ વર્ષે, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી દિલ્હી (IIT દિલ્હી) આ યાદીમાં ૧૨૩મા સ્થાને છે, વર્ષ ૨૦૨૫ માં તેનું સ્થાન ૧૫૦મુ હતું. આઠ વર્ષમાં પહેલી વાર, IIT દિલ્હી QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ ૨૦૨૬ માં IIT બોમ્બેને પાછળ છોડીને ટોચની યુનિવર્સીટી બની IIT બોમ્બે ગયા વર્ષે ભારતની ટોપ યુનિવર્સીટીમાં ૧૧૮મા રેન્કિંગ સાથે પ્રથમ સ્થાને હતું. જે હવે ૧૧ ક્રમ નીચે આવીને ૧૨૯મુ સ્થાન ધરાવે છે. આ ત્રણ પછી, IIT ખડગપુર અને IISc બેંગ્લોરે ચોથું અને પાંચમું સ્થાન મેળવ્યું છે. દિલ્હી યુનિવર્સિટી (DU) એ પણ તેના રેન્કિંગમાં સુધારો કર્યો છે. તે હવે ૩૨૮મા સ્થાને પહોંચી ગઈ છે, જ્યારે ગયા વર્ષે તે ૪૦૭મા સ્થાને હતી. આ વર્ષે ભારતની ૮ નવી યુનિવર્સીટીને રેન્કિંગમાં સામેલ કરવામાં આવી છે. જેના કારણે હવે ભારતની કુલ ૫૪ યુનિવર્સિટી QS રેન્કિંગ લિસ્ટમાં સામેલ છે. આ રીતે, ભારત ૫૪ યુનિવર્સિટી સાથે ચોથા સ્થાને છે, જે અમેરિકા (૧૯૨), યુકે (૯૦) અને ચીન (૭૨) પછી આવે છે.

# ગુજરાત યોગ બોર્ડના સફળ છ વર્ષ: ૧.૫ લાખ પ્રશિક્ષકોને તાલીમ, ૫૦૦૦થી વધુ દૈનિક સત્રો, ૫ લાખથી વધુ નાગરિકો નિયમિત યોગાભ્યાસ કરતા થયા



વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની દૂરંદેશીના પરિણામે આપણી પ્રાચીન પરંપરા સમા યોગને આજે વૈશ્વિક ઓળખ મળી છે. વડાપ્રધાનશ્રીના પ્રસ્તાવ બાદ ૨૦૧૪થી ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો અને વિશ્વભરના લોકોએ યોગને તેમના દૈનિક જીવનમાં અપનાવ્યું. ગુજરાત રાજ્યમાં યોગની પરંપરાને આગળ વધારવામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ (GSYB)નો ફાળો ખૂબ મહત્વપૂર્ણ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગના મંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ૨૧ જૂને ૬ વર્ષ પૂર્ણ કરવા જઈ રહ્યું છે. ૨૧ જૂન, ૨૦૧૯ના રોજ સ્થાપના થઈ ત્યારથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ રાજ્યના નાગરિકોની આરોગ્ય અને સુખાકારી સુનિશ્ચિત કરી રહ્યું છે.

**'વિકાસ ભી, વિરાસત ભી'ના વિઝનને સાકાર કરવામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડની નોંધનીય ભૂમિકા**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડે તેની સ્થાપનાના ૬ વર્ષમાં જ અભૂતપૂર્વ સીમાચિહ્નો હાંસલ કર્યા છે. માર્ચ ૨૦૨૫ સુધીમાં GSYBએ ૧.૫ લાખથી વધુ યોગ પ્રશિક્ષકોને તાલીમ આપી છે અને ૧,૫૦૦થી વધુ પ્રોફેશનલ કૉચને પ્રમાણિત કર્યા છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સમર્પિત પ્રયાસોના પરિણામે રાજ્યભરમાં ૫,૦૦૦થી વધુ સ્થળોએ દૈનિક યોગાભ્યાસની એક પ્રથા શરૂ થઈ છે અને ૫ લાખથી વધુ નાગરિકોને તેનો લાભ મળી રહ્યો છે. યોગના વારસા દ્વારા નાગરિકોનો વ્યક્તિત્વ વિકાસ સુનિશ્ચિત કરીને GSYB વડાપ્રધાનશ્રીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના વિઝનને સાકાર કરવામાં ખૂબ નોંધપાત્ર યોગદાન આપી રહ્યું છે.

**ગુજરાત રાજ્ય યોગ બોર્ડના નામે નોંધાયા છે બે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ**

યોગને જીવનશૈલીનો ભાગ બનાવવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડે શરૂ કરેલા અભિયાનને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસા પ્રાપ્ત થઈ છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૩ નિમિત્તે ગુજરાત યોગ બોર્ડ દ્વારા સુરતમાં આયોજિત યોગ સત્રમાં ૧,૪૭,૯૫૨ લોકોએ ભાગ લીધો હતો. વિશ્વમાં આટલી બહોળી સંખ્યામાં લોકોએ યોગાભ્યાસ કર્યો હોય તેવું આ પહેલીવાર થયું હતું અને આ વિક્રમ ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયો હતો. ત્યારબાદ ૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ બીજો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બન્યો, જેમાં ૫૦,૦૦૦થી વધુ લોકોએ પ્રતિષ્ઠિત મોઢેરા સૂર્ય મંદિર સહિત ૧૦૮ સ્થળોએ એક સાથે સૂર્ય નમસ્કાર કર્યા હતા. ગુજરાત યોગ બોર્ડ દ્વારા આયોજિત યોગ શિબિર અને યોગોત્સવ-૨૦૨૩ જેવા કાર્યક્રમોમાં અમદાવાદ, વડોદરા અને અનેક ગ્રામીણ વિસ્તારોમાંથી લાખો લોકોએ ભાગ લીધો છે. આ ઉપરાંત, વિશેષ સમર કેમ્પના માધ્યમથી બાળકોને યોગનો પરિચય થયો છે અને બાળપણથી જ સ્વસ્થ દિનચર્યા કેળવવાનું પ્રોત્સાહન મળ્યું છે. 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાનમાં GSYBની મહત્વપૂર્ણ ભૂમિકા ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં શરૂ થયેલ 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાનમાં ગુજરાત યોગ બોર્ડની ભૂમિકા મહત્વની છે. ગુજરાત યોગ બોર્ડ અંતર્ગત યોગાભ્યાસ દ્વારા દીપ્તિબેન ધોળકિયાએ ચાર મહિનામાં ૧૫ કિલો વજન ઘટાડ્યું છે. લોકોની સુખાકારીમાં વધારો કરવાની સાથે ગુજરાત યોગ બોર્ડ ૫,૦૦૦ ટ્રેનર્સને માસિક સ્ટાઈપેન્ડ આપીને નિયમિત રોજગારી પણ સુનિશ્ચિત કરી રહ્યું છે. યોગ વ્યાવસાયિકોને પ્રમાણિત કરવા માટે GSYBને યોગ પ્રમાણપત્ર બોર્ડ દ્વારા સત્તાવાર રીતે મંજૂરી આપવામાં આવી છે, જે તાલીમની ગુણવત્તા સુનિશ્ચિત કરે છે.

**GSYB ગુજરાતને આધ્યાત્મિક અને સુખાકારીનું કેન્દ્ર બનાવવા માટે પ્રતિબદ્ધ**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં યોગનો પ્રસાર કરવાનું, દૈનિક ૫૦,૦૦૦ વર્ગો અને ૧૦ લાખ પ્રેક્ટિશનરોને તાલીમ આપવાનું લક્ષ્ય ધરાવે છે. આ ઉપરાંત, GSYB રાજ્યમાં ૫૧ સ્થળોએ "યોગ નિલયમ" સ્ટુડિયો સ્થાપિત કરવાની યોજના પણ ધરાવે છે. અડધા દાયકાથી વધુ સમયથી કાર્યરત ગુજરાત યોગ બોર્ડ લોકોના આરોગ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપીને ગુજરાતને આધ્યાત્મ અને સુખાકારીનું કેન્દ્ર બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

## ગુજરાતમાં ૨૫ જૂન સુધી ભારે વરસાદની આગાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

રાજ્યના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિત મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ ધોધમાર વરસાદી માહોલ જામ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૨૫ જૂન સુધી ભારેથી અતિભારે વરસાદને પગલે યલો-ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે. જેમાં આજે ગુરુવારે નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લામાં અત્યંત ભારે વરસાદને પગલે રેડ ઍલર્ટ જાહેર કરાયું હતું. આ સાથે અન્ય ૧૮ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. ચાલો જાણીએ આગામી ૬ દિવસ કેવો રહેશે વરસાદી માહોલ. હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં આજે સુરત, તાપી, ભરુચ, મહીસાગર, દાહોદ જિલ્લામાં ઑરેન્જ ઍલર્ટ અને અમદાવાદ, ગાંધીનગર, ખેડા, વડોદરા, પંચમહાલ, છોટા ઉદેપુર, નર્મદા, આણંદ, અરવલ્લી, બોટાદ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ જિલ્લામાં ભારે વરસાદને પગલે યલો ઍલર્ટ જાહેર કર્યું હતું.

## ૨૩ તારીખે પરિણામ જાહેર થશે

# કડી તેમજ વિસાવદરમાં શાંતિપૂર્ણ રીતે મતદાન સંપન્ન

### કડીમાં કુલ ૫૪.૫૯ ટકા મતદાન નોંધાયું છે જ્યારે વિસાવદરમાં ૫૪.૬૧ ટકા મતદાન નોંધાયું છે

।(એજન્સી) કડી-વિસાવદર, તા.૧૯।

કડી અને વિસાવદરમાં પેટાચૂંટણીનું મતદાન હવે પૂર્ણ થયું છે. જેમાં સાંજના ૫ વાગ્યા સુધીમાં કડીમાં કુલ ૫૪.૫૯ ટકા મતદાન નોંધાયું છે. જ્યારે વિસાવદરમાં ૫૪.૬૧ ટકા મતદાન નોંધાયું છે. જોકે આ અંદાજિત આંકડાઓ છે હજુ સુધી ચોક્કસ આંકડા સામે નથી આવ્યા.



આજે થયેલા મતદાનમાં કડીમાં એક બે માથાકૂટ થઈ હતી. એકંદરે શાંતિના માહોલમાં મતદાન પૂર્ણ થયું છે. ઈવીએમ મશીનોને સીલ કરી દેવામાં આવ્યા છે અને હવે આગામી ૨૩ તારીખના રોજ પેટાચૂંટણીના પરિણામ જાહેર થશે.

મતદાન પૂર્ણ થયા બાદ રાજકીય પક્ષો દ્વારા પોતે જીત્યા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. બંને જગ્યાએ આજે મતદાનને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મતદારોએ મત આપીને તેમની ફરજ પૂર્ણ કરી છે. છેલ્લા કેટલાય સમયથી આ પેટાચૂંટણીની તૈયારી ચાલી રહી હતી. જેમાં દરેક પક્ષ દ્વારા એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું હતું. જોકે હાલ શાંતિપૂર્ણ તબક્કામાં મતદાન પૂર્ણ થયું છે. કડી વિધાનસભા પેટાચૂંટણીમાં અંદાજિત આંકડા કરતા વધારે મતદાન થયું હોવાનું સામે આવ્યું છે.

આ બેઠક પર ભાજપ અને કોંગ્રેસ સહિત કુલ ૮ ઉમેદવારોનું ભાવી ઈએવીએમમાં સીલ થઈ ગયું છે. ૬ વાગ્યા બાદ અહીંયા કોંગ્રેસ ભાજપના ઉમેદવારો એકબીજાને હાથ મળાવીને ભેટ્યા હતા. સાથે જ કોણ હારશે અને કોણ જીતશે તેને લઈને એકબીજાને ટોણા પણ માર્યા હતા. બીજી તરફ ૪ વર્ષ બાદ વિસાવદરમાં યોજાયેલી વિધાનસભાની પેટા ચૂંટણીમાં મતદારો વરસાદની માફક ધોધમાર વરસી પડ્યા હતા. સૌથી હાઈ પ્રોફાઈલ જંગમાં પોતાના નેતાની પસંદગી કરવા માટે સવાર જ મતદારોએ મતદાન મથક બહાર લાઈન લગાવી દીધી હતી. વિસાવદરના તમામ મતદાન મથકો બહાર મતદારોમાં જબરો ઉત્સાહ જોવા મળ્યો હતો. પહેલા મતદાન પછી જ વાવણી કરવા જવાનું નક્કી કરી લેતા ૨૯૪ મતદાન મથકો મતદારોથી ઉભરાયા હતા. જેથી અહીંયા ચૂંટણીને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

# અમદાવાદ પ્લેન ક્રેશ બાદ સરકારની નિયમો બદલવા માટેની તૈયારી

### મંત્રાલયે વિમાન સલામતી માટે જોખમ ઊભું કરતી ભૌતિક રચનાઓ પર નિયંત્રણ કડક બનાવવા નવા ડ્રાફ્ટ નિયમો રજૂ કર્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદમાં ૧૨મી જૂને એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થવાથી દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં ૨૭૯ લોકો મોતને ભેટ્યા છે. આ દુર્ઘટના બાદ નાગરિક ઉડ્ડયન મંત્રાલયે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મંત્રાલયે વિમાન સલામતી માટે જોખમ ઊભું કરતી ભૌતિક રચનાઓ પર નિયંત્રણ કડક બનાવવા માટે નવા ડ્રાફ્ટ નિયમો રજૂ કર્યા છે. ૧૨ જૂનના દિવસે અમદાવાદથી લંડન જતી વખતે એર ઈન્ડિયાનું એક વિમાન ક્રેશ થયું હતું. વિમાને અમદાવાદ ઍરપોર્ટથી ઉડાન ભરી હતી અને થોડા અંતર પછી, વિમાન બીજે મેડિકલ કૉલેજની હોસ્ટેલ સાથે અથડાયું હતું અને તેમાં આગ લાગી હતી. આ અકસ્માતમાં, વિમાનમાં સવાર ૨૪૨ લોકોમાંથી ૨૪૧ લોકોના મોત થયા હતા. આ ઘટના બાદ, કેન્દ્ર સરકાર હવે કડક પગલાં લઈ રહી છે. નવા ડ્રાફ્ટ નિયમોને એરક્રાફ્ટ-૨૦૨૫ નામ આપવામાં આવ્યું છે. આ નિયમો ગેઝેટમાં પ્રકાશિત થતાં જ અમલમાં આવશે. તેનો હેતુ અધિકારીઓને ઍરપોર્ટની આસપાસના નિયુક્ત વિસ્તારોમાં ઊંચાઈ મર્યાદા કરતાં વધુ ઈમારતો અને વૃક્ષો પર તાત્કાલિક કાર્યવાહી કરવા માટે સશક્ત બનાવવાનો છે. આ પહેલને ફ્લાઈટ પાથમાં અવરોધોને કારણે થતાં અકસ્માતોને રોકવા માટેના એક સક્રિય પગલા તરીકે જોવામાં આવી રહ્યું છે.

ડ્રાફ્ટ નિયમો હેઠળ, જો કોઈ માળખું નિર્ધારિત ઊંચાઈથી ઉપર હોવાનું જણાય, તો સંબંધિત વિસ્તારના પ્રભારી અધિકારી દ્વારા નોટિસ જાહેર કરવામાં આવશે. મિલકત માલિકે ૬૦ દિવસની અંદર સાઈટ પ્લાન અને માળખાના માપન સહિત અન્ય વિગતો સબમિટ કરવાની રહેશે.

## ધોધમાર વરસાદથી નિકોલમાં પાણી ભરાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાતમાં ચોમસાની જબરદસ્ત રીતે તોફાની એન્ટ્રી થઈ છે, કેટલાક વિસ્તારોમાં વાવણીલાયક વરસાદ છે તો વળી કેટલાક વિસ્તારોમાં વરસાદ આફતરૂપ બન્યો છે. ગઈરાત્રે પડેલા ભારે વરસાદે અમદાવાદના તંત્રની પોલ ખોલી નાંખી છે. ભારે વરસાદથી અમદાવાદના મોટાભાગના વિસ્તારમાં પાણી ભરાયા છે. જેમાં સૌથી વધુ પૂર્વ વિસ્તારમાં લોકોને હાલાકી પડી રહી છે. નિકોલ જળબંબાકાર થયુ છે તો વિરાટ નગરમાં હજુ પણ પાણી ભરાઈ રહેતા લોકોને હાલાકી પડી રહી છે. અમદાવાદમાં મોડી રાતે વીજળીના કડાકાભડાકા સાથે ધોધમાર વરસાદ ખાબક્યો હતો જેના કારણે પૂર્વ વિસ્તારોમાં લોકોને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. નિકોલમાં તમામ રોડ રસ્તા પર પાણી ફરી વળ્યા જેના કારણે ઓફિસ જતા આવતા લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અમદાવાદના નારોલમાં તો રસ્તા પર જાણે નદી વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા.નારોલ થી વિશાલ તરફ જતા રસ્તા પર ઘૂંટણ સમા પાણી ભરાયા હતા.

## અમદાવાદ-લંડન સહિત એક દિવસમાં ૯ ફ્લાઇટ રદ થઇ

# અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ એર ઇન્ડિયાના બુકિંગમાં ૨૫ ટકાનો ઘટાડો

### અમદાવાદથી લંડન જવા માટે એર ઇન્ડિયા ઉપરાંત ઘણી એરલાઇન્સના વિકલ્પ છે, જોકે, તેમાં કનેક્ટ ફ્લાઇટમાં થોડો વધારે સમય લાગતો હોય છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।



અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની ડ્રીમલાઈનર ફ્લાઈટ દુર્ઘટનાગ્રસ્ત થતા મુસાફરો, ક્રૂ મેમ્બર સહિત તબીબો અને સ્થાનિકોના મૃત્યુ થયા છે. આ દુર્ઘટનાના વાયરલ વીડિયોને લઈને લોકો વિમાની મુસાફરી કરતા પણ ડરી રહ્યા છે. તેમાંય એર ઈન્ડિયાની ફ્લાઈટના બુકિંગમાં ૨૫ ટકાનો ઘટાડો નોંધાયો હોવાનું ટૂર ઓપરેટરો જણાવી રહ્યા છે. દુર્ઘટના બાદ એર ઈન્ડિયા દ્વારા જ ઘણી ફ્લાઈટ રદ કરાઈ હતી. તો બીજી તરફ મુસાફરો પોતાની ટિકિટો કેન્સલ કરાવી રહ્યા છે. અમદાવાદથી લંડન જવા માટે અન્ય એરલાઈન્સની સરખામણીમાં એર ઈન્ડિયાનું ભાડું ૧૦-૧૫ હજાર ઓછું છે. તેમ છતાં લોકો હાલ અન્ય એરલાઈન્સમાં બુકિંગ કરાવી રહ્યા છે. બીજી તરફ આ માત્ર એક અકસ્માત જ હતો તેમ માનીને ઘણા લોકો પોતાની ટિકિટ રિશિડ્યૂલ પણ કરાવી રહ્યા છે.અમદાવાદથી લંડન જવા માટે એર ઈન્ડિયા ઉપરાંત ઘણી એરલાઈન્સના વિકલ્પ છે. જોકે, તેમાં કનેક્ટ ફ્લાઈટમાં થોડો વધારે સમય લાગતો હોય છે. એર ઈન્ડિયા કરતા અન્ય એરલાઈન્સના ભાડા પણ વધારે છે, તેમ છતાં મુસાફરો હવે વધારે ભાડા ખર્ચીને અન્ય ફ્લાઈટમાં જવાનું પસંદ કરી રહ્યા છે. અમદાવાદના જુદા જુદા ટૂર ઓપરેટરો પાસેથી જાણવા મળતી માહિતી મુજબ, વિમાન દુર્ઘટના બાદ છેલ્લા અઠવાડિયામાં એર ઈન્ડિયાની ફ્લાઈટમાં ટેકનિકલ ખામી સહિતની ઘણી ફરિયાદો ઊઠી હતી. સોમવારે અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ છેલ્લા સમયે રદ કરવાની જાહેરાત કરતા મુસાફરો એરપોર્ટ પર અટવાયા હતા. આ તમામ કારણોસર ડરી ગયેલા મુસાફરોએ એર ઈન્ડિયાની સંખ્યાબંધ ફ્લાઈટ રદ કરાવી હતી.

જ્યારે નવા બુકિંગ પણ ઘટી રહ્યા છે. વિમાન દુર્ઘટના બાદ એર ઈન્ડિયાના બુકિંગમાં ૨૫ ટકાનો ઘટાડો થયો હોવાનું ટૂર ઓપરેટરોનું કહેવું છે.

## સેન્ટ્રલ બેંક ૮૦ હજાર ડેબિટ કાર્ડ અને ૩૩૫ માઈક્રો એટીએમ અપાશે

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

વડોદરા જિલ્લાની મેરાકુવા દૂધ મંડળીમાં મૃતકોના નામે દૂધ ભરી પેમેન્ટ કરવાના પ્રકરણ બાદ વડોદરા જિલ્લાની સૌથી મોટી સહકારી સંસ્થા બરોડા સેન્ટ્રલ કો ઓપરેટિવ બેંક દ્વારા તમામ પેમેન્ટ એટીએમથી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બરોડા સેન્ટ્રલ બેંકની આજે ૧૧૨મી એજીએમ મળી હતી. જેમાં ૩૪ વર્ષ બાદ બેંક નફો કરતી થઈ હોવાથી સભાસદોને ૯ ટકા ડિવિડન આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. બરોડા સેન્ટ્રલ કો ઓપરેટિવ બેંક દ્વારા દૂધ મંડળીઓમાં દૂધ કરતા સભાસદોને પણ બરોડા ડેરી વતી પેમેન્ટ કરવામાં આવે છે. જે દરમિયાન સાવલી તાલુકાના મેરાકુવા દૂધ મંડળીમાં મૃતકોના નામે દૂધ ભરી રોકડ રકમ ચૂકવવામાં આવ્યું હોવાનો બનાવ બનતા પોલીસ ફરિયાદ થઈ હતી. આ પ્રકરણ બાદ બરોડા સેન્ટ્રલ બેંક ની એજીએમમાં તમામ પ્રકારનું પેમેન્ટ ઓનલાઈન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બેંક દ્વારા સભાસદોને ૮૦ હજારથી વધુ ડેબિટ કાર્ડ તેમજ મંડળીઓને ૩૩૫ માઈક્રો એટીએમ કાર્ડ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## ગુજરાતમાં ચોમાસાએ સત્તાવાર રીતે પ્રવેશ કર્યો

# અમદાવાદમાં મધરાતે મેઘરાજાનું મેઘતાંડવ સર્જાયું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાતમાં ચોમાસાએ સત્તાવાર રીતે પ્રવેશ કરી લીધો છે. આજે નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં ભારે વરસાદની શક્યતાને લઈને યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

રાજ્યમાં ચોમાસાની સત્તાવાર શરૂઆત સાથે જ અમદાવાદમાં મોડી રાત્રે ગાજવીજ અને વીજળીના કડાકા સાથે ભારે વરસાદ શરૂ થયો હતો. ભારે વરસાદને કારણે શહેરમાં ઘણી જગ્યાએ પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે વહેલી સવારે ઓફિસ જતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તે જ સમયે, ડાંગમાં શિવઘાટ ધોધ વહેતો રહે છે. જ્યારે આજે સવારે ૧૦ વાગ્યા સુધી રાજ્યના ૧૨ જિલ્લાઓમાં રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. જેમાં ગુજરાત રાજ્યના આણંદ, દાહોદ, મહિસાગર, અરવલ્લી, સાબરકાંઠા, ભરૂચ, સુરત, ભાવનગર, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદર અને નગર હવેલી જેવા જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત રાજ્યના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, ખેડા, પંચમહાલ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, અમદાવાદ, સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી, દીવ, ગીર સોમનાથ, રાજકોટ, મોરબી, કચ્છ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ મધ્યમ વરસાદનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

રાજ્ય સરકાર દ્વારા

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"

(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

જૂન -૨૦૨૫ માસમાં જુલાઈ અને ઑગસ્ટ -૨૦૨૫ મહિનાનું વિતરણ તારીખ ૩૦/૦૬/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"

અંતર્ગત જુલાઈ-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના **વિનામૂલ્યે** વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"

અંતર્ગત ઑગસ્ટ-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના **વિનામૂલ્યે** વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |

જૂન-૨૦૨૫ રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા.( ) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | 30 |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા.<br>૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૪ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૫ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

- અગત્યની સૂચના

- જૂન માસમાં PMGKAY (NFSA) યોજના હેઠળનો જુલાઈ અને ઑગસ્ટ માસનો ઘઉં અને ચોખાનો જથ્થો તથા રાજ્ય સરકાર તરફથી વિતરિત કરવામાં આવતા જૂન માસના તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના જથ્થાનું વિતરણ જૂન માસમાં કરવામાં આવશે. જેના માટે દરેક કાર્ડધારકે કુલ-૩ વાર આધાર આધારિત ઑથેન્ટિકેશન કરવાનું રહેશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

➡ રાજ્ય ચૂંટણી પંચની તા.૦૭/૦૬/૨૦૨૫ અને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી ગુજરાત રાજ્યની તા.૧૧/૦૬/૨૦૨૫ થી પ્રસિદ્ધિ માટે મંજૂરી મેળવવામાં આવેલ છે

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે.


## વતનમાં ગયેલા વેપારીના બંધ ઘરમાં તસ્કરો ત્રાટક્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

શહેરના ઉસ્માનપુરાની વિદ્યાનગર સોસાયટીમાં આવેલા એક બંગલોમાં ઘૂસેલા તસ્કરોએ એસીનું આઉટડોર કાઢીને ૧૬ લાખની ચોરીને અંજામ આપ્યો હતો. તેવામાં હવે સાયન્સ સિટી સામે આવેલા સ્વામિનારાયણ મંદિર પાછળના હાર્મની સ્ટેટસ બંગલોઝમાં પણ ચોરીનો બનાવ બનવા પામ્યો છે. અહીં આવેલા એક બંગલોમાં રહેતા વેપારી વતનમાં ગયા હતા ત્યારે બંધ મકાનને ટાર્ગેટ કરીને તસ્કરોએ પાછળના દરવાજામાંથી ઘૂસીને રૂ. ૮.૬૯ લાખની મતાના ૩૪૭ ગ્રામથી વધુના સોનાના દાગીનાની ચોરીને અંજામ આપ્યો હતો. સોલા પોલીસે ગુનો નોંધી રોડ પરના સીસીટીવી તપાસતા મધરાત્રે ચાર ચોરની અવર જવર દેખાતા તપાસ હાથ ધરી છે. મૂળ સુરેન્દ્રનગરના ભાવેશભાઈ પટેલ વતનમાં ફેક્ટરી ધરાવે છે અને જમીન દલાલીનું કામ કરે છે.

## ઇન્ટરનેશનલ ફ્લાઇટમાં ૧૫ ટકાનો ઘટાડો કરાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

ટાટા ગ્રૂપની માલિકીની એર ઈન્ડિયાએ જાહેરાત કરી હતી કે તે આગામી થોડા અઠવાડિયા માટે તે આંતરરાષ્ટ્રીય સ્તરે મોટા વિમાનોના સંચાલનમાં ૧૫ ટકાનો ઘટાડો કરશે. આ ઘટાડો તાત્કાલિક અસરથી શરુ થયો છે અને જુલાઈ મહિનામાં લાગુ થઈ જશે. નોંધનીય છે કે, અમદાવાદ વિમાન દુર્ઘટના અને બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનરમાં સુરક્ષા તપાસને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અહેવાલો અનુસાર, એર ઈન્ડિયા તેના વાઈડ-બોડી એરક્રાફ્ટ એટલે કે બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર, બોઈંગ ૭૭૭ અને એરબસ ૭૩૫૦થી દરરોજ લગભગ ૭૦ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સનું સંચાલન કરે છે. જોકે, પશ્ચિમી દેશોના રૂટ પર તાજેતરમાં એરસ્પેસ બંધ થવાને કારણે ફ્લાઈટનો સમય વધ્યો છે, જેના કારણે વિમાનોની ઉપલબ્ધતા પર અસર પડી છે. ઉપરાંત ૧૨મી જૂને અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ **AI171**ના અકસ્માત પછી બોઈંગ ૭૮૭ વિમાનોની સુરક્ષા તપાસ કરવામાં આવી રહી છે, જેના કારણે આ વિમાનોની ઉડાન ક્ષમતા મર્યાદિત થઈ ગઈ છે. બીજી જૂનથી ૧૭મી જૂન દરમિયાન વાઈડ-બોડી એરક્રાફ્ટ સાથે કુલ ૫૪૫ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સનું સંચાલન કરવાની હતી. તેમાંથી ફક્ત ૪૬૨ ફ્લાઈટ્સ પૂર્ણ થઈ શકી હતી, જ્યારે ૮૩ ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી. આ આંકડો ૧૫.૨% રદ કરવાનો દર દર્શાવે છે. આ આંકડાઓના આધારે, એર ઈન્ડિયાએ તેના શેડ્યૂલમાં ફેરફાર કર્યો છે અને નક્કી કર્યું છે કે વર્તમાન ક્ષમતા અનુસાર ૧૫ ટકા ફ્લાઈટ્સ ઘટાડવામાં આવશે. ઉલ્લેખનીય છે કે જઈએ કે, ગુરુવારે અમદાવાદમાં અત્યાર સુધીની સૌથી મોટી વિમાન દુર્ઘટના સર્જાઈ હતી. આ અકસ્માતમાં વિમાનમાં સવાર ૨૪૨ લોકોમાંથી ૨૪૧ લોકોના મૃત્યુ થયા હતા. જોકે, એક વ્યક્તિ જીવિત રહી હતી.

## ગુજરાતના રાશન કાર્ડ ધારકો માટે જરૂરી ખબર

# સાચા રેશનકાર્ડ ધારકોએ લાભ લેવા માટે e-KYC કરાવવું જરૂરી

### સાચા લાભાર્થીની ઓળખ પ્રસ્થાપિત કરીને તેમને પૂરતો અનાજનો જથ્થો સમયસર મળી રહે તે માટે સરકારે e-KYCનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

રાજ્યમાં અત્યાર સુધીમાં ૩.૧૪ કરોડ એટલે કે ૮૫.૮૦ ટકા **NFSA** રેશનકાર્ડ ધારકોએ **e-KYC** પૂર્ણ કર્યુ છે. જેમાં ૫,૭૦,૩૬૩ બાળકો તથા ૯૨,૪૨૧ સભ્યો, ૭૦ વર્ષથી મોટી ઉંમરના લાભાર્થીઓ ઉમેરાતા કુલ ૮૮ ટકા જેટલું **e-KYC** પૂર્ણ થયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શનમાં રાજ્યભરમાં ચાલુ જૂન માસમાં જથ્થાની ફાળવણી સામે કુલ ૯૩.૪૦ ટકા અનાજ વિતરણ કરાયું છે.

સરકાર પાત્રતા ધરાવતા તમામ સાચા રેશનકાર્ડ ધારકોને લાભ આપવા માટે હંમેશા કટિબદ્ધ છે. સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓની ખરાઈ કરવા માટે આધાર આધારિત ચકાસણી કરવાની પ્રક્રિયા એટલે **e-KYC** તેમ અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું. મંત્રી કુંવરજીએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, નામદાર સુપ્રિમ કોર્ટના તા.૧૧ ડિસેમ્બર-૨૦૨૩ અને તા.૧૯ માર્ચ-૨૦૨૪ના હુકમ તથા કેન્દ્ર સરકારના તા.૧૭ માર્ચ-૨૦૨૩ના પત્ર અન્વયે, રાજ્યના રેશનકાર્ડ લાભાર્થીની ખરાઈ કરવા, સાચા લાભાર્થીને લાભો પ્રાપ્ત થાય અને રેશનકાર્ડ લાભાર્થીઓનું ડુપ્લીકેશન ઘટે તે માટે **e-KYC**ની કામગીરી છેલ્લા ૧.૫ વર્ષથી કરવામાં આવી રહી છે.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્ય સરકારે રેશનકાર્ડ ધારકોના **e-KYC**ની કામગીરી ઘરે બેઠા **"My Ration"** મોબાઈલ એપ્લિકેશનથી, નજીકનાં મામલતદાર/ ઝોનલ ઓફિસ, ગ્રામ પંચાયત ખાતે ફ.ઝ.ઈ. દ્વારા, વાજબી ભાવનાં દુકાનદારો દ્વારા, શાળા/કોલેજના શિક્ષક અથવા સરકારી કર્મચારી દ્વારા **"PDS Plus"** મોબાઈલ એપ્લિકેશનથી થાય તેવી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ ઉપરાંત **e-KYC**ની કામગીરી વધુ ઝડપી અને સરળ રીતે થઈ શકે તે માટે પોસ્ટ વિભાગ મારફત પોસ્ટમેન ઘરે-ઘરે જઈને **NFSA** હેઠળના રેશનકાર્ડ લાભાર્થીઓનું **"PDS Plus"** મોબાઈલ એપ્લિકેશન વડે **e-KYC** કરાવી શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.